વર્ષ : ૬૧ ■ અંક : ૮ ■ તા.૧૬-૪-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## સાવચેતી અને સલામતી સાથે મહામારીનો મહામુકાબલો નિર્ણાયક તબક્કામાં...

## જન-જનમાં છે વિશ્વાસ, હારશે કોરોના, જીતશે ગુજરાત





# કોરોના સામે સાવચેતી તમારી, સારવારની વ્યવસ્થા અમારી

- ગુજરાત સરકાર



| | |
|---|---|
| કોરોનાથી સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા | ૩,૨૯,૭૮૧ |
| અત્યાર સુધી રાજ્ય સરકાર દ્વારા ખરીદ કરવામાં આવેલ રેમડેસિવીર ઈન્જેકશન | ૭,૭૯,૩૦૦ |
| રાજ્યભરમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કુલ બેડની સંખ્યા | ૭૬,૪૫૭ |
| રાજ્યમાં અત્યાર સુધી કુલ આપવામાં આવેલા વેક્સિનના ડોઝ | ૧,૦૧,૬૫,૯૮૦ |
| રાજ્યમાં સેવા આપી રહેલા કુલ આરોગ્ય કર્મચારીઓ અને આશા વર્કર | ૧,૪૯,૦૦૦ |
| રાજ્યમાં હાલમાં કાર્યરત ધન્વંતરી આરોગ્ય રથ અને સંજીવની રથ | ૩,૦૦૦ |
| રાજ્યમાં સરેરાશ પ્રતિદિન કરવામાં આવી રહેલા કોરોના ટેસ્ટ | ૧,૫૫,૦૦૦ |

## ઓક્સિજન

પંદર દિવસ પહેલા પ્રતિદિન ૧૫૦ મેટ્રીક ટન ઓક્સિજનનો ઉપયોગ થતો હતો, જે આજે વધીને ૭૩૦ મેટ્રીક ટન ઓક્સિજન સુધી પહોંચ્યો છે.

ચાર મહાનગરોમાં ઓક્સિજનના કુલ ઉત્પાદનના ૧૦૦% તથા અન્ય જિલ્લા-કોર્પોરેશનમાં કુલ ઉત્પાદનના ૭૦% ઓક્સિજન દર્દીઓને મળે તે માટે સરકારે વ્યવસ્થા કરી છે.

**કોરોનાથી ડરવાની જરૂર નથી પણ તેનાથી બચવા માટે પૂરેપૂરી સાવચેતી રાખવી જરૂરી છે**

(પ્રથમ પ્રસિદ્ધ તા. 19/04/2021)

Gujarat
The Reliable fortnightly of Gujaratis
Year : 61 ▪ Issue : 8 ▪ Date 16-4-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- નવા ચૂંટાયેલા પદાધિકારીઓ-લોક પ્રતિનિધિઓ કોરોના કાળમાં સેવા કરવામાં લાગી જાય. આ સેવાની ઉત્તમ તક છે.
- '૫૨ મિલિયન વેક્સિનેશન' સાથે રેમડેસિવીર ઇન્જેક્શનની ઉપલબ્ધતામાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે.
- સંસાધનોની મર્યાદા વચ્ચે 'વ્યથા નહીં વ્યવસ્થા'ના અભિગમથી નગરપતિઓ સેવાકાર્યની પ્રાથમિકતાઓ નક્કી કરે.
- કોરોના મહામારી સામેની લડત જનભાગીદારીથી જ જીતી શકાશે.
- ગામોમાં કોરોના ટેસ્ટિંગ માટે લોક ભાગીદારી કરી શકાય. મહત્તમ ટેસ્ટિંગ અને વેક્સિનેશનનો ગામ લોકો સંકલ્પ કરે.
- "મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ" એ ધ્યેયમંત્ર સાથે જનપ્રતિનિધિઓ આગળ આવી ટેસ્ટિંગના કાર્યમાં સહયોગી બને.
- ગુજરાતમાં જીડીસીઆરના નિયમો અને જોગવાઈઓનું ચુસ્ત પાલન થઈ રહ્યું છે.
- સમાજના સંતો, ધર્મના વડાઓ અને સરકારના સંયુક્ત પ્રયાસોથી કોરોના હારશે, ગુજરાત જીતશે.
- નવી શિક્ષણ નીતિ નયા ભારતના નિર્માણની સાથે સાથે સંશોધન-રોજગારી ક્ષેત્રે પ્રોત્સાહન આપનારી બની રહેશે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સમાજના વંચિત વર્ગના યુવાનોને શિક્ષણની મુખ્યધારામાં જોડે છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)



12 કવર સ્ટોરી નાગરિકોએ સાવચેતી અને સાવધાની રાખીને મહામારીનો સામનો કરવો પડશે

6 સાથ સૌનો...
સમાજને કોરોનાના સંક્રમણમાંથી મુક્ત બનાવવા સરકાર સાથે સમાજ - શ્રેષ્ઠીજનો સહભાગી બને

8 સંવાદ
કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ ડોક્ટર્સ કહે છે...

11 વિચાર વિમર્શ
કોરોના સામેની લડતમાં IMAના તબીબોને જોડાવા CMનું આહ્વાન

22 નિર્ણય

મંથન

25 CM અને Dy.CM સાથે ડીડીઓની બેઠક

26 મુખ્યમંત્રીશ્રીનો રાજ્યનાં ૧૬૨ નગરોના જનપ્રતિનિધિ-અધિકારીઓ સાથે પરિણામલક્ષી સંવાદ

27 સંતો - મહંતો સાથે VC દ્વારા CMનો સંવાદ

28 તબીબો અને દર્દીઓ સાથે વાતચીત કરીને તેમનો ઉત્સાહ વધારતા CM

29 અસરકારક પગલાં
જિલ્લાઓની પરિસ્થિતિનું જાતનિરીક્ષણ કરી તાગ મેળવી માર્ગદર્શન આપતા CM

33 આયોજન
અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ૯૦૦ બેડની કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે

34 રસીકરણ
સર્વે સંતુ નિરામયાઃ - ગુજરાતમાં "ટીકા મહોત્સવ"

37 પ્રતિસાદ
રસીકરણની જન સરાહના

38 ચિંતન
નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જ્ઞાન સાથે કૌશલ્યનું સમાયોજન

41 કોરોના વોરિયર્સ

44 વિશેષ

45 સમાચાર વિશેષ

46 સવલત
મોરબીમાં માત્ર પાંચ દિવસમાં RT-PCR લેબનું નિર્માણ

47 આસપાસ

48 આરોગ્ય સુખાકારી
શ્રેષ્ઠતમ મેડિકલ સુવિધાઓથી ભારત-ગુજરાતને હેલ્થકેરમાં વર્લ્ડક્લાસ બનાવવાની નેમ



50 પ્રેરણા
સુરતના તબીબોના પ્રયાસથી સગર્ભા પરિણીતા બની કોરોનામુક્ત - મહેન્દ્ર વેકરિયા



## વ્યથા નહીં, જન - જન માટે સુદૃઢ વ્યવસ્થા...

એક તરફ ગરમીનો પારો ઊંચો ને ઊંચો જઈ રહ્યો છે અને બીજી તરફ કોરોના મહામારીની બીજી લહેરે ચિંતાજનક પ્રકોપ ફેલવવાનું શરૂ કર્યું છે. અત્યંત થોડા સમયમાં કોરોનાથી રાજ્યમાં ઘણા લોકો સંક્રમિત થવા લાગ્યા છે. રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર કોરોનાના દર્દીઓની સારવાર માટે દિવસરાત એક કરી જીવના જોખમે કાર્યરત છે. આ બીજી લહેરમાં રાજ્યનાં મુખ્ય શહેરો ઉપરાંત નાનાં નગરો તથા ગામડાંઓમાં સંક્રમણ જોવા મળ્યું છે ત્યારે સ્વાભાવિક છે કે, સૌ કોઈએ આ સમયે SMS એટલે કે સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક અને સેનેટાઇઝેશનને તેમના જીવનનો અભિન્ન હિસ્સો બનાવવો પડશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ રાજ્યની હોસ્પિટલ્સમાં ચાલી રહેલી કોરોનાની સારવાર અને દવાના પુરવઠા અંગે પ્રતિદિન તલસ્પર્શી જાણકારી મેળવીને વહીવટી તંત્રને ઉપયોગી માર્ગદર્શન આપી રહ્યા છે. કોરોના વૉરિયર્સ અને દર્દીઓની સાથે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીશ્રીઓ સતત સંપર્ક કરીને તેમની આવશ્યકતા સંદર્ભે સત્વરે નિર્ણયો લઈ રહ્યા છે. વસ્તીના પ્રમાણમાં વેક્સિનેશનની ટકાવારીમાં અને રેમડેસિવિર ઇન્જેક્શનની ઉપલબ્ધતામાં ગુજરાત દેશભરમાં મોખરે રહ્યું છે. માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોન દ્વારા જનજીવનને અસર ન થાય તે રીતે કોરોના પર કાબૂ મેળવવા તંત્ર કમર કસી રહ્યું છે. રાજ્ય સરકાર આરોગ્ય સુવિધાઓ વિસ્તારીને નવી ડેઝિગ્નેટેડ કોવિડ હોસ્પિટલ્સ, કોવિડ કેર સેન્ટર્સ અને ટેસ્ટિંગ સેન્ટર્સ નાગરિકોની આરોગ્ય સેવા માટે ખડે પગે છે. અમદાવાદ, સુરત, મોરબી વગેરે શહેરોમાં હોસ્પિટલમાં બેડની સંખ્યામાં વધારો કરી વધુમાં વધુ નાગરિકોને સેવાઓ આપવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંકટને ખાળવા તબીબોના ટાસ્ક ફોર્સ, રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીઓ, જિલ્લાના પ્રમુખો-ઉપપ્રમુખો, ગણમાન્ય સંતો, મહંતો, ધાર્મિક સંસ્થાના અગ્રણીઓ સાથે કોરોનાની કપરી પરિસ્થિતિમાં નાગરિકોને ઝડપી સારવાર મળે, લોકોમાં બિનજરૂરી ભય ન ફેલાય અને હિંમત રહે એ માટે પરિણામલક્ષી વાર્તાલાપ યોજ્યા. તેના પરિણામે જનતામાં વિશ્વાસનું વાતવરણ ઊભું થઈ શક્યુ છે. વડા પ્રધાનશ્રીના માર્ગદર્શન અન્વયે ગુજરાત સરકારે 'કોરોના હારશે, ગુજરાત જીતશે'ના દૃઢ સંકલ્પ સાથે "વ્યથા નહીં વ્યવસ્થા"ના અભિગમને મૂર્તિમંત કર્યો છે. કોરોના સામે સંપૂર્ણ તાકાતથી રસીકરણ અભિયાન ગુજરાત સરકાર ચલાવી રહી છે. રસીકરણ અભિયાનમાં દેશભરમાં ગુજરાત અગ્રેસર છે.

આ સમય કપરો જરૂર છે, પણ હિંમતપૂર્વક આપણે સૌએ સાથે મળીને એને પસાર કરવાનો છે. ઈશ્વરે જીવન જીવવા માટે આપ્યું છે, ડરીને, હતાશ થઈને બીમારીની ચિંતા કરીને બીમાર પડવા કરતાં હિંમતપૂર્વક સવચેતીનાં પગલાં લઈને જીવનનો આનંદ લેવો જોઈએ. આ સમય પણ પસાર થઈ જશે. રાજ્ય સરકાર, જાગૃત નાગરિકો, સ્વૈચ્છિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ બધાં જ આ રોગચાળાનો જડબેસલાક મુકાબલો કરવા સુસજ્જ બન્યાં છે. હવે જરૂર છે, પ્રત્યેક ગુજરાતી બાંધવે વધુ સજાગ બનવાની, સાવચેતી રાખવાની. પોતે આરોગ્ય સલામતીનાં પગલાં લે અને પોતાના પરિવારને પણ સાવચેતીનાં પગલાં લઈને સુરક્ષિત રાખે. સરકાર દ્વારા સમયે સમયે આપવામાં આવતી માર્ગદર્શિકાનું આપણે બધા ગુજરાતી બાંધવો અસરકારક પાલન કરીએ અને ઝડપથી આ મહામારીને નાથી લઈએ.

સર્વે સંતુ નિરામયા...

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**

### મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અપીલ

# સમાજને કોરોનાના સંક્રમણમાંથી મુક્ત બનાવવા સરકાર સાથે સમાજ - શ્રેષ્ઠીજનો સહભાગી બને





કોરોના મહામારીએ વૈશ્વિક રીતે વિકરાળ રૂપ ધારણ કર્યું છે ત્યારે એકબીજાને મદદ કરવી એ જ સાચી માનવતા છે. આ સંકટ સમયમાં દરેક માણસે પોતાની રીતે નાગરિકોને મદદ કરવી જોઈએ. રાજકોટ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે હાથ ધરવામાં આવેલી કામગીરીની સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે અપીલ કરતાં જણાવ્યું હતું કે, કોરોના સંક્રમણને અટકાવવા અને લોકોને કોરોનાના સંક્રમણમાંથી બહાર લાવવા સરકાર કટિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે, તેમાં સમાજ - શ્રેષ્ઠીજનોએ પણ સહભાગી બનવું પડશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજકોટ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ - પદાધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી રાજકોટ જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કોરોના વાયરસના સંક્રમણમાંથી સમાજને મુક્ત કરવા ઈશ્વરે આજે સેવા કરવાનો મોકો આપ્યો છે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ પ્રત્યેક સમાજ - શ્રેષ્ઠીજનને શ્રમદાન, સમયદાન અને નાણાંના દાન થકી આ સેવાયજ્ઞના કાર્યમાં સહભાગી બનવા અપીલ કરી હતી. કોરોના સંક્રમિત એસિમ્પ્ટોમેટિક દર્દીઓની સારવાર માટે તેમણે શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં સમાજ વાડી, કોમ્યુનિટી હોલ વગેરેનો ઉપયોગ કરવા સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાની બીજી લહેરમાંથી લોકોને બહાર કાઢવા માટે ટેસ્ટિંગની કામગીરીને ઝુંબેશના રૂપમાં ઉપાડી ચોક્કસ વિસ્તારોને ટાર્ગેટ બનાવીને આ વિસ્તારોમાં ૧૦૦ ટકા ટેસ્ટિંગની કામગીરી સાથે માસ ટેસ્ટિંગનું કાર્ય અગ્રતાના ધોરણે હાથ ધરવા જણાવ્યું હતું. તેમણે જિલ્લા પ્રશાસનના આ કાર્યમાં અધિકારીઓની સાથે પદાધિકારીઓને પણ સહભાગી બનવા અનુરોધ કરતાં જણાવ્યું હતુ કે "મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ" એ ધ્યેયમંત્ર સાથે જનપ્રતિનિધિઓ પણ આગળ આવી ટેસ્ટિંગના કાર્યમાં સહયોગી બને તે જરૂરી છે.

> ટેસ્ટિંગની કામગીરીને ઝુંબેશના રૂપમાં ઉપાડી ચોક્કસ વિસ્તારોને ટાર્ગેટ બનાવી તેમાં ૧૦૦ ટકા ટેસ્ટિંગની કામગીરી સાથે માસ ટેસ્ટિંગનું કાર્ય અગ્રતાના ધોરણે હાથ ધરીએ

કોરોના સામેની લડત માટે છ માસ પહેલાં આપણી પાસે રસીકરણ કે અન્ય કોઈ સંસાધનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નહોતાં, તેમ છતાં પણ આપણે તે સમયે કોરોના સામે મક્કમભેર લડત આપી હતી. જ્યારે આજે આપણી પાસે રસીકરણ જેવું અમોઘ શસ્ત્ર ઉપલબ્ધ બન્યું છે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ માસ ટેસ્ટિંગની સાથે રસીકરણનું કાર્ય પણ ઝડપભેર થાય તે માટે જરૂરી સૂચના આપી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કોરોના ટેસ્ટિંગના

કાર્યમાં માર્કેટિંગ યાર્ડોને પણ સહભાગી બનાવી, માર્કેટિંગ યાર્ડમાં આવતા ખેડૂતો - લોકોના કોરોના ટેસ્ટ થાય અને ત્યાં આવતી એક પણ વ્યક્તિ સંક્રમિત ન બને, તે બાબતની કાળજી લેવા તેમજ આ કાર્યમાં એ.પી.એમ.સી. પણ સહભાગી બને તે જોવા જણાવ્યું હતું.

કલેક્ટર શ્રી રેમ્યા મોહન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ રાણાવસિયા અને મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીને રાજકોટ જિલ્લાની કોરોના સંબંધિત પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા અને ઉમેર્યું હતું કે, રાજકોટ શહેર તથા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦૪ની સેવા આપતાં ૨૨ વાહનો, ૬૩ ધન્વન્તરિ રથ, ૩૬ સંજીવની રથ (જે ટૂંક સમયમાં જ વધારીને ૫૬ કરાશે) અને ૩૬ ટેસ્ટિંગ વાન કાર્યરત છે, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન અને એરપોર્ટ જેવા વધુ લોકોની અવર-જવરવાળા વિસ્તારોમાં સતત ટેસ્ટિંગ પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે અને વધુમને વધુ લોકોને ટ્રેસ કરી ટ્રીટમેન્ટ અપાઈ રહી છે. મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીના અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવશ્રી જયંતિ રવિએ કોરોના સંક્રમણને ખાળવા માટે તેમનાં બહુમૂલ્ય સૂચનો રજૂ કર્યાં હતાં.

આ બેઠકમાં મેયર શ્રી પ્રદીપ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખ ભંડેરી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભૂપતભાઊ બોદર, રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રૈયાણી તથા શ્રી ગોવિંદભાઇ પટેલ, નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર શ્રી સ્તુતિ ચારણ, એડિશનલ કલેક્ટર શ્રી મેહુલ દવે, પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલના તબીબી અધીક્ષક ડોક્ટર પંકજ બુચ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મીતેશ ભંડેરી તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## રાજકોટ ફાઇટ્સ અગેન્સ્ટ કોરોના

- » કોરોના સામે ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ સઘન બનાવાશે
- » રાજકોટમાં ૬૬૩૧ બેડ ટૂંક સમયમાં તૈયાર થશે, કુલ ૭૦૦૦ બેડનું આયોજન
- » ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હળવાં લક્ષણોવાળા કોરોનાના દર્દીઓ માટે ૬૦૦ બેડ ઊભા કરાશે
- » ગુજરાતમાં છેલ્લા સાત દિવસમાં ૧૫,૨૩૧ બેડ વધાર્યા છે.
- » સમરસ હોસ્ટેલ ખાતે ૫૦૦ બેડ, સિવિલના ટ્રોમા સેન્ટરમાં ૨૦૦ બેડ તેમજ અમૃત ઘાયલ કમ્યુનિટી સેન્ટરમાં ૨૦૦ બેડ ટૂંકમાં કાર્યરત કરાશે
- » ગ્રામ્ય કક્ષાએ પી.એચ.સી. સેન્ટરના સહયોગથી વિવિધ સમાજની વાડીમાં ૧૫ બેડની ક્ષમતા સાથે ૫૪ પી.એચ.સીમાં સરેરાશ ૭૫૦ બેડ તૈયાર કરવાનું આયોજન
- » રાજ્ય સરકાર દ્વારા ૩ લાખ રેમડેસિવિર ઇન્જેક્શનનો ઓર્ડર અપાયો છે. રાજકોટને ૧૪થી ૧૫ હજાર ઇન્જેક્શન ફાળવાયાં છે.
- » આવનારા દિવસોમાં ખાનગી હોસ્પિટલના ડોક્ટર્સ દ્વારા કરાયેલી માંગ મુજબ પી.ડી.યુ. હોસ્પિટલ તેમજ વહીવટી તંત્ર ઇન્જેક્શનનો પુરવઠો પૂરો પાડશે.
- » રાત્રિ કર્ફ્યુ વિશે મુખ્યમંત્રીશ્રીએ ફોડ પાડતાં જણાવ્યું હતું કે દિવસે નાના વેપારીઓ તેમનો રોજગાર વ્યવસાય કરી શકે અને રાત્રે લોકો બિનજરૂરી બહાર ન નીકળે, તે માટે આ વ્યવસ્થા કરાઈ છે. હાલ રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન નહિ કરવામાં આવે, સાથોસાથ લોકો બિનજરૂરી બહાર ન નીકળે અને સ્વેચ્છાએ લોકડાઉન પાળે, તેમ મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.
- » ૪૫ વર્ષથી નાની ઉંમરના લોકોને વેક્સિનેશન માટે કેન્દ્ર સરકારની સૂચના મુજબ કામગીરી કરવામાં આવશે.
- » હાલ રોજનાં ૧૨૫ લાખથી વધુ ટેસ્ટિંગ કરાયાં છે જે પહેલાં માત્ર ૩૫ હજાર જેટલાં થતાં હતાં.
- » આર.ટી.પી.સી.આર. ટેસ્ટિંગ વધારવા રાજ્યમાં નવાં ૧૧ મશીન તેમજ રાજકોટને બે મશીન ફાળવાયાં છે.
- » રાજ્ય સરકાર કોરોનાની કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છે. ●

# કોવિડ ટાસ્ક ફોર્સના તજજ્ઞ ડોક્ટર્સ કહે છે...

***ગુજરાત સરકાર દ્વારા કોવિડ-૧૯ના સંક્રમણને અટકાવવા અને નાગરિકોને સારી સારવાર ઉપલબ્ધ કરાવવા તજજ્ઞ ડૉક્ટરોના ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. તાજેતરમાં ટાસ્ક ફોર્સના વરિષ્ઠ સભ્યોએ ગાંધીનગરમાં કોરોનાની પ્રવર્તમાન પરિસ્થિતિ, કોરોના દરમિયાન હોમ આઈસોલેશનનું મહત્ત્વ, ટ્રીટમેન્ટ પ્રોટોકોલ, કોરોનાના દર્દીઓ માટે રેમડેસિવિર ઇન્જેક્શનનો ઉપયોગ અને રસીકરણ જેવા વિષયો પર નાગરિકો અને ડૉક્ટરોને સતાવતી વિવિધ પ્રકારની સમસ્યાઓનું સમાધાન થાય એ પ્રકારે પત્રકાર મિત્રો સાથે વાતચીત કરી હતી.***

***વિશ્વપ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ અને એપેક્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના ચેરમેન પદ્મશ્રી ડૉ. તેજસ પટેલ, ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ, ગાંધીનગરના ડાયરેક્ટર ડૉ. દિલીપ માવળંકર, ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદના ડાયાબેટોલોજિસ્ટ ડૉ. વી. એન. શાહ , ઈન્ફેક્સિયશ ડિસીઝ કન્સલ્ટન્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના ઇન્ફેક્શન ડિવિઝનના ડાયરેક્ટર શ્રી ડૉ. અતુલ પટેલ, જાણીતા પલ્મોનોલૉજિસ્ટ અને સ્ટર્લિંગ હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. તુષાર પટેલ અને એપોલો હોસ્પિટલના ક્રિટિકલ કેર સ્પેશિયાલિસ્ટ ડૉ. મહર્ષિ દેસાઈએ વિવિધ વિષયો પર વિસ્તૃત માહિતી આપી હતી.***



## અમદાવાદની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન અને કાર્ડિયોલોજિસ્ટ પદ્મશ્રી ડો. તેજસ પટેલ

અમદાવાદની એપેક્સ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન અને કાર્ડિયોલોજિસ્ટ પદ્મશ્રી ડૉ. તેજસ પટેલે જણાવ્યું છે કે, કોરોનાના સંક્રમણથી બચવા માટે સૌ નાગરિકો માસ્ક પહેરે અને જે ન પહેરતા હોય તેમને ફરજિયાત પહેરવા સમજાવીશું તો જ બચી શકીશું, કેમ કે આ એક અલગ પ્રકારનો વાયરસ છે જે શિયાળો, ઉનાળો અને ચોમાસામાં પણ પ્રસર્યો છે. એટલે આપણે માસ્ક પહેરીએ, વારંવાર હાથ ધોઈએ અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવીએ રાજ્ય સરકાર અસરકારક કામગીરી કરી રહી છે ત્યારે પ્રજાકીય સહયોગ પણ એટલો જ અનિવાર્ય છે.

તેમણે ઉમેર્યું કે, કોવિડ-૧૯ના કેસ નવેમ્બર -૨૦૧૯માં શરૂ થયા. વાયરોલોજીના નિષ્ણાતોના મતે આ વાયરસ સામે ભારતના તબીબોએ જે ટ્રીટમેન્ટ પ્રોટોકોલ આપ્યા એની નોધ વિશ્વે પણ લીધી છે. પ્રથમ ફેઇઝમાં આપણા પ્રયાસોના કારણે એક તબક્કે કોરોના જશે એવી પરિસ્થિતિ જોવા મળી, પરંતુ કમનસીબે બીજો તબક્કો વધુ ગંભીર છે ત્યારે આપણે સ્વયં જાગૃત બનવાની જરૂર છે નહીં કે ગભરાવાની જરૂર છે.

ડૉ. પટેલે ઉમેર્યું કે,સંક્રમણને રોકવા માટે દેશભરમાં જે વેક્સિનેશનની કામગીરી થઈ રહી છે ત્યારે સૌ નાગરિકોએ ગભરાયા વગર વેક્સિન લઈ લેવી જોઈએ. કોમોર્બિડીટી હોય અને સ્ટેબલ દર્દી હોય તેમણે પણ કોઈ ચિંતા કર્યા વગર વેક્સિન લઈ લેવી જોઈએ. તેમણે કહ્યું કે, આપ વેક્સિન લેશો તો કોરોના નહીં થાય એવું નથી, પરંતુ સંક્રમિત થવાથી બચશો અને વાયરલલોડથી બચી શકાશે અને મૃત્યુથી બચી શકાશે અને અન્યને સંક્રમણ નહી ફેલાવવા માટે સુપર સ્પ્રેડર નહીં બનો જો દેશભરમાં ૭૦ ટકા લોકો વેક્સિન લઈ લેશે તો જ હર્ડ ઈમ્યુનિટી આવશે એટલા માટે સૌએ રસી લઈ લેવી અત્યંત જરૂરી છે.

તેમણે કહ્યું કે, લોકડાઉન એ સંક્રમણ રોકવાનો કોઈ ઉપાય નથી, સંક્રમણની ચેઇન તોડવી એ પણ જરૂરી છે, પરંતુ ચેઈન તોડવા માટે આપણે સૌએ માસ્ક પહેરવું, યોગ્ય સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું અને બિનજરૂરી ટોળામાં એકત્ર ન થવું એ જ અસરકારક નીવડશે

## ડો. દિલીપ માવળંકરઃ પબ્લિક હેલ્થ ઇન્સ્ટિટ્યૂટના નિયામક અને કોવિડ ટાસ્ક ફોર્સના સદસ્ય



પબ્લિક હેલ્થ ઇન્સ્ટિટ્યૂટના નિયામક અને કોવિડ ટાસ્ક ફોર્સના સદસ્ય ડૉ. દિલીપ માવળંકરે જણાવ્યું કે, કોરોના સામેની લડતમાં આપણે "એસ. એમ.એસ." (સેનિટાઇઝેશન, માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ) અને ટી.ટી.ટી. (ટેસ્ટિંગ, ટ્રેસિંગ, ટ્રીટમેન્ટ) બાદ હવે ૩વી. (વેક્સિનેશન, વેન્ટિલેશન, વલ્નરેબલ્સ કેર)નું સૂત્ર પણ અપનાવવું પડશે.

કોરોના સામેની લડતમાં લોકો વેન્ટિલેશન (હવા-ઉજાસને ભૂલી રહ્યા છે. સંક્રમણથી બચવા ઘરોમાં વેન્ટિલેશન ખૂબ જ અગત્યનું છે તથા એર કન્ડિશનિંગ સુવિધાઓનો ઉપયોગ ટાળવો પણ હિતાવહ છે, તેમણે વધુમાં કહ્યું કે, કોરોના વાયરસના નવા સ્ટ્રેન, વેક્સિન લીધા બાદ પણ વ્યક્તિનું કોરોના સંક્રમિત થવું અને એક વાર કોવિડ દર્દી બન્યા બાદ ફરી બીજી વાર સંક્રમિત થવાના કિસ્સાઓના હજી વધુ સઘન અભ્યાસ જરૂરી છે જે ભારતને વિશ્વના તજજ્ઞો કરી રહ્યા છે.

ડૉ. માવળંકરે સૂચન કરતાં કહ્યું કે, યુવાનો સહિત તમામ લોકોએ બિનજરૂરી પ્રવાસ ટાળવો જોઈએ, કારણ કે કોરોનાના બીજા વેવમાં પહેલા વેવથી ત્રણ ગણી ઝડપે સંક્રમણ ફેલાઈ રહ્યું છે.

તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ડ્રગ્સ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અને આવશ્યક સંસાધનો (લોજિસ્ટિક)ના મેનેજમેન્ટ થકી દર્દીઓની સારવારને સુનિશ્ચિત કરી શકાશે. કોરોના સંક્રમણ વિશે લોકોને જાગૃત કરવા માટે સંચાર માધ્યમોએ પણ અગત્યની ભૂમિકા ભજવવી પડશે.



**ડૉ. વી. એન. શાહ: ઝાયડસ કેડિલામાં ડાયાબિટિયોલોજિસ્ટ તરીકે કાર્યરત વરિષ્ઠ ડોક્ટર-નિષ્ણાત**

ડાયાબિટિયલૉજિસ્ટ ડૉ. વી. એન. શાહે જણાવ્યું કે, કોરોનાની 'વોર-લાઈક' સ્થિતિ સામે લડવા માટે 'માસ મુવમેન્ટ' શરૂ કરવાની જરૂર છે. ગામે-ગામ, તાલુકે-તાલુકે અને જિલ્લે-જિલ્લે સૌએ સમિતિઓ બનાવીએ, SMS તથા વેક્સિનેશનની જાગૃતિ ફેલાવીને તેમના વિસ્તારમાં કોવિડ-૧૯ની પ્રવેશબંધી માટે કડકાઈપૂર્વકનું અભિયાન ચલાવવું જોઈએ.

હાલ કોવિડ-૧૯નો યુકે વેરિયન્ટ આપણા દેશમાં છે, જે ચારથી છ ગણી ઝડપથી ફેલાઈ રહ્યો છે. કોઈ એક વ્યક્તિને જો ઘરમાં કોવિડ-૧૯ પોઝિટિવ આવે તો તે ઝડપભેર ઘરના અન્ય સભ્યોને પણ ચેપગ્રસ્ત બનાવે છે. આ પરિસ્થિતિને નિવારવા આપણી પાસે વેક્સિનેશન (રસી) ઉપલબ્ધ છે. વેક્સિનેશન (રસી) આ રોગની અટકાયતનો હલ છે. આપણી પાસે રસી આવી ગઈ છે. અને મોટી ઉંમરના કોમોર્બિડ સહિતના લોકોને તે આપી શકાય છે.

ડૉ. વી. એન. શાહે કહ્યું કે, પુન: આજે એક વર્ષ બાદ કોવિડ-૧૯ની અટકાયત વિશે ચર્ચા કરવા માટે એકઠા થયા છીએ ત્યારે એસ.એમ.એસ.ના પાલનની પુનરુક્તિ જરૂરી છે. આ સાથે જ આપણે રસીકરણને પ્રોત્સાહન આપવાનું છે.

શ્રી શાહે સ્પષ્ટપણે કહ્યું કે, રસી સંદર્ભે ફેલાયેલી ગેરમાન્યતાઓને દૂર કરવી પડશે. દેશમાં અપાયેલા રસીના કરોડો ડોઝની સામે આડઅસરના માત્ર. ૦.૦૦૧% થી ઓછા કિસ્સા આવતા હોય ત્યારે રસીના આ પાસા અંગે લોકોને જાગૃત કરવા અત્યંત જરૂરી છે.



**અતુલ પટેલ: ડાયરેક્ટર, ઇન્ફેક્શિયસ ડિવિઝન સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ**

કોરોનાના દર્દીઓની સારવારને લઈને અનેક ઊભી થઈ રહેલી ગેરસમજ અંગે વાત કરતાં ડૉ. અતુલ પટેલે જણાવ્યું કે, કોરોના વાયરસનો શિકાર બનેલા ૮૦ ટકા દર્દીઓમાં મોટા ભાગે સામાન્ય લક્ષણો જોવા મળી રહ્યાં છે, જેમાં માથું દુખવું, શરીર દુખવું કે પછી સામાન્ય તાવ કે શરદી મુખ્ય લક્ષણો છે. ત્યારે આ પ્રકારનાં લક્ષણો ધરાવતા દર્દીઓએ ગભરાવાની જરૂર નથી, માત્ર ઘરે આઈસોલેટ થઈને પણ ઝડપથી રિકવરી શકે છે.

કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓ ઝડપથી કેવી રીતે રિકવરી મેળવી શકે છે તેના પર વાત કરતા અતુલ પટેલે જણાવ્યું કે, કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ ખૂબ જ આરામ કરવો જોઈએ, ખૂબ માત્રમાં પ્રવાહી લેવું જોઈએ તેમજ ડોલો. કે પેરાસિટામોલ લઈને ઝડપથી રિકવરી મેળવી શકાય છે. કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓએ ટોસિલિઝુમેબ અને રેમેડિસિવિર જેવાં ઈન્જેક્શન લેવાનો આગ્રહ ન રાખવો જોઈએ. આ પ્રકારનાં ઈન્જેક્શનથી સામાન્ય કોરોનાનાં લક્ષણો ધરાવતા દર્દીને આડઅસર થઈ શકે છે.

ડૉ. અતુલ પટેલે વધુમાં જણાવ્યું કે, કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓનું ઓક્સિજનનું લેવલ 94થી વધારે હોય તો આવા દર્દીઓને હોસ્પિટલમાં એડમિટ થવાની કે પછી કોઈ પણ પ્રકારનાં ઈન્જેક્શન લેવાની જરૂર નથી. આવા દર્દીઓ માત્ર ઘરે આરામ કરીને સાજા થઈ શકે છે.

કોરોનાનાં ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓએ શું સાવચેતી રાખવી જોઈએ તેના પર માર્ગદર્શન આપતાં ડૉ. અતુલ પટેલે જણાવ્યું કે, કોરોના વાયરસ એ ચેપી વાયરસ કરતાં ઈન્ફ્લેમેટરી ડિસીઝ

(સોજો આવતી બીમારી) છે. આ વાયરસ જ્યારે શરીરના અંદરના ભાગ સુધી પહોંચી જાય છે ત્યારે ફેફસાં તેમજ કિડની, લીવર અને આંતરડાં જેવાં અન્ય અંગોમાં પણ સોજો આવી જાય છે.

ડેક્ઝામિથેસોન(સ્ટિરોઇડ) દવા અંગે તેમણે વધુમાં જણાવ્યું કે આ દવા કોરોના દર્દીઓનો જીવ બચાવનારી લાઇફ સેવિંગ ડ્રગ્ઝ છે, પણ જ્યારે ડેક્ઝામિથેસોન પર આ વાયરસ કંટ્રોલમાં આવતો નથી ત્યારે અન્ય લાઇફ સેવિંગ ડ્રગ્ઝ ટોસિલિઝુમેબ આપવાથી દર્દીઓમાં રિકવરીમાં વધારો જોવા મળે છે. ડેક્ઝામિથેસોન અને ટોસિલિઝુમેબ આ બંને દવાઓ કોરોનાના દર્દીઓને ઝડપથી રિકવર કરે છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

રેમડેસિવિર કયા સંજોગોમાં લેવાં જોઈએ તે અંગે માહિતી આપતાં ડૉ. અતુલ પટેલે જણાવ્યું કે, કોરોના વાયરસનાં ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને ઓક્સિજન આપવાની જરૂર પડે તેવા સંજોગોમાં દર્દીઓને શરૂઆતના પાંચ દિવસ રેમડેસિવિર આપવામાં આવે છે. રેમડેસિવિર ઇન્જેક્શન આપવાથી કોરોનાના દર્દીઓને ઝડપથી રિકવરી થાય છે, પણ મૃત્યુદર ઘટાડી શકાતો નથી. રેમડેસિવીર લાઇફ સેવિંગ ડ્રગ નથી તેમ તેમણે ઉમેર્યું હતું.

ડૉ અતુલ પટેલે જણાવ્યું કે, કોરોનાનાં સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓ ઉપરાંત એવા દર્દીઓ જેમને ઓક્સિજનની જરૂર નથી એવા દર્દીઓને રેમડેસિવિર ઇન્જેક્શન લેવું જોઈએ નહીં. આ ઇન્જેક્શનની ક્યારેક આડઅસર થાય છે તથા કિડની અને લિવરને પણ અસર કરી શકે છે.

### ડૉ. તુષાર પટેલઃ પલ્મોનોલૉજિસ્ટ એન્ડ ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ, સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ



કોરોનાના દર્દીઓ માટે હોમ આઇસોલેશન પણ અત્યંત ઉપયોગી અને કારગત ઉપાય છે, અને એટલે જ ગુજરાતમાં આરોગ્ય ધન્વન્તરિ રથ અને સંજીવની રથનો પ્રયોગ ખૂબ સફળ થયો છે. કોરોનાના દર્દીઓએ ઘરમાં pulse oximeter રાખવું જોઈએ અને ઓક્સિજનનું લેવલ ચેક કરવું જોઈએ. ઉપરાંત એક થર્મોમિટરની વ્યવસ્થા પણ રાખવી જોઈએ અને શરીરનું ટેમ્પરેચર સતત ઑબ્ઝર્વ કરવું જોઈએ. દર આઠ-આઠ કલાકે પેરાસિટામોલ લેવી જોઈએ અને આ રીતે તાપમાનને કંટ્રોલમાં રાખવું જોઈએ. ૯૫થી ઓછું ઓક્સિજન લેવલ જાય તો જ ચિંતા કરવી જોઈએ. ઘરે રહેલા દર્દીને શ્વાસ ચડે, ઓક્સિજન લેવલ ૯૦થી ૯૪ જેટલું ઓછું થાય, એક વાક્ય બોલતાં પણ હાંફી જવાય, ખૂબ અશક્તિ લાગે અને પોતાનું કામ ન કરી શકે એવી સ્થિતિ લાગે એવા દર્દીઓએ જ હોસ્પિટલમાં જવું જોઈએ.

કોરોનાની મુખ્ય સારવાર જ ઓક્સિજન છે. ઓક્સિજન પર્યાપ્ત માત્રામાં મળી રહે તો દર્દીને વાંધો આવતો નથી. આ ઉપરાંત હોમ આઇસોલેશનમાં રહેલા દર્દીએ ઊલટા સૂઈ જવું ખૂબ જરૂરી છે. ઊલટા સૂઈ જવાથી ઘણો ફાયદો થાય છે. દર્દીએ યોગ અને પ્રાણાયામ પણ નિયમિત કરવા જોઈએ. કોરોનાના દર્દીઓએ ગભરાવાની સહેજ પણ જરૂર નથી. હવે તો ઘણા દર્દીઓ વેન્ટિલેટર પરથી પણ પાછા આવી રહ્યા છે.

બાળકો અને યુવાનોમાં આ વખતે કોરોનાનાં લક્ષણો વધારે દેખાઈ રહ્યાં છે. અગાઉના સ્ટ્રેઇનમાં બાળકો એસિમ્પ્ટોમેટિક રહ્યા હતા, આ વખતના સ્ટ્રેઇનમાં બાળકો પણ સિમ્પ્ટોમેટિક દેખાયાં છે. બાળકોમાં ઝાડા, પેટમાં દુખાવો, તાવ, સામાન્ય ઠંડી જેવાં જુદાં જુદાં સિમ્પ્ટમ્સ દેખાઈ રહ્યાં છે.

### ડૉ. મહર્ષિ દેસાઈઃ ક્રિટિકલ કેર સ્પેશ્યાલિસ્ટ, એપોલો હોસ્પિટલ



કોરોનાના વાયરસમાં વેરિયેશન ખૂબ જ છે. દરેક દર્દીની તાસીર અલગ હોય છે, દરેક દવા પ્રત્યેનું દરેક વ્યક્તિનું રિએક્શન અલગ હોય છે. વાયરસ ભલે એકનો એક હોય, પણ દરેક દર્દીમાં ક્લિનિકલ પિક્ચ્ર અલગ હોઈ શકે. કોરોનાના ૮૦ ટકા દર્દીઓને કોઈ સારવારની આવશ્યકતા હોતી નથી. નિયમિત રીતે પેરાસિટામોલ લો, ખૂબ પાણી પીઓ અને ઓક્સિજન લેવલ જાળવી રાખો - એટલું જ જરૂરી છે. માત્ર ૨૦ ટકા લોકોને હોસ્પિટલાઇઝેશનની આવશ્યકતા હોય છે, તેમાંથી પણ માત્ર પાંચ ટકા લોકો કે જે કો-મોર્બિડ છે એમને જ iccuની જરૂર પડતી હોય છે.

કોરોના સાથેના એક વર્ષ પછી હવે આપણી પાસે આત્મવિશ્વાસ છે કે દર્દી વેન્ટિલેટર પર હોય તો પણ યોગ્ય સારવારથી આપણે બહાર લાવી શકીએ છીએ. કોરોનાનાઘણા દર્દીઓ માત્ર પેનિકથી હોસ્પિટલમાં જાય છે, દરેક દર્દીઓને હોસ્પિટલમાં જવાની જરૂર નથી. મોટા ભાગના દર્દીઓ હોસ્પિટલમાં ગયા વિના જ હોમ આઇસોલેશનમાં સારવારથી સારા થઈ શકે છે. ●

# કોરોના સામેની લડતમાં IMAના તબીબોને જોડાવા CMનું આહ્વાન



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતેથી મુખ્ય સાત શહેરોના IMA પ્રમુખ-હોદ્દેદારો સાથે કોરોના નિયંત્રણ અંગે ઈ-સંવાદ યોજાયો હતો. ઇન્ડિયન મેડિકલ એશોસિયેશન સંલગ્ન તબીબોને આહ્વાન કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના વધતા કેસ સામે હોસ્પિટલ, બેડ અને અન્ય સંસાધનોની સંખ્યા વધારવા માટે પ્રયાસરત રાજ્ય સરકાર સાથે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના તમામ શાખાના તબીબો જોડાય તે સમયની માંગ છે.

રાજ્ય સરકાર આગામી સંભવિત પરિસ્થિતિઓનું આકલન કરી કાર્યરીતિ-નીતિ ઘડી રહી છે. માનવસંસાધનની માંગને પહોંચી વળવા આરોગ્ય ક્ષેત્રે આવશ્યક તમામ ભરતીઓ કરવાની જિલ્લા વહીવટી તંત્રને છૂટ આપી છે. સરકારે આરોગ્ય વિભાગની હોમીયોપથી, આયુર્વેદિક જેવી તમામ શાખાના આરોગ્ય કર્મી-તબીબોને કોવિડ દર્દીઓની સારવારમાં જોડ્યા છે ત્યારે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનની ભૂમિકા પણ એટલી જ મહત્ત્વની હોવાનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે IMAના સભ્યો સાથેના ઈ-સંવાદમાં જણાવ્યું હતું કે, રાજ્યભરના IMAના તબીબો ફેમિલી ડૉક્ટરની જેમ ટેક્નોલોજીના માધ્યમથી પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે કોરોનાના દર્દીનું કાઉન્સિલિંગ-સારવાર કરે તે વર્તમાન સમયની તાતી જરૂરિયાત છે. કોરોનાના દર્દીને ફોન ઉપર કે વિડિયો કોલના માધ્યમથી તેની સાથે વાતચીત કરીને સારવાર આપી શકાય અને જરૂર જણાય તો જ હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપીએ આમ કરવાથી સામાન્ય લોકોમાં કોરોનાનો ડર ઓછો થશે. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમારે રાજ્યમાં કોરોના સંક્રમણ અને આરોગ્ય માળખાની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત આંકડાકીય વિગતો આપતું પ્રેઝન્ટેશન આપ્યું હતું.

રાજકોટમાં IMAના ૧૨૦ જેટલા તબીબોએ સમરસ કોવિડ હોસ્પિટલમાં સેવા આપવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ IMAના હોદ્દેદારોએ જરૂરી તમામ સહયોગ આપવાની સરકારને ખાતરી આપી છે. આરોગ્ય કર્મીઓ અને IMAના તબીબોએ સાથે મળીને સુરત, વડોદરા, મહેસાણાને કોરોનામુક્ત બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરાયો છે, જ્યારે આણંદ જિલ્લામાં IMAના કુલ ૪૫૦ જેટલા તબીબો વહીવટી તંત્ર સાથે સતત સંકલનમાં રહીને કોરોનાના દર્દીઓને સેવા આપી રહ્યા છે. ભૂજ-કચ્છમાં IMA દ્વારા હેલ્પલાઇન પણ શરૂ કરાઈ છે. ●



## કોરોના સામેની લડાઈ તેના નિર્ણાયક તબક્કામાં પહોંચી

# નાગરિકોએ સાવચેતી અને સાવધાની રાખીને મહામારીનો સામનો કરવો પડશે

આઝાદ ભારતમાં કોરોના નામની મહામારીની બીજી લહેરે ન કલ્પી હોય તેવી સ્થિતિનું સર્જન કર્યું છે ત્યારે રાજ્ય સરકાર ભારત સરકાર સાથે મળીને કોરોનાને હરાવવા સંકલ્પબદ્ધ રીતે કામગીરી કરી રહી છે. કોરોનાની પ્રથમ લહેરનો સમગ્ર રાજ્યે સફળતાપૂર્વક સામનો કર્યો, જેનું અનુમોદન ડબ્લ્યુ. એચ.ઓ. (WHO)અને હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યું, પણ કોરોનાએ જાણે વચ્ચે થોડાક દિવસો વિરામ લીધો હોય, વર્ષ 2021ના માર્ચ મહિનામાં અચાનક કોરોનાના કેસોમાં વધારો જોવા મળ્યો. ત્યારે કોરોના મહામારીનો મક્કમતાપૂર્વક સામનો કરવા ગુજરાત સરકાર તૈયાર છે. રાજ્યની તમામ હોસ્પિટલો, તબીબી સ્ટાફ તથા સરકારી તંત્રને કોરોનાને માત કરવા કામે લાગ્યાં છે. ગુજરાત રાજ્યમાં રસીકરણની ઝડપ અન્ય રાજ્યોની સાપેક્ષમાં ખૂબ સારી છે. અને કેન્દ્ર સરકારના નિર્દેશ મુજબ નિયત સમયમાં રસીકરણ પૂર્ણ કરી લેવાશે. ત્યારે કોરોનાની બીજી લહેરનો આપણે સૌ મક્કમતાપૂર્વક સામનો કરીશું તેવો વિશ્વાસ છે.

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે તાજેતરમાં વિડિયો કોન્ફરન્સ કરીને કોરોનાની પરિસ્થિતિ અને રસીકરણની રણનીતિની વિસ્તૃત સમીક્ષા કરી હતી. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના નિયંત્રણ માટે અમલી બનાવાતા રાત્રિ કર્ફ્યૂને 'કોરોના કર્ફ્યૂ' કહીને નાગરિકોને કોરોના આનુષંગિક વર્તણૂક અપનાવવા પર વિશેષ સમજણ આપવા ભાર મૂક્યો હતો. વેક્સિન લીધા પછી પણ માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ અને વારંવાર હાથ ધોવા - આ બાબતોનું પાલન આવશ્યક છે. 'દવાઈ ભી ઔર કડાઈ ભી' આ બાબતે કોઈ જ કોમ્પ્રોમાઇઝ નહીં કરવા તેમણે આગ્રહ રાખ્યો હતો. 45 વર્ષથી વધુ વયની



## કોરોના કાળમાં જનહિતનાં સાત નિર્ણયો કરતાં મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે સાત જેટલા અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. રાજ્યમાં કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતીમાં સંક્રમિતોની સારવાર માટે ઓકસીજન સપ્લાય પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી સંવેદના સાથે મુખ્યમંત્રીશ્રીએ આ સપ્લાય સુનિશ્ચિત કરવા ખાસ તાકીદ કરી હતી. તદઅનુસાર, બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, રાજ્યમાં ઓકસીજનનું ઉત્પાદન કરનારા ખાનગી ઉત્પાદકોએ પોતાના ઉત્પાદનના ૬૦ ટકા કોરોના સંક્રમણ નિયંત્રણ માટે તબીબી સુવિધાઓ હેતુસર આરોગ્ય ક્ષેત્ર માટે આપવાના રહેશે. માત્ર ૪૦ ટકા ઉત્પાદન સપ્લાય તેઓ ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગમાં લઇ શકશે.

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં મહાનગરપાલિકા ધરાવતા આઠ મહાનગરોમાં ૫૦૦-૫૦૦ બેડના કોવિડ કેર સેન્ટર શરૂ કરવા તેમજ તેની તબીબી કામગીરીના સુપરવિઝન, દેખરેખ સંકલન માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભાવનગર અને ગાંધીનગર માટે આઠ IAS-IFS અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપી છે. સંબંધિત જિલ્લાઓમાં જરૂરિયાત મુજબ જિલ્લા કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી આવા ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર, કોવિડ કેર સેન્ટરની મંજુરી આપી શકશે.

રાજ્યમાં કોવિડ-19 દર્દીઓની સંખ્યામાં થઇ રહેલા સતત વધારાને ધ્યાનમાં રાખીને કોર કમિટિમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે રાજ્યમાં ખાનગી નર્સિંગ હોમ, કલીનીકસ આઇ.સી.યુ કે વેન્ટીલેટરની સુવિધા વિના ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર અને ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર શરૂ કરી શકશે. આવા ડેડીકેટેડ



તમામેતમામ વ્યક્તિઓનું રસીકરણ થાય તે માટે તમામ વર્ગોને પ્રયત્ન કરવા તેમણે અનુરોધ કર્યો હતો. વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગામી બેથી ત્રણ સપ્તાહ સુધી વધુ કડકાઈ અપનાવવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. તેમણે તમામ રાજ્યોને ટેસ્ટિંગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો.

વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વિડિયો કોન્ફરન્સમાં ભાગ લેતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતે કોરોના પર ખૂબ જ ઝડપથી નિયંત્રણ મેળવવા ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની સ્ટ્રેટેજી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગુજરાતમાં પ્રતિદિન સરેરાશ એક લાખથી વધારે ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જેમાંથી 40,000 જેટલા આર. ટી. પી. સી. આર. ટેસ્ટ છે. માર્ચની શરૂઆતમાં પ્રતિદિન લગભગ 8,000 જેટલા આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવતા રહ્યા હતા, જે આજે 40,000 પહોંચાડવામાં આવ્યા છે. આગામી દિવસોમાં પ્રતિદિન 60,000 જેટલા આર. ટી.પી.સી.આર. ટેસ્ટ કરવાનું ગુજરાતનું લક્ષ્યાંક છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓની સઘન સારવાર થઈ રહી છે. છેલ્લા એક અઠવાડિયા દરમિયાન ગુજરાતમાં 10 હજાર જેટલા નવા બેડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જે પૈકીના 1500 બેડ ઓક્સિજન બેડ છે અને 1000 જેટલા આઇ.સી.યુ. બેડ વધારવામાં આવ્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે કોરોનાના નિયંત્રણ માટે અનેક મહત્ત્વના નિર્ણયો કર્યા છે. તા. 1લી એપ્રિલથી ગુજરાતમાં આવનારા તમામ યાત્રીઓનો આર.ટી.પી. સી.આર. ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ હોય એ અનિવાર્ય કરવામાં આવ્યું છે.

કોવિડ હેલ્થકેર સેન્ટર માટે પ્રતિદિન વધુમાં વધુ રૂ. બે હજાર અને ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર માટે પ્રતિદિન મહત્તમ ૧૫૦૦ રૂપિયા ચાર્જ લઇ શકાશે. આ ચાર્જમાં રેમડીસીવીર ઇન્જેકશનની કિંમતોનો સમાવેશ થતો નથી એટલે કે આવા ઇન્જેકશનનો ચાર્જ અલાયદો લેવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રાજ્યમાં સોલા સિવીલ હોસ્પિટલ, એસ.વી.પી. હોસ્પિટલ અમદાવાદ, ગુજરાત કેન્સર સોસાયટીની હોસ્પિટલ તેમજ એલ.જી. અને નગરી હોસ્પિટલ અમદાવાદ આ બધી જ હોસ્પિટલોમાં કોરોના સંક્રમિતો માટે રેમડિસીવીર ઇન્જેકશન આગામી ત્રણથી પાંચ દિવસમાં નહિં નફો નહિ નુકશાનના ધોરણે સંબંધિત હોસ્પિટલના મેડીકલ સ્ટોર્સમાંથી ઉપલબ્ધ કરાવાશે તેવો પણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટિમાં કર્યો છે.

કોરોનાનો વ્યાપ અને ચેપ ફેલાતો અટકાવવા માસ્ક અનિવાર્ય છે. એટલું જ નહિ, યોગ્ય રીતે અને યોગ્ય માસ્ક પહેરવાથી ચેપ લાગવાની સંભાવના ઘટી જાય છે. આ સંદર્ભમાં સૌ ટ્રિપલ લેયર માસ્કનો ઉપયોગ કરે તે હિતાવહ છે. મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સમગ્ર વિષયની ગંભીરતા ધ્યાને લઇને એવો નિર્ણય કર્યો છે કે, રાજ્ય સરકાર બધી જ APMC અને અમૂલ પાર્લર પરથી નજીકના ભવિષ્યમાં ટ્રિપલ લેયર માસ્ક માત્ર રૂ. ૧ ની નજીવી કિંમતે ઉપલબ્ધ કરાવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઇ પટેલની અધ્યક્ષતાની આ કોર કમિટિ બેઠકમાં રાજ્યની સમગ્રતયા કોવિડ-19 કોરોનાની સ્થિતીની નિયમીત પણે સમીક્ષા હાથ ધરવામાં આવે છે. આ બેઠકમાં અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવી, ફૂડ એન્ડ ડ્રગ કમિશનર શ્રી હિતેશ કોષિયા તેમજ આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે સહિતના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા.



જે ક્ષેત્રોમાં કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યાં વહીવટીતંત્રને વિશેષ માર્ગદર્શન આપી શકાય તે માટે વરિષ્ઠ આઈએએસ કક્ષાના અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યમાં ધન્વંતરિ આરોગ્ય રથની સેવાઓને વધારે વિસ્તૃત અને સુદઢ કરવામાં આવી છે. ધનવંતરિ રથોની સંખ્યા પણ વધારવામાં આવી છે. રાજ્યના ઓક્સિજન ઉત્પાદકોને 60 ટકા ઓક્સિજન કોવિડ હોસ્પિટલો માટે ઉપલબ્ધ રાખવા આદેશો આપવામાં આવ્યા છે. રાજ્યમાં રેમડેસિવિર ઈન્જેક્શન તથા અન્ય જીવનરક્ષક દવાઓનો પણ પર્યાપ્ત જથ્થો સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

કોરોનાના સંક્રમણની શરૂઆતથી આજ સુધી જ્યારે પણ જરૂર પડી ત્યારે કેન્દ્ર સરકારે માર્ગદર્શન અને સંપૂર્ણ સહયોગ આપ્યો છે એ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. જ્યારે જરૂર પડી છે ત્યારે કેન્દ્રીય નિષ્ણાતોની ટીમે ગુજરાતમાં આવીને માર્ગદર્શન આપ્યું છે. એટલું જ નહીં, ટેલિમેન્ટરિંગના માધ્યમથી

## કોરોનાને હરાવવાનું એકમાત્ર લક્ષ્ય...

*કોરોનાના સંક્રમણથી નાગરિકોને બચાવવા એ અમારી નૈતિક ફરજ છે, એ અમે સુપેરે નિભાવી છે. જેનાથી નાગરિકો સંતુષ્ટ છે એટલા માટે જ નાગરિકોનો સતત સહકાર મળી રહ્યો છે. રાજ્ય સરકારની કામગીરી સંદર્ભે કરવામાં આવેલા આક્ષેપોને ફગાવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે જ્યારે નાગરિકોને સુરક્ષા પુરી પાડવાની જરૂરિયાત છે. વર્તમાન સરકાર છેલ્લા એક વર્ષથી સંનિષ્ઠ પ્રયાસો કરી રહી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે રચાયેલી કોર કમિટિની બેઠકો એક પણ રજા રાખ્યા સિવાય છેલ્લા એક વર્ષથી અવિરતપણે મળી રહી છે અને આ બેઠકોમાં અનેક જનહિતકારી નિર્ણયો કર્યા છે જેના પરિણામે કોરોનાના સંક્રમણને અટકાવી શક્યા છીએ.*

*તેમણે ઉમેર્યું હતું કે આવા કપરાકાળમાં પણ અમે હોસ્પિટલોની રૂબરૂ મુલાકાત લઈને અમે નાગરિકોને મળીને સતત અભિપ્રાય મેળવીને સારવારને વધુ જનોપયોગી બનાવવા પ્રયત્નશીલ છીએ. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા એક વર્ષથી કોરોનાના સંક્રમણને રોકવા માટે ગુજરાતે જે કામગીરી કરી છે તેનાથી નામદાર હાઈકોર્ટ પણ સંતુષ્ટ છે. WHO એ પણ અમારી કામગીરીને બિરદાવી છે તેમજ નામદાર હાઈકોર્ટ દ્વારા જે જે દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે. તેનો અમે અમલ કરીને રાજ્ય સરકારે નાગરિકોના હિત માટે અનેક નિર્ણયો કર્યા છે જેના પરિણામે સંક્રમણ અટકાવી શક્યા છીએ.*

*નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોરોનાના સંક્રમણને રોકવા અને નાગરિકોને સુરક્ષિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અનેક હિંમતભર્યા નિર્ણયો કર્યા છે. લોકડાઉનનો નિર્ણય પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કર્યો છે અને એ આશીર્વાદરૂપ પુરવાર થયો. લોકડાઉન દરમિયાન નાના-વેપારીઓ અને રોજ કમાઈને ખાતા લોકો માટે 'આત્મનિર્ભર ભારત' પેકેજ આપ્યું. એ જ રીતે ગુજરાત સરકારે પણ રૂ.૧૪ હજાર કરોડથી વધુ રકમનું આત્મનિર્ભર પેકેજ જાહેર કરીને આવા નાના વેપારીઓની પડખે ઉભા રહ્યા છીએ એટલે જ, પ્રજાનો વિશ્વાસ અમારી પર ઉત્તરોત્તર વધી રહ્યો છે.*

*નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્ય સરકાર દૈનિક ધોરણે કરવામાં આવતાં ટેસ્ટને રાજ્યની ઓફીસીયલ વેબસાઈટ ઉપર પણ તમામ આંકડાકીય માહિતી પ્રસિધ્ધ કરવામાં આવે છે. એટલું જ નહીં કોવિડ-૧૯ ના નિદાન હેતુ બે પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે. (૧) RTPCR ટેસ્ટ જેના રિઝલ્ટ આવવામાં ૧૨ થી ૨૪ કલાકનો સમય લાગે છે. (૨) એન્ટિજન ટેસ્ટ જેનું ત્વરિત રિઝલ્ટ આવી જાય છે. રાજયમાં હાલની પરિસ્થિતિએ ૪૦,૦૦૦ જેટલા RTPCR ટેસ્ટ અને ૬૦,૦૦૦ જેટલા એન્ટિજન ટેસ્ટ કરવામાં આવે છે. આ પૈકી પોઝીટીવ આવતા તમામ વ્યકિતઓની નોંધણી કરવામાં આવે છે, તેઓને પુરતી સારવાર આપવામાં આવે છે તેમજ આવા પોઝીટીવ વ્યકિતઓના સંપર્કમાં આવેલ વ્યકિતઓને ટ્રેક કરીને નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે.*

*તેમણે ઉમેર્યું કે, રાજયમાં સાજા થવાનો દર એક સમયે ૯૮ ટકા સુધી પહોંચ્યો હતો. જે આજે ૯૪ ટકા જેટલો છે. છેલ્લા ૧૫*

એક્સપર્ટ ડોક્ટરોએ ગુજરાતના ડોક્ટરોને ટ્રીટમેન્ટ પ્રોટોકોલ બાબતે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું છે, જે ખૂબ અસરકારક અને પરિણામલક્ષી સાબિત થયું છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને 4200 જેટલાં વેન્ટિલેટર મોકલવામાં આવ્યાં છે, જે આજે ગુજરાતના કોવિડના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયાં છે એમ કહીને તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર તરફથી ગુજરાત માટે વેક્સિનનો પર્યાપ્ત જથ્થો મળી રહ્યો છે. આજ સુધીમાં કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને કોરોનાની વેક્સિનના 80 લાખ જેટલા ડોઝ મળ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, છેલ્લા પંદર દિવસથી દેશભરમાં કોરોના કેસોની સંખ્યા વધી રહી છે, જેમાં ગુજરાતમાં પણ વધારો થયો છે. 15 માર્ચ સુધી 1 હજાર કેસ આવતા હતા એ આજે 3500 સુધી પહોંચી ગયા છે, જેમાં મુખ્યત્વે અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાંથી આવે છે, પરંતુ હવે રાજ્યનાં અન્ય શહેરો-જિલ્લામાં પણ તમામ વય જૂથના લોકો સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે ટેસ્ટિંગ, ટ્રેકિંગ અને ટ્રીટમેન્ટની નવી સ્ટ્રેટેજી અમલી કરી છે, જેના પરિણામે કોરોના કેસ શોધવામાં સફળતા મળી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં અમે જાહેર સ્થળોએ ભીડ એકત્ર થવા ઉપર પ્રતિબંધ મૂકેલો છે. તા. 30 એપ્રિલ સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન કરનાર અને માસ્ક ન પહેરનાર ઉપર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. એટલુ જ નહીં, અમે રાજ્યનાં 20 શહેરોમાં આગામી તા. 30 એપ્રિલ સુધી રાત્રે આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી કર્ફ્યુ લાદવાનો નિર્ણય લીધો છે. તે ઉપરાંત સામાજિક અને રાજકીય ઉજવણીઓ પણ આગામી 30 એપ્રિલ સુધી મુલતવી રાખવામાં આવી છે.

ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે આ વિડિયો કોન્ફરન્સના આરંભે કહ્યું હતું કે, દુનિયાના મોટા ભાગના દેશોની માફક ભારતમાં પણ એક વખત કોરોના કાબૂમાં આવી ગયા પછી બીજી વખત કેસો વધ્યા છે, પરંતુ હવે ભારત પાસે પૂરતાં સંશાધનો અને રાષ્ટ્રીય ક્લિનિકલ મેનેજમેન્ટ પ્રોટોકોલ છે. તેમણે પ્રભાવી

*દિવસમાં રાજયમાં કેસોનું પ્રમાણ વધ્યું છે અને ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર તમામ પોઝીટીવ વ્યકિતઓને ૧૪ દિવસ આઈસોલેશનમાં ગણવાના રહે છે. આથી ગત ૧૫ દિવસમાં જોવા મળેલ પોઝીટીવ કેસોના વધારાવાળા દર્દીઓ આગામી સમયમાં સાજા થશે. જેને પરિણામે પુન: સાજા થવાનો દર ઉંચો જોવા મળશે. વધુમાં આપણે જોઈ શકીએ છીએ રાજયમાં મૃત્યુનો પ્રમાણદર ગત ૧૫ દિવસમાં જોઈએ તો ૦.૪ ટકા જોવા મળેલ છે. જેના પરથી આપણે સમજી શકીએ છીએ કે સાજા થવાનો દર હાલ પણ ૯૯ ટકાથી વધુ છે.*

*નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કોરોના સંક્રમિત નાગરિકોને સારવાર આપવા માટે રાજયમાં ત્રિ-સ્તરીય સુવિધા ઉભી કરવામાં આવી છે એટલે કે કોવિડ કેર સેન્ટર જયાં સામાન્ય લક્ષણોવાળા અથવા તો લક્ષણો વગરના દર્દીઓને સારવાર પુરી પડાય છે. કોવિડ હેલ્થ સેન્ટર જયાં મધ્યમ લક્ષણો ધરાવતા તેમજ સામાન્ય લક્ષણ અને કોઈ અન્ય બિમારી ધરાવતા દર્દીઓને સારવાર પુરી પડાય છે તેમજ કોવિડ હોસ્પિટલ જયાં ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને સારવાર પુરી પડાય છે. આવા સેન્ટરોમાં હાલની સ્થિતિએ ૫૫,૫૪૯ થી વધુ બેડ ઉપલબ્ધ છે અને આગામી સમયમાં રાજય સરકાર જરૂર જણાય વધુ બેડ ઉપલબ્ધ કરાવી શકશે. વધુમાં, ગત સપ્તાહ દરમ્યાન રાજય સરકારે ખાનગી હોસ્પિટલોને પણ કોવિડ હેલ્થ સેન્ટર અને કોવિડ કેર સેન્ટર માટે માન્યતા આપવાનું નક્કી કરેલ છે. જેને અનુલક્ષીને ગત સપ્તાહમાં રાજયમાં ૫,૦૦૦ જેટલા બેડ વિવિધ મહાનગરોમાં ઉમેરાયા છે. અમદાવાદમાં આવેલા ૧૨૦૦ બેડ હોસ્પિટલ એ કોવિડ-૧૯ની સારવારમાં શરૂઆતના તબક્કાથી ખુબ જ સારી કામગીરી કરી રહી છે. હાલમાં ત્યાં વધી રહેલા દર્દીઓને ધ્યાનમાં લઈ રાજય સરકારે કિડની ઈન્સ્ટીટયુટ અને યુ.એન.મહેતા હોસ્પિટલમાં પણ વધારાના ૧૦૦૦ બેડ ઉભા કરવાનું નક્કી કર્યુ છે. રાજયમાં ૩૪૩૩ વેન્ટીલેટર કોવિડ-૧૯ હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે. આમ વેન્ટીલેટરની કોઈ પ્રકારની ઘટ હાલ રાજયમાં નથી અને તમામ દર્દીઓને જરૂર જણાય પુરતી સઘન સારવાર મળી રહે છે.*

*તેમણે ઉમેર્યું કે, કોરોનાની સારવાર માટે ઉપયોગી એવા રેમડેસિવિર ઈન્જેક્શન દર્દીઓને સત્વરે ઉપલબ્ધ થાય તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજયના તમામ જિલ્લા અને શહેરોમાં રેમડેસિવિર ઈન્જેક્શનોની ઉપલબ્ધી સુનિશ્ચિત કરવામાં આવી છે અને રાજ્ય સરકારે ૩ લાખથી વધુ રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો ઉપલબ્ધ કરાવવા ઓર્ડર પણ આપી દીધો છે અને તેની ડિલીવરી પણ આજથી મળતી થઈ ગઈ છે. કોઈપણ પ્રકારના કાળાબજાર ન થાય તેની તકેદારી રાખવામાં આવે છે. રાજય સરકાર દ્વારા હોસ્પિટલની ફી ને નિયંત્રિત કરવામાં આવી છે અને આ માટે જરૂરી આદેશો આપી દેવામાં આવ્યા છે.*

*તેમણે ઉમેર્યું કે, સંક્રમણથી બચવા માટે વેક્સિન મહત્વનું પરિબળ પુરવાર થઈ રહ્યું છે ત્યારે ૪૫ વર્ષથી ઉપરની ઉમરના લોકોએ વેક્સિનેશન કરાવવું જરૂરી છે. રાજયમાં તા.૦૬.૦૪.૨૦૨૧ સુધીમાં ૭૮,૮૫,૬૩૦ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં ૪૫ વર્ષ થી વધુ વયના ૫૯,૬૨,૪૦૨ વ્યકિતઓને રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આમ રાજય સરકાર રસીકરણ ક્ષેત્રે ખુબ જ ઉમદા કામગીરી કરી રહી છે.* ●

નિયંત્રણની આવશ્યકતા પર ભાર મૂકીને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં કડકાઈ અને રસીકરણ ઝુંબેશને વધુ વેગવાન બનાવવા પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય આરોગ્યસચિવે આ વિડિયો કોન્ફરન્સ દરમિયાન ભારતનાં રાજ્યોની કોરોનાની કામગીરીના સંદર્ભમાં એક પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, આ પ્રેઝન્ટેશનમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત આરોગ્ય કર્મીઓ અને ફ્રન્ટલાઈન કોરોના વૉરિયર્સના વેક્સિનેશનમાં સમગ્ર દેશમાં અગ્રિમ હરોળમાં છે. તેમણે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ પર વિશેષ ધ્યાન આપીને કોરોનાના સંક્રમણને અટકાવી શકાશે એમ કહ્યું હતું.

વિડિયો કોન્ફરન્સમાં કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી ડૉ. હર્ષવર્ધન તથા ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ, પંજાબ, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીઓએ ભાગ લીધો હતો.

આ વિડિયો કોન્ફરન્સમાં ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી સહિત નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવ શ્રીમતી ડૉ.જયંતી રવિ અને અન્ય વરિષ્ઠ અધિકારીશ્રીઓ પણ જોડાયાં હતાં.

### કોરોનાના સંક્રમણને રોકવા-નાગરિકોને સુરક્ષિત કરવાની બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયો

રાજ્યમાં કોરોનાને રોકવા તથા નાગરિકોની સુરક્ષા માટે તાજેતરમાં કોર કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે કોરોના સામે રાજ્ય સરકાર જુસ્સાભેર કામ કરી રહી છે. સમગ્ર દેશની સાથોસાથ ગુજરાતમાં કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર ટેસ્ટિંગ અને ટ્રેકિંગની કામગીરીને વધુ અસરકારક બનાવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૩૦મી એપ્રિલ સુધી ગુજરાતનાં ચાર મહાનગરો ઉપરાંત તમામ મહાનગરપાલિકાનાં શહેરો સહિત રાજ્યનાં ૨૦ મોટાં શહેરો કે જ્યાં કોરોના કેસોની સંખ્યા વધારે છે ત્યાં રાત્રિના આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી કર્ફ્યુ અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ રાજકીય અને સામાજિક મેળાવડાઓ સ્થગિત કરવાનો નિર્ણય કરાયો છે. કોઈપણ મેળાવડાઓમાં ૫૦થી વધારે વ્યક્તિઓને પરવાનગી આપવામાં આવશે નહીં. એટલું જ નહીં, એપ્રિલ માસ દરમિયાન રાજ્ય સરકારની તમામ કચેરીઓ તમામ શનિવારે પણ બંધ રહેશે. સરકારી કચેરીઓમાં આવતા અરજદારો પણ પોતાનું કામ મહત્ત્વનું હોય તો જ સરકારી કચેરીઓની મુલાકાત લે, સામાન્ય કે એવાં મહત્ત્વનાં કામો માટે અરજદારો અને મુલાકાતીઓએ કામકાજના દિવસો દરમિયાન પણ સરકારી કચેરીઓની મુલાકાત ટાળે તેવો અનુરોધ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. કોરોનાના કેસોની વધતી જતી સંખ્યાને ધ્યાને લઈને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના નાગરિકોને અપીલ કરી છે કે, ખૂબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવું, નાગરિકો બિનજરૂરી બહાર ન નીકળે અને તમામ લોકો પોતાની પ્રવૃત્તિઓને નિયંત્રિત કરે તો જ આપણે કોરોનાના સંક્રમણને આગળ વધતું અટકાવી શકીશું. તેમણે જણાવ્યું હતું કે માસ્ક ફરજિયાત કરવામાં આવ્યા છે અને તેનો કડક અમલ થાય તે માટે વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે.

કોર કમિટીની બેઠક બાદ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોર કમિટીના સભ્યો સુરતની સ્થિતિની સમીક્ષા કરવા રૂબરૂ સુરત ગયા હતા. સુરતના પદાધિકારીઓ-અધિકારીઓ, ડૉક્ટરો, સુરતના સંસદસભ્ય, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ, મેયર વગેરે સાથે એક બેઠક કરીને વિસ્તૃત છણાવટના અંતે સુરતમાં કોરોના સંદર્ભે નિર્ણયો કર્યા હતા. ગાંધીનગર આવીને ભારત સરકારના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, આરોગ્યસચિવ, વડા પ્રધાન કાર્યાલયના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી પી. કે. મિશ્રા સહિતના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરવામાં આવી હતી. ભારત સરકાર તરફથી ગુજરાતને સતત માર્ગદર્શન મળી રહ્યું છે. કેન્દ્ર સરકાર ગુજરાતની ચિંતા કરી રહી છે અને શ્રી અમિતભાઈ શાહ તરફથી પણ વિશેષ માર્ગદર્શન મળી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકાર તરફથી પૂરતી મદદ મળી રહી છે. ભારત સરકારની નિષ્ણાત તબીબોની ટીમ ખાસ ગુજરાત આવશે અને કોરાનાના સંદર્ભમાં માર્ગદર્શન આપશે.

આ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે વધુમાં જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતમાં ટેસ્ટિંગ મોટા પાયે વધારવામાં આવશે. આર.ટી.પી.સી.આર. ટેસ્ટિંગની સંખ્યામાં ઘણો વધારો કરવામાં આવશે, જેથી કરીને કોરોનાના કેસ શોધીને ઝડપથી સારવાર થાય અને આપણે કોરોનામુક્ત ગુજરાત બનાવવામાં આગળ વધી શકીએ. એવી જ રીતે ટ્રેસિંગ ઉપર પણ વિશેષ ભાર આપવાનું નક્કી કરાયું છે. કોરોના સંક્રમિત વ્યક્તિ છેલ્લા ૨૪-૪૮ કલાકમાં જેમના સંપર્કમાં આવી હોય એવી વ્યક્તિઓને પણ શોધીને તેમનાં ટેસ્ટિંગ કરવા અને તેમની ઝડપથી સારવાર થાય તે સુનિશ્ચિત કરવામાં આવશે.

કન્ટેન્ટમેન્ટ ઝોનનું પણ ચુસ્ત પાલન કરવાના આદેશો પણ આપવામાં આવ્યા છે. આ અંગે પોલીસને જવાબદારી સોંપવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરો અને કલેક્ટરો નક્કી કરશે એ વિસ્તારમાં માઇક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવીને નાગરિકોની અવર-જવર ઉપર નિયંત્રણો મૂકવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં રેમડેસીવિર

ઈન્જેક્શનોનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થાય તે માટે ત્રણ લાખ ઈન્જેક્શન રાજ્ય સરકારે ઓર્ડર આપ્યો છે અને ઝડપથી એનો સપ્લાય ચાલુ થાય તેવા આદેશો આપવામાં આવ્યા છે.

રાજ્યની સરકારી હોસ્પિટલમાં રેમડેસીવિરનાં ઈન્જેક્શનો વિનામૂલ્યે આપવામાં આવશે, જ્યારે ખાનગી હોસ્પિટલોને નહીં નફો-નહીં નુકસાનની રીતે પડતર ભાવથી રાજ્ય સરકાર દ્વારા ઈન્જેક્શનો પૂરાં પાડવામાં આવશે. બે દિવસમાં સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ સહિત તમામ જિલ્લાઓમાં ઈન્જેક્શનનો જથ્થો પહોંચાડવામાં આવશે.

રાજ્યમાં ઓક્સિજનની માંગ પણ વધી છે ત્યારે રાજ્ય સરકારે આજે નિર્ણય કર્યો છે કે, રાજ્યમાં ઓક્સિજનનું ઉત્પાદન થાય છે તેમાંથી ૭૦ ટકા ઓક્સિજન કોરોનાના સંદર્ભમાં આરોગ્ય વિભાગ માટે અનામત રાખવાના આદેશો આપવામાં આવ્યા છે અને ૩૦ ટકા ઓક્સિજન ઉદ્યોગોના ઉપયોગ માટે રખાશે...

રાજ્યની હોસ્પિટલોમાં પથારીની સંખ્યા વધારવા માટે વ્યાપક યોજના બનાવવામાં આવી છે. નાનાં નર્સિંગહોમને પણ માઈલ્ડ



અને એસિમ્પ્ટોમેટિક દર્દીઓની સારવાર માટે છૂટ આપવામાં આવી છે. દરેક જિલ્લામાં નર્સિંગહોમમાં વધુ લોકોને સગવડ મળે અને સારી સારવાર થાય તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કોવિડ કેર સેન્ટર, સમરસ હોસ્પિટલ કે કોમ્યુનિટી હોલમાં સારવાર ઉપલબ્ધ કરાવી શકાય તેવી વ્યવસ્થા કરવા સૂચનાઓ આપવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, સુરતમાં ૮૦૦ પથારીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની છે જે આવતી કાલથી કાર્યરત થઈ જશે.

તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૩૦મી એપ્રિલ સુધી રાજ્યનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ગાંધીનગર, આણંદ, નડિયાદ, મહેસાણા, ગાંધીધામ, ભૂજ, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ભરૂચ અને અમરેલી સહિત કુલ ૨૦ નગરોમાં રાત્રિ કર્ફ્યુનો અમલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવતી કાલથી આ નગરોમાં રાત્રે આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી કર્ફ્યુ અમલી રહેશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોરોનાનું સંક્રમણ અટકે તે માટે રાજકીય અને સામાજિક મેળાવડાઓ સ્થગિત કરવામાં આવ્યા છે. નામદાર હાઈકોર્ટના માર્ગદર્શન અને સલાહ અનુસાર રાજકીય અને સામાજિક મેળાવડાઓ આગામી તા. ૩૦મી એપ્રિલ -૨૦૨૧ સુધી સ્થગિત કરવામાં આવ્યા છે. અગાઉ રાજ્ય સરકાર દ્વારા લગ્ન સમારોહમાં ૨૦૦ વ્યક્તિઓની પરવાનગી હતી તે ઘટાડીને હવે લગ્ન સમારોહમાં ૧૦૦ વ્યક્તિઓની મંજૂરી આપવામાં આવશે.

આગામી સમયમાં મોરવા હડફ વિધાનસભાની અને ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે તે સંદર્ભે આ વિસ્તારોમાં ચૂંટણીપંચના નિયમો અને માર્ગદર્શનોનું પાલન કરવાનું રહેશે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે સરકારી કચેરીઓમાં પણ કોરોનાનું સંક્રમણ અટકે અને અધિકારી કર્મચારીઓ પણ સંક્રમિત ન થાય તે માટે સમગ્ર એપ્રિલ માસના ચારેય શનિ-રવિ દરમિયાન રજા રહેશે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યના APMC ખાતે પણ ખેડૂતોને સંક્રમણથી બચાવવા માટે પણ ખાસ એસ.ઓ.પી. પણ નિયત કરાઈ છે તે મુજબ પાલન કરવાનું રહેશે.

રાજ્યના સચિવોને તમામ જિલ્લાઓમાં પ્રભારી તરીકે જવાબદારી સોંપી દેવાઈ છે. અને તેઓ પૂરેપૂરો સમય સોંપેલા જિલ્લાઓમાં કામ કરશે. તેમને સરકારની ચાલુ કામગીરીમાંથી આંશિક મુક્તિ આપવાના આદેશો કરી દેવાયા છે.

મુખ્યમંત્રીશ્રીએ મીડિયાના માધ્યમથી નાગરિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોએ પણ બિનજરૂરી બહાર ન નીકળવું અને પોતાના પર નિયંત્રણો લાદવાં. સાથે સાથે માસ્ક ફરજિયાત પહેરીએ, માસ્ક નહીં પહેર્યો હોય તો કડકમાં કડક કાર્યવાહી કરવા સૂચનાઓ આપી દેવાઈ છે. રાજ્યમાં વેક્સિનેશનની કામગીરી પણ પુરજોશમાં ચાલી રહી છે. દરરોજ ચાર લાખથી વધુ નાગરિકોને વેક્સિન આપવામાં આવી રહી છે ત્યારે ૪૫ વર્ષથી ઉપરની વયના તમામ લોકોએ વેક્સિન લઈ લેવા પણ તેમણે અપીલ કરી હતી.

### અમદાવાદમાં કોરોનાના દર્દીઓ માટે પૂરતી વ્યવસ્થા - નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

રાજ્યના નાગરિકોને કોરોનાના સંક્રમણથી બચાવવાના મક્કમ નિર્ધાર સાથે રાજ્ય સરકાર મક્કમ રીતે આગળ વધી રહી છે. ત્યારે કોરોનાનું સંક્રમણ અટકે તે માટે રાજ્ય સરકાર ગંભીરતાપૂર્વક પ્રયત્નશીલ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ રચાયેલી કોર કમિટીમાં પણ રોજબરોજ અનેક

જનહિતકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગે ચિંતા કરી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદ સિવિલ મેડિસિટીમાં ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચાવિચારણા બાદ નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વિવિધ ખાનગી નર્સિંગગૃહમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની રેમડેસીવિર ઇન્જેક્શનને લગતી પ્રાથમિક સારવારની જરૂરિયાત સંતોષવા દર્દીઓને સારવાર માટે મંજૂરી આપવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં ઉચ્ચ અધિકારીઓ તેમજ નિષ્ણાત તબીબો સાથે બેઠક કર્યા બાદ શ્રી નીતિનભાઈ પટેલે મહત્ત્વની પ્રજાલક્ષી જાહેરાત કરતાં કહ્યું કે, અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી વિવિધ હોસ્પિટલને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટેની કોરોના ડેડિકેટેડ 1200 બેડ હોસ્પિટલની સાથે - સાથે મંજુશ્રી મિલ કંપાઉન્ડસ્થિત નવી કિડની હોસ્પિટલને પણ કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં પરિણમવામાં આવી છે.

રાજ્યમાં બીજા તબક્કામાં જે રીતે કેસોનો વધારો થઈ રહ્યો છે તેને ધ્યાનમાં લઈને રાજ્યભરમાં પ્રથમ ફેઇઝ વેળાએ જે વ્યવસ્થાઓ કરાઈ હતી, તે તમામ વ્યવસ્થાઓ પુનઃ પૂર્વવત્ કરી દેવાઈ છે એટલે નાગરિકોએ સારવાર માટે સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. કોરોનાથી સંક્રમિત થયા બાદ ફક્ત રેમડેસીવિર ઇન્જેકશનની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓનો ધસારો 25થી 30 ટકા જેટલા રહેલો છે તેમ જણાવી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, ગંભીર પરિસ્થિતિ ધરાવતા કોરોનાગ્રસ્ત દર્દીઓને હાલાકી ન ભોગવવી પડે તે માટે રાજ્ય સરકાર આ દિશામાં વિચારણાધીન હોવાનું જણાવી તેઓએ વધુમાં જણાવ્યું હતું કે નિષ્ણાત તબીબો સાથે વિચાર-વિર્મશ કર્યા બાદ તારણ નીકળ્યું છે કે, હજારથી વધારે દર્દીઓને રેમડેસીવિર આપવા છતાં તેઓને કોઈપણ પ્રકારની આડઅસર વર્તાઈ નથી, જેના ભાગરૂપે આ પ્રકારના દર્દીઓ માટે અલાયદી સારવારની વ્યવસ્થા કરવાનું જરૂરી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુ.

અમદાવાદ શહેરમાં કોમ્યુનિટી હોલ સહિત અન્ય સરકારી માળકીય સુવિધા ધરાવતાં સ્થળોએ નિષ્ણાત નર્સિંગ સ્ટાફ અને તબીબોની હાજરીમાં રેમડેસીવિરની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સારવાર આપવા માટેનું આયોજન સરકાર દ્વારા વિચારણાધીન હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

રાજ્યભરમાં છેલ્લા 10 દિવસમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાનું જણાવી નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, દિલ્હી, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જેવાં રાજ્યોમાં પણ કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વધી રહી છે. સમગ્ર દેશમાં 1.25 લાખ જેટલા દર્દીઓના કોરોનાથી સંક્રમિત થવાના આંકડા સામે આવી રહ્યા છે ત્યારે ગુજરાત રાજ્યમાં કોરોનાના દર્દીઓને હાલાકી ભોગવવી પડે નહીં તે માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળતી કોર કમિટીની બેઠકમાં જનહિતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

શ્રી નીતિનભાઈ પટેલે અન્ય અગત્યની જાહેરાત કરતાં જણાવ્યું કે, અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમિત દર્દીને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડે, કોઈપણ જરૂરિયાતમંદ દર્દી સારવારથી વંચિત ન રહી જાય તે પ્રકારનું આરોગ્ય વિભાગ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના નવા બિલ્ડિંગમાં પણ કોરોના દર્દીઓની સારવાર માટે બેડની કેપેસિટી વધારીને 175 કરાઈ છે, જ્યારે યુ. એન. મહેતા હાર્ટ ઇન્સ્ટિટ્યૂટના નવા બિલ્ડિંગમાં 130 પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરવામાં આવી છે. આવી જ રીતે અમદાવાદ શહેરની અન્ય એક જી.સી.એસ. હોસ્પિટલમાં પણ 160 પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અલાયદી ફાળવવામાં આવી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત 1000 પથારી ધરાવતી એસ.વી.પી. હોસ્પિટલ જેમાં અગાઉ 500 બેડ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અલાયદા રાખવામાં આવ્યા હતા તેની પણ ક્ષમતા વધારીને સંપૂર્ણ પણે 1000 બેડને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરવામાં આવ્યા હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું. તબક્કાવાર આ બેડને કોરોનાગ્રસ્ત દર્દીઓની સુખાકારી માટે ઉપયોગમાં લેવામાં આવનાર હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત એસ.એમ. શાહ મેડિકલ કોલેજમાં પણ 240 પથારીની કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હોવાની જાહેરાત નાયબ મુખ્યમંત્રીશ્રીએ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સિવિલ મેડીસિટી હોસ્પિટલમાં કોરોનાની પરિસ્થિતિ અંગે ચિતાર આપતાં જણાવ્યું હતું કે સિવિલ મેડિસિટી સંકુલમાં કુલ 1332 દર્દીઓ હાલ કોરોનાની સારવાર મેળવી રહ્યા છે. તદુપરાંત હાલની પરિસ્થિતિએ પણ 488 જેટલી વેન્ટિલેટર સહિતની પથારી કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ખાલી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં વેક્સિનને લઈ કોઈપણ પ્રકારની ખોટ ન વર્તાઇ રહી હોવાની પુષ્ટિ કરી હતી. રાજ્યમાં છેવાડાના ગામથી લઈી કસબા સુધીના નાગરિકને



વેક્સિન મળી રહે તે પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી હોવાનું જણાવી કોરોના રસીકરણના મહાઅભિયાનમાં તમામ નાગરિકોને જોડાવા અપીલ કરી હતી.

કોરોના વાયરસ સામે સુરક્ષા મેળવવા થ્રી લેયર માસ્ક અતિમહત્ત્વનું હોઈ નાગરિકોને ફક્ત એક રૂપિયામાં થ્રી લેયર માસ્ક અમૂલ પાર્લર, નગરપાલિકા, માર્કેટ યાર્ડ જેવાં વિવિધ સ્થળોએ મળી રહે તે પ્રમાણેનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાનું કહ્યું હતુ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્યના વેપારીઓ, ખેડૂતો ,કામદારોને ખૂબ જ નજીવા દરે માસ્ક ઉપલબ્ધ થાય તે માટે સંવેદનશીલ સરકાર દ્વારા આ તમામ વર્ગની દરકાર કરીને માસ્કની વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે.

રાજ્યમાં રેમડેસિવિર ઈન્જેક્શનની કોઈપણ પ્રકારની ખપત ન હોવાનું જણાવી નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, રાજ્યમાં 3 લાખ રેમડેસિવિર ઈન્જેક્શનનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ગઈ કાલે 35 હજાર રેમડેસિવિર ઈન્જેક્શનનો જથ્થો રાજ્યની વિવિધ સરકારી હોસ્પિટલમાં પહોંચતો કરવામાં આવ્યો છે. આની સાથે સાથે ખાનગી કંપનીઓ દ્વારા પણ 35 હજાર ઈન્જેક્શનનો જથ્થો ગુજરાતની અન્ય ખાનગી હોસ્પિટલમાં ઉપલબ્ધ કરાવાયો હોવાનું જણાવી રાજ્યમાં ઈન્જેક્શનની સારવારની જરૂરિયાત ધરાવતો કોઈપણ દર્દી તેનાથી વંચિત ન રહી જાય તે માટે સરકાર સંકલ્પબદ્ધ હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યમાં નાનાં બાળકોમાં જોવા મળી રહેલા કોરોના કેસ અંગે રાજ્ય સરકાર દ્વારા ચિંતા વ્યક્ત કરી તાજેતરમાં જ ગૃહમંત્રી શ્રી અમિત શાહ સાથે વિડિયો કોન્ફરન્સ મારફતે ચર્ચા કરવામાં આવી હોવાનું જણાવી નાયબ મુખયમંત્રીશ્રીએ કહ્યું કે આ વિડિયો કોન્ફરન્સની ચર્ચાના પરિણામસ્વરૂપ કેન્દ્રમાંથી તબીબી નિષ્ણાત ડૉ. રણદીપ ગુલેરિયા દ્વારા રાજ્યના તબીબોને બાળકોમાં જોવા મળી રહેલાં કોરોનાનાં લક્ષણો વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં કેન્દ્રમાંથી વિવિધ ટીમ રાજ્યનાં વિવિધ શહેરોમાં જઈ હોસ્પિટલોની મુલાકાત લઈ સમગ્ર પરિસ્થિતિનું વિહંગાવલોકન કરીને સમીક્ષા કરશે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સિવિલ મેડિસિટીની યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટમાં યોજાયેલ ઉચ્ચ સ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય વિભાગનાં અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા તબીબો ઉપસ્થિત રહ્યાં હતાં.

## દર્દીઓ અને આરોગ્ય કર્મીઓ સાથે સંવાદ યોજી તેમને પ્રોત્સાહિત કરતા મુખ્યમંત્રીશ્રી

### ભુજની જી. કે જનરલ હોસ્પિટલની મુલાકાત લેતા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી

રાજ્યના પ્રજાવત્સલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તાજેતરમાં ભુજ

ખાતેની જી. કે. જનરલ હોસ્પિટલના કોરોનાના દર્દીઓ અને આરોગ્ય કર્મીઓની મુલાકાત લીધી હતી. ભુજની જી. કે. જનરલ હોસ્પિટલની આ મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીએ દાખલ દર્દીઓનાં સગાવહાલાંઓને દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા. હોસ્પિટલની સુવિધાઓ અને દર્દીઓની તબિયતની જાણકારી મેળવતાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ સૌને હિંમત બંધાવી હતી. દર્દીઓ સાથે સહાનુભૂતિ દાખવ્યા બાદ તેઓએ હોસ્પિટલમાં કોવિડ વિભાગમાં ફરજ બજાવતા દરેક સાથે સંવાદ કરી તેમની સેવાઓને બિરદાવી તેમને ધન્યવાદ આપ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત તમામ કોરોના વોરિયર્સને જણાવ્યું હતું કે, આ મહામારીના કાળમાં સર્વે આરોગ્યકર્મીઓએ સ્વજનોની પરવા કર્યા વગર ફરજ બજાવી છે. આ લડતમાં હજુ પણ હિંમત અને ધગશથી ધૈર્ય સાથે આ ડૉક્ટર, નર્સ, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ તેમજ હોસ્પિટલ સેવા સાથે સંકળાયેલા તમામ લોકોએ માનવતાનો જંગ જીતવાનો છે.

તેમણે કોરોના કેસ, ટેસ્ટિંગ, ટ્રેસિંગ, કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલો, બેડની સંખ્યા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર, રેમડેસિવિર ઇન્જેક્શન, સારવારની સુવિધા, આરોગ્ય સ્ટાફ સહિતની વિગતો મેળવીને કલેક્ટર શ્રી પ્રવીણા ડી.કેને તેમજ કોરોના નિયંત્રણ અને જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા વહીવટી તંત્રને માર્ગદર્શન કરીને સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં દર્દીઓનાં સગાંઓને મળી ખબરઅંતર પૂછીને તેમના દુ:ખમાં સહભાગી થયા હતા. તેમના સ્વજનો જલદીથી સાજા થઈ ઘરે જાય તેવી શુભેચ્છાઓ આપીને આ માટે જરૂરી તમામ મદદ કરવાની રાજ્ય સરકાર વતી મુખ્યમંત્રીશ્રીએ દર્દીઓનાં સગાંઓને ખાતરી પણ આપી હતી. સાથે જ મુખ્યમંત્રીશ્રીએ જી. કે. જનરલ હોસ્પિટલમાં કોવિડ ખાતે ફરજ બજાવતા ડૉક્ટરો અને નર્સિંગ તેમજ પેરામેડિકલ સ્ટાફના કર્મીઓ સાથે સંવાદ સાધ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર સ્ટાફની સેવાને વખાણી કોવિડ સામેની આગળની લડતમાં પણ હજુ આવી જ હિંમત રાખી કામગીરી કરવા ડૉક્ટરો-નર્સિંગ સ્ટાફને પ્રોત્સાહિત કર્યા હતા.

આ મુલાકાતમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ તેમજ પ્રવાસન રાજ્યમંત્રીશ્રી વાસણભાઇ આહિર, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વેશ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, વીરેન્દ્રસિંહ જાડેજા, માલતીબહેન મહેશ્વરી, પ્રોદ્યુમ્નસિમહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, કલેક્ટર શ્રી પ્રવીણા ડી. કે. તેમજ વહીવટી તંત્રના પદાધિકારી અને અધિકારીઓ અને કર્મયોગીઓએ ઉપસ્થિત રહીને કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા-વિચારણા કરી હતી.






## જામનગર જિલ્લામાં કોવિડની પરિસ્થિતિની સમીક્ષા કરતા CM-DyCM

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કોરોનાની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈને વિવિધ જિલ્લાઓની આરોગ્ય સ્થિતિની સમીક્ષા અને જાતમાહિતી માટે મુલાકાતનો ઉપક્રમ શરૂ કર્યો છે, જેના ભાગરૂપે તાજેતરમાં જામનગર જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને આરોગ્યની સર્વગ્રાહી વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોવિડના દર્દીઓને અપાતી સારવાર સંદર્ભે હોસ્પિટલની મુલાકાત લઈ સેવારત તબીબો અને પેરામેડિકલ સ્ટાફને તેમની આવા કપરા કાળ માં પણ સતત અવિરત સેવાભાવના માટે શાબાશી આપીને તેમની કામગીરીને બિરદાવીને અભિનંદન આપ્યાં હતા અને પીઠ થપથપાવી હતી

મુખ્યમંત્રીશ્રીએ હોસ્પિટલની બહાર દર્દીઓનાં સગાં-વહાલાંઓની વચ્ચે બેસી જઈને તેમની સાથે રૂબરૂ વાતચીત કરી સ્વન સહજ ભાવ કોમન મેન તરીકે વ્યક્ત કર્યો ત્યારે લાગણીસભર દર્શ્યો સર્જાયાં હતાં. શ્રી વિજયભાઈ રૂપાણી આ અદના પરિવારોને તેમના સ્વજનનો નેઆપવામાં રહેલી સારવાર સંદર્ભે પૃચ્છા કરીને તેમના પરિજનો ઝડપથી સાજા થઈ જાય એવી શુભેચ્છા આપી હતી

મુખ્યમંત્રીશ્રીએ આ પરિવારોને સાંત્વના આપતાં સ્પષ્ટ કહ્યું હતું કે સરકાર તમામ પ્રકારની સારવાર આપવા સજ્જ છે એટલે તેમણે સહેજ પણ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. મંત્રીશ્રી આર. સી ફળદુ, મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાંસદ શ્રીમતી પૂનમબહેન તેમજ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવ શ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવ ડો. જયંતી રવિવગેરે આ વેળાએ જોડાયા હતા. ●



# કોરોના સંક્રમણના નિયંત્રણ માટે લેવાયેલા મહત્ત્વપૂર્ણ નિર્ણયો

વૈશ્વિક મહામારી કોરોના સામે સમગ્ર વિશ્વ લડી રહ્યું છે. ભારતના વૈજ્ઞાનિકોની મહેનતના પરિણામે કોરોના સામેની વેક્સિન પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં કોરોના રસીકરણ અભિયાનનો સુદ્દઢતા સાથે અમલ થઈ રહ્યો છે. સાથે કોવિડ-19ના નવા કેસોને કાબૂમાં રાખવા તેમજ નાગરિકોને સારી અને ઝડપી આરોગ્ય સુવિધા પૂરી પાડવા રાજ્ય સરકાર પૂરી પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણ નિયંત્રણ સંદર્ભે સાત જેટલા અત્યંત મહત્ત્વ નિર્ણયો લેવામાં આવ્યા છે.

રાજ્યમાં કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં સંક્રમિતોની સારવાર માટે ઓક્સિજન સપ્લાય પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી સંવેદના સાથે મુખ્યમંત્રીશ્રીએ આ સપ્લાય સુનિશ્ચિત કરવા ખાસ તાકીદ કરી હતી. તદઅનુસાર, બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, રાજ્યમાં ઓક્સિજનનું ઉત્પાદન કરનારા ખાનગી ઉત્પાદકોએ પોતાના ઉત્પાદનના ૬૦ ટકા કોરોના સંક્રમણ નિયંત્રણ માટે તબીબી સુવિધાઓ હેતુસર આરોગ્ય ક્ષેત્ર માટે આપવાના રહેશે. માત્ર ૪૦ ટકા ઉત્પાદન સપ્લાય તેઓ ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગમાં લઈ શકશે.

મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં મહાનગરપાલિકા ધરાવતાં ૮ મહાનગરોમાં ૫૦૦-૫૦૦ બેડનાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા તેમજ તેની તબીબી કામગીરીના સુપરવિઝન, દેખરેખ સંકલન માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભાવનગર અને ગાંધીનગર માટે ૮ IAS-IFS અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપી છે.

સંબંધિત જિલ્લાઓમાં જરૂરિયાત મુજબ જિલ્લા કલેક્ટરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી આવા ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર, કોવિડ કેર સેન્ટરની મંજૂરી આપી શકશે. રાજ્યમાં કોવિડ-19 દર્દીઓની સંખ્યામાં થઈ રહેલા સતત વધારાને ધ્યાનમાં રાખીને કોર કમિટીમાં એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે રાજ્યમાં ખાનગી નર્સિંગ હોમ, ક્લિનિક્સ આઈ.સી.યુ કે વેન્ટિલેટરની સુવિધા વિના ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર અને ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર શરૂ કરી શકશે. આવા ડેડિકેટેડ કોવિડ હેલ્થકેર સેન્ટર માટે પ્રતિદિન વધુમાં વધુ રૂ. બે હજાર અને ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર માટે પ્રતિદિન મહત્તમ ૧૫૦૦ રૂપિયા ચાર્જ લઈ શકાશે. આ ચાર્જમાં રેમડિસિવિર ઈન્જેક્શનની કિંમતોનો સમાવેશ થતો નથી એટલે કે આવાં ઈન્જેક્શનનો ચાર્જ અલાયદો લેવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજ્યમાં સોલા સિવિલ હોસ્પિટલ, એસ.વી.પી. હોસ્પિટલ, અમદાવાદ, ગુજરાત કેન્સર સોસાયટીની હોસ્પિટલ તેમજ એલ. જી. અને નગરી હોસ્પિટલ, અમદાવાદ આ બધી જ હોસ્પિટલોમાં કોરોના સંક્રમિતો માટે રેમડિસિવિર ઈન્જેક્શન આગામી ત્રણથી પાંચ દિવસમાં નહીં નફો નહિ નુકસાનના ધોરણે સંબંધિત હોસ્પિટલના મેડિકલ સ્ટોર્સમાંથી ઉપલબ્ધ કરાવાશે તેવો



પણ સંવેદનશીલ નિર્ણય કોર કમિટીમાં કર્યો છે. કોરોનાનો વ્યાપ અને ચેપ ફેલાતો અટકાવવા માસ્ક અનિવાર્ય છે. એટલું જ નહીં, યોગ્ય રીતે અને યોગ્ય માસ્ક પહેરવાથી ચેપ લાગવાની સંભાવના ઘટી જાય છે. આ સંદર્ભમાં સૌ ટ્રિપલ લેયર માસ્કનો ઉપયોગ કરે તે હિતાવહ છે

મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સમગ્ર વિષયની ગંભીરતા ધ્યાનમાં લઈને એવો નિર્ણય કર્યો છે કે, રાજ્ય સરકાર બધી જ APMC અને અમૂલ પાર્લર પરથી નજીકના ભવિષ્યમાં ટ્રિપલ લેયર માસ્ક માત્ર રૂ. ૧ની નજીવી કિંમતે ઉપલબ્ધ કરાવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈપટેલની અધ્યક્ષતાની આ કોર કમિટી બેઠકમાં રાજ્યની સમગ્રતયા કોવિડ-19 કોરોનાની સ્થિતિની નિયમિતપણે સમીક્ષા હાથ ધરવામાં આવે છે.

આ બેઠકમાં અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ, ફૂડ એન્ડ ડ્રગ કમિશનર શ્રી હિતેશ કોષિયા તેમજ આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે સહિતના વરિષ્ઠ અધિકારીઓ પણ જોડાયા હતા. ●

# ઉચ્ચ સ્તરીય બેઠકમાં કચ્છ જિલ્લા સંદર્ભે લેવાયેલા નિર્ણયો



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છ જિલ્લામાં કોરોનાની બીજી લહેરના સંક્રમણને કાબૂમાં લેવા જિલ્લાના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેમાં કોરોના સામેની લડાઈમાં રાજ્ય સરકાર હારશે નહીં, થાકશે નહીં અને મહત્તમ વ્યવસ્થા ઊભી કરવા બાબતે પોતાનો દૃઢનિશ્ચય વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કચ્છની વિવિધ સંસ્થાઓ, જનભાગીદારી થકી વધુ ૨૦૦૦ (બે હજાર) બેડની વ્યવસ્થા ઊભી કરવા અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત ભુજ ખાતે સમરસ હોસ્ટેલમાં ઓક્સિજન સુવિધા સાથે ૨૦૦ બેડની હોસ્પિટલ ટૂંક સમયમાં કાર્યરત થશે તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત રાજ્ય સરકારે કચ્છ જિલ્લામાં વેન્ટિલેટરની અછત દૂર કરવા માટે નવાં ૮૦ વેન્ટિલેટર ફાળવવાનો પણ નિર્ણય કર્યો હતો. આ સાથે જ મુખ્યમંત્રીશ્રીએ કચ્છ જિલ્લાને આરટીપીસીઆર ટેસ્ટ માટે લેબોરેટરીમાં વધુ એક લેબ મશીન આપવાની જાહેરાત કરી હતી.

તેમણે કચ્છની પીએચસી અને સીએચસીમાં સ્ટાફની ઘટ હોય ત્યાં સ્ટાફની ફાળવણી અંગે પણ વિચારણા કરી હતી. આ સાથે જ એમ. બી. બી.એસ. પાસ થયેલા વિદ્યાર્થીઓ જે પોસ્ટ-ગ્રેજ્યુએટની તૈયારી કરતા હોય તેઓની પરીક્ષાઓ રદ થતાં તેમને પણ કામગીરી સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

ભુજમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કચ્છમાં રેમડેસિવિર ઇન્જેક્શન, ઓક્સિજન, દવા, બેડ સહિત કોઈપણ પ્રકારની આરોગ્યલક્ષી વ્યવસ્થાનો અભાવ કે અછત નથી. આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છની પ્રજાને અપીલ કરતાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી મહામારી જેવા શબ્દો સાંભળવા મળતા હતા કે વાંચવા મળતા હતા તેની હવે અનુભૂતિ પણ થઈ રહી છે ત્યારે કચ્છીજનોને માસ્ક પહેરવું, કામ વગર ઘરની બહાર ન નીકળવા તેમ જ વેક્સિન લેવા અનુરોધ કર્યો હતો. આ સાથે જ કચ્છીજનોને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તમારી સાથે જ છે અને સરકાર સતત ચિંતા કરી રહી છે.

બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ તેમજ પ્રવાસન રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે, ‘‘વહિવટી તંત્ર સંકલનમાં રહીને કચ્છ જિલ્લામાં વિવિધ સ્થાનો પર કોવિડ હોસ્પિટલ, કોવિડ કેર સેન્ટર, રસીકરણ અભિયાન, કોરોના કેર સેન્ટરની લોકસંસ્થાઓના સહયોગથી ઊભી કરાઈ રહેલી વ્યવસ્થા, જનજાગૃતિ સહિત કોરોના સંક્રમણની બીજી લહેરને નાથવા માટે સફળ થઈશું’’ તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ તેમજ પ્રવાસન રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ ધારાસભ્ય સર્વેશ્રી ડૉ. નીમાબહેન આચાર્ય, વીરેન્દ્રસિંહ જાડેજા, માલતીબહેન મહેશ્વરી, પ્રદ્યુમ્નસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટર શ્રી પ્રવીણા ડી.કે., સહિત વહીવટી અને આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સાથે કોરોનાની સ્થિતિ અંગે ચર્ચાવિચારણા કરી હતી. ●

## રાજ્યમાં 26 શૈક્ષણિક સંસ્થાઓમાં RTPCR ટેસ્ટની સુવિધા શરૂ કરાશે

*રાજ્યમાં RTPCR ટેસ્ટની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા ૨૬ શૈક્ષણિક સંસ્થાઓમાં RTPCR ટેસ્ટની વ્યવસ્થા શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. માઈક્રોબાયોલોજી અને બાયોટેક્નોલોજી લેબોરેટરીની સુવિધાઓ ધરાવતાં આ શૈક્ષણિક સંસ્થાનોમાં RTPCR ટેસ્ટ શરૂ કરાશે.*

*આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, ૨૬ શૈક્ષણિક સંસ્થાનોમાં આવતી કાલથી જ RTPCR ટેસ્ટ શરૂ કરાશે, જેનાથી તમામ જિલ્લાઓમાં આરોગ્યના વહીવટી તંત્રને મોટી મદદ મળશે. જે તે જિલ્લાઓમાં આરોગ્ય તંત્ર RTPCR ટેસ્ટ માટે સેમ્પલ કલેક્ટ કરશે અને આ લેબોરેટરીઓને મોકલી આપશે. ગુજરાત રાજ્યની વર્તમાન ટેસ્ટિંગ ક્ષમતામાં આ વધારાની ૨૬ સંસ્થાઓની સુવિધા ઉમેરાતાં RTPCR ટેસ્ટ ક્ષમતા લગભગ બમણી થઈ જશે.*

*અહીં એ સ્પષ્ટતા જરૂરી છે કે, દર્દીઓ સીધા જ આ શૈક્ષણિક સંસ્થાઓમાં ટેસ્ટ માટે નહીં જઈ શકે, પરંતુ સ્થાનિક વહીવટી તંત્ર સેમ્પલ કલેક્ટ કરીને આ લેબોરેટરીઓ મારફતે RTPCR ટેસ્ટ રિપોર્ટ મેળવી આપશે.*

## HRCT સીટી સ્કેનનો મહત્તમ ભાવ રૂ. 3000



ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં કોરોનાના દર્દીઓ માટે આવશ્યક એવા સીટી સ્કેન- HRCT THORAX ના પરિક્ષણનો મહત્તમ ભાવ રૂપિયા 3,000 નક્કી કર્યો છે. સમગ્ર રાજ્યમાં આ ભાવ અમલી થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોર કમિટીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે કોરોનાના દર્દીઓને સીટી સ્કેનની આવશ્યકતા ઊભી થાય છે, અને HRCT રિપોર્ટ કરાવવો પડે છે. રાજ્ય સરકારના ધ્યાને આવ્યું હતું કે, અલગ-અલગ શહેરોમાં કાર્યરત ડાયગ્નોસ્ટિક સેન્ટર મનફાવે તે રીતે દર્દીઓ પાસેથી ભાવો લે છે. કોરોનાના દર્દીઓને હાલાકી ન ભોગવવી પડે અને તેમની મુશ્કેલીઓમાં રાહત મળે તે હેતુથી ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ દાખવીને તમામ ડાયગ્નોસ્ટિક સેન્ટર માટે HRCT સીટી સ્કેનના ભાવ રૂપિયા 3,000 નિયત કર્યા છે. ગુજરાતના કોઈપણ શહેરમાં કોઈપણ ડાયગ્નોસ્ટિક સેન્ટર કે લેબોરેટરી HRCT સીટી સ્કેન ના ભાવ રૂ. 3,000થી વધારે લેતા જણાશે કે જાણમાં આવશે તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તમામ લેબોરેટરીઓ અને ડાયગ્નોસ્ટિક સેન્ટરના સંચાલકોને અપીલ કરી છે કે, કોરોનાના દર્દીઓને વધુમાં વધુ રાહત આપી શકાય તે માટે તત્પર રહેવું જોઈએ. ●

## કુંભના મેળામાં ગયેલા ગુજરાતના તમામ શ્રદ્ધાળુઓના RTPCR ટેસ્ટ કરાશે

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ અટકે અને ઓછા લોકો સંક્રમિત થાય તે માટે સમગ્ર વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરી રહ્યું છે ત્યારે કુંભના મેળામાં ગયેલા ગુજરાતના તમામ શ્રદ્ધાળુઓ જ્યારે પરત ગુજરાત આવે ત્યારે તેમના *RTPCR* ટેસ્ટ કરાવ્યા બાદ જ તેમના વતનમાં પ્રવેશ અપાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે કુંભના મેળામા ગયેલા શ્રદ્ધાળુઓ જ્યારે ગુજરાત પરત ફરશે ત્યારે તે તમામ લોકોના



RTPCR ટેસ્ટ કરવામાં આવશે અને ટેસ્ટિંગ દરમિયાન કોઈ યાત્રિક સંક્રમિત હશે તો તેમને 14 દિવસ સુધી આઈસોલેશનમાં રાખીને અલગ કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે આવા યાત્રિકો સુપર સ્પ્રેડર ન બને તેની પણ તકેદારી સરકાર દ્વારા રાખવામાં આવી છે અને આ હેતુસર રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓને આદેશ કરી દેવામાં આવ્યા છે કે તેમના જિલ્લાના આવી કોઈ વ્યક્તિ કે યાત્રી કુંભના મેળામાંથી પરત આવે ત્યારે જે તે ગામમાં કે જિલ્લામાં નાકાબંધી કરીને તમામ યાત્રાળુઓનો કોરોનાનો ટેસ્ટ કર્યા બાદ જે નેગેટિવ હશે તેવા લોકોને જ ગામમાં પ્રવેશ આપવામાં આવે તેવી વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્રને સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. ●

## રાજ્યના ઈન્ટર્નસ અને રેસિડેન્સ ડૉક્ટર્સને કોવિડ સેવા માટે વિશેષ પ્રોત્સાહન

ગુજરાતમાં કોરોનાના આ સમયમાં મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરપી હોમિયોપથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્નસ તથા અનુસ્નાતક અને સુપર સ્પેશિયાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટસ ડૉક્ટર્સ કોરોનાના દર્દીઓની સારી સેવા-શુશ્રૂષા કરી રહ્યા છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે ઈન્ટર્નસ અને રેસિડેન્ટસ ડૉક્ટર્સના સ્ટાઈપેન્ડમાં રૂ.5000 વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

હવે કોવિડમાં સેવાઓ આપનાર તમામ ઈન્ટર્નસ અને રેસિડન્ટસ ડૉક્ટર્સને રૂપિયા 13,000ના સ્ટાઈપેન્ડ ઉપરાંત 30મી જૂન, 2021 સુધી દર મહિને વધારાના રૂપિયા 5,000નું ખાસ કોવિડ પ્રોત્સાહન આપવાનો પ્રોત્સાહક નિર્ણય લીધો છે. ●

### CM અને Dy.CM સાથે ડીડીઓની બેઠક

# ગ્રામ્યસ્તરે કોરોના સંક્રમણ અટકાવવા તમામ લોકોનાં ટેસ્ટિંગ અને વેક્સિનેશન ઉપર ભાર મૂકાયો



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને DDOનો સંબોધતાં કહ્યું હતું કે, ભારતમાં કોરોનાની બીજી લહેરમાં ગામડાંઓ પણ પ્રભાવિત થયાં છે ત્યારે તમામ લોકો ગભરાયા વિના સાવચેતી સાથે માસ્ક તથા સામાજિક અંતર જાળવે તે સુનિશ્ચિત કરવું પડશે. ગ્રામ્યસ્તરે કોરોના સંક્રમણ અટકાવવા ગામના તમામ લોકોનું ટેસ્ટિંગ અને વેક્સિનેશન ખૂબ જ જરૂરી છે. આરોગ્યકર્મીઓના સહયોગથી તમામ ઘરોનું ડોર ટુ ડોર સર્વેલન્સ કરીશું તો જ સાચી પરિસ્થિતિ ધ્યાનમાં આવશે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લાઓમાં કોરોનાની કામગીરીની સમીક્ષા અંગે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ-DDO સાથે વિડિયો કોન્ફરન્સ યોજાઈ હતી.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, ગામોમાં આગામી તા. ૧૧થી ૧૪ એપ્રિલ દરમિયાન વ્યાપક પ્રમાણમાં વેક્સિનેશન થાય તેવા કાર્યક્રમો કરવા પડશે. જિલ્લાના CHC અને PHCવાળાં ગામોમાં સમાજની વાડીઓમાં ૧૫-૧૫ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવો, જેથી માઇલ્ડ-એસિમ્ટોમેટિકને ગામમાં જ સારવાર આપી શકાય. અને શહેરોની હોસ્પિટલમાં ભારણ ઘટે. આ પ્રકારનો સફળ પ્રયોગ મોરબી જિલ્લામાં કરાયો છે તેને તમામ જિલ્લાઓ અનુસરે.

મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો કે, ગામના લોકો સ્વયંભૂ બિનજરૂરી અવર-જવર પર પ્રતિબંધ મૂકે, જરૂર જણાય તો આવા લોકોનું રજિસ્ટર પણ બનાવે. આ ઉપરાંત ગામોમાં કોરોના ટેસ્ટિંગ માટે લોકભાગીદારી પણ કરી શકાય.

દરેક ગામ કોરોનામુક્ત ગામ બને તે દિશામાં આપણે નક્કર કામ કરવું પડશે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગામમાં મહત્તમ ટેસ્ટિંગ અને વેક્સિનેશનનો ગામલોકો સંકલ્પ કરે તે જરૂરી છે. આ ઉપરાંત મોટાં શહેરોની આસપાસનાં ગામોમાં ટેસ્ટિંગ ઉપર વધુ ભાર મૂકવો પડશે, જેથી કોરોના સંક્રમણ આગળ વધતું અટકાવી શકાય. કોરોનાની પરિસ્થિતિમાં જિલ્લાઓમાં કોઈ મોટા કાર્યક્રમ નહીં યોજવા પણ મુખ્યમંત્રીશ્રીએ પદાધિકારીઓને કડક સૂચના આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કોરોનાકાળમાં લોકોની સેવામાં લાગી જવા નવા ચૂંટાયેલા જિલ્લા પંચાયત પ્રમુખ, તાલુકા પ્રમુખને હાકલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતુ કે, સુજલામ સુફલામ જળ અભિયાનના ચોથા તબક્કામાં જળસંચયનાં કામોમાં કોઈ જિલ્લો પાછળ ન રહે તે દિશામાં કામ કરવું પડશે. ગામમાં તળાવો ઊંડાં કરવાની યાદી તૈયાર કરવી જોઈએ. આ તળાવોની માટી ખેતરોમાં પણ નાખીને જમીનનું લેવલિંગ કરી શકાય. આગામી તા. 30 મે પહેલાં જળસંચયનાં કામો પૂરાં કરવાં પડશે. ગામનાં તળાવો ઊંડા કરી વધુ જળસંચય થાય તે દિશામાં જિલ્લા પ્રમુખોને આયોજન કરવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

બેઠકમાં અમદાવાદ, વડોદરા, પાટણ, કચ્છ, મહિસાગર, જૂનાગઢ અને ભાવનગર સહિતના જિલ્લાઓના પ્રમુખ અને DDOએ તેમના જિલ્લાની કોરોનાની સ્થિતિ અંગે મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. આ વિડિયો કોન્ફરન્સમાં ગાંધીનગરથી મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન, ગ્રામવિકાસ સચિવ શ્રી વિજય નહેરા સહિતના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. ●

# મુખ્યમંત્રીશ્રીનો રાજ્યનાં ૧૬૨ નગરોના જનપ્રતિનિધિ-અધિકારીઓ સાથે પરિણામલક્ષી સંવાદ

કોરોના માહામારી સામે સમગ્ર ગુજરાત મક્કમતાથી લડી રહ્યું છે. રાજ્યનું આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર તેમજ સમગ્ર વહીવટી તંત્ર નાગરિકોની સેવા માટે સતત ખડે પગે છે. ત્યારે કોરોના મહામારીમાં નાગરિકોને સારું આરોગ્ય મળે અને નગરો કોરોનામુક્ત બને તે માટે રાજ્યની ૧૬૨ નગરપાલિકાના રિજિયનલ કમિશનરશ્રીઓ, પ્રમુખો-ઉપપ્રમુખો અને ચીફ ઓફિસરો સાથે ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિડિયો કોન્ફરન્સથી સંવાદ યોજી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, રાજ્યનાં વિવિધ નગરોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને જનસેવાની તક મળી છે ત્યારે પોતાને ભાગ્યશાળી સમજી કોરોના સામેની લડતમાં આગેવાની લેશે તો કોરોનાને હરાવીને આપણે ઇતિહાસ બનાવીશું. સંસાધનોની મર્યાદા વચ્ચે 'વ્યથા નહીં વ્યવસ્થા'ના અભિગમથી નગરપતિઓ સેવાકાર્યની પ્રાથમિકતાઓ નક્કી કરે તે જરૂરી છે. આવડી મોટી મહામારી સામે લડત જનભાગીદારીથી જ જીતી શકાય છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નગરપાલિકાઓના વિસ્તારમાં કોરોના વાયરસ સંક્રમણના નિયંત્રણ હેતુ પોતાના નગરને કોરોનામુક્ત કરવાનો સંકલ્પ લઈ મહામારી સામેની લડતનું નેતૃત્વ કરવા નગરપાલિકા પ્રમુખોને સૂચન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, 'જાન ભી જહાન ભી'ના મંત્ર સાથે જનજીવન ચાલતું રહે અને પ્રજા ભયમુક્ત બને તે આપણી સૌની સામૂહિક જવાબદારી છે. આપણે ફરિયાદી નહીં, પરંતુ વ્યવસ્થાપક બનવાનું છે. સામાજિક સંસ્થાઓના સહયોગથી કોરોના રાક્ષસ સામે સેવાનું શસ્ત્ર ઉગામીશુ તો જરૂરથી જીત મળશે.

પ્રજામાં કોરોના મહામારી અને તેની સામે લડવાના ઉપાયો વિશે વ્યાપક જાગૃતિ આવે તે માટે આપણે પ્રયાસો કરવા પડશે.



માસ્ક, સેનિટાઇઝેશન વેક્સિનેશન, રેમડેસિવિર ઇન્જેક્શન અંગેની ગેરસમજ અને ભીડ એકઠી ન કરવા જેવી બાબતો વિશે લોકોને આપણે વધુ જાગૃત કરવા પડશે. સદીમાં એક વાર આવી મહામારી આવતી હોય છે ત્યારે જરૂરી દિશાનિર્દેશોનું પાલન થાય તે જરૂરી છે. લોકો બિનજરૂરી ઘરની બહાર ન નીકળે, વેક્સિન જરૂરથી લે અને યોગ્ય રીતે માસ્ક પહેરે તે પણ જરૂરી છે. નિયમોનું પાલન ન કરનાર વ્યક્તિ પોતે તો સંક્રમિત થાય છે, પરંતુ અન્યને પણ સંક્રમિત કરે છે.

રાજ્ય સરકારે નગરોમાં ભીડ એકત્રિત ન થાય તે માટે તમામ રાજકીય - સામાજિક કાર્યક્રમોના આયોજન પર પ્રતિબંધ લગાવ્યા છે. જિમ, મોલ, જાહેર સ્થળોને બંધ રાખવાના નિર્દેશો આપ્યા છે. મોટાં નગરોમાં કોરોના કર્ફ્યુનો અમલ કરાયો છે અને વખતોવખત તે અંગેનાં જાહેરનામાં પણ બહાર પાડ્યાં છે. ગયા વર્ષે આપણી પાસે કોરોના સામેની લડતનો અનુભવ નહોતો. શરૂઆતમાં પરિસ્થિતિ એવી હતી કે માસ્કનું ઉત્પાદન પણ પૂરતું નહોતું, જ્યારે આ વર્ષે આપણી પાસે પૂરતા માસ્ક, વેન્ટિલેટર, ઓક્સિજનનો જથ્થો, પથારીઓ, વેક્સિન અને એક વર્ષનો અનુભવ જેવા કોરોના સામેનાં યથાર્થ શસ્ત્રો છે. હાલ કોરોનાની વધુ વ્યાપક અને તીવ્ર એવી બીજી લહેરનો આપણે સામનો કરી રહ્યા છીએ ત્યારે આવશ્યક તમામ તકેદારી અને નિયમોના પાલનથી જ રાજ્યમાં વધી રહેલા કોરોના કેસને નિયંત્રિત કરી શકીશું.

બેઠકની શરૂઆતમાં મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અશ્વિનીકુમારે રાજ્યમાં કોરોના સંક્રમણ અને આરોગ્ય માળખાની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત આંકડાકીય વિગતો આપતું પ્રેઝન્ટેશન આપ્યું હતું, જેમાં ગુજરાત રાજ્યની દેશનાં અન્ય રાજ્યની સાપેક્ષે કોરોના સંક્રમણ સ્થિતિનું તુલનાત્મક વિશ્લેષણ, ગુજરાતમાં કોરોના કેસ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટ, હોસ્પિટલમાં બેડની સુવિધા, વેન્ટિલેટર-ઓક્સિજનની ઉપલબ્ધતા, રેમડેસિવિર ઇન્જેક્શન, જરૂરી દવાઓ અને વેક્સિનેશનની ટકાવારી, દર્દીઓનો રિકવરી રેટ અને કોરોના નિયંત્રણ માટેનું ભાવિ આયોજન સહિતની તમામ માહિતી નગરપાલિકાના પાદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓને આપી હતી.

ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ. કે. દાસ, હાઉસિંગ વિભાગના સચિવશ્રી લોચન શહેરા, GUDMના MD શ્રી રાજકુમાર બેનિવાલ અને મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી. શ્રી કમલ શાહે આ વિડિયો કોન્ફરન્સમાં જોડાઈને જરૂરી સૂચનો કર્યાં હતાં. ●

### સંતો - મહંતો સાથે VC દ્વારા CMનો સંવાદ

# કપરા કાળમાં ઇશ્વરે અમને સોંપેલી જનસેવાની જવાબદારી નિષ્ઠા અને પરિશ્રમપૂર્વક બજાવી રહ્યાં છીએ - CM










રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, કોરાના જેવી મહામારી સામે લડવા નાગરિકોનું મનોબળ મજબૂત રીતે ટકી રહે એ જરૂરી છે અને લોકોનું મનોબળ ટકાવી રાખવા સાધુ, સંતો, મહંતો અને ધાર્મિક વડાઓની ભૂમિકા વિશેષ મહત્ત્વની છે. આજે ગુજરાતના વિવિધ ધર્મો-સંપ્રદાયોના સંતો-મહંતો સાથે વિડિયો કોન્ફરન્સ મારફતે સંવાદ કરતાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, સાધુ-સંતોના આશીર્વાદ અને લોકોના સહયોગથી જ ગુજરાત આ વિકટ પરિસ્થિતિ સામે લડી શકશે. વધુ ને વધુ નાગરિકો વેક્સિન લે એ માટે અપીલ કરવા તેમણે સંતોને અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આજ સૌ સંતોના આશીર્વાદ, માર્ગદર્શન, સૂચનો અને તમામ સહકાર આપવાની તત્પરતાથી અમારા ઉત્સાહમાં ખૂબ વધારો થયો છે. કોરાનાના પહેલા તબક્કામાં આપણને કોરાનાની સમજ પણ નહોતી. કોવિડ હોસ્પિટલ, વેન્ટિલેટરની સુવિધા પણ નહોતી. રાજ્ય પાસે તે વખતે N-95 માસ્ક પણ ઉપલબ્ધ નહોતા. વેક્સિનનો તો પ્રશ્ન જ નહોતો, ક્યારે આવશે તે નક્કી જ નહોતું. જ્યારે આજે બીજા તબક્કામાં આપણી પાસે કોવિડ સંબંધી સંસાધનો ઉપલબ્ધ છે, પરંતુ કોરોનાનો આંક ખૂબ ઊંચો છે ત્યારે ભવિષ્યની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપણે સૌએ સાથે મળીને આયોજન કરવાની જરૂર છે. આપ સૌ સાધુ-સંતોના આશીર્વાદ અને લોકોના સહયોગથી આ પરિસ્થિતિ સામે લડવાનું છે અને જીતવાનું પણ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આવી મહામારી-લડાઈ સામે નાગરિકોનું મનોબળ તૂટે નહીં, તેમનો રોગ સામેનો જુસ્સો જળવાઈ રહે તે ખૂબ જ મહત્વનું છે અને તો જ આપણે જંગ જીતીશું. આપણે જરૂરી સાધનો-વ્યવસ્થા સાથે પહોંચી વળીશું. લોકોનું મનોબળ ટકાવી રાખવા સાધુ-સંતો, મહંતો, વિવિધ ધર્મોના વડાઓનો સહકાર મળે તે ખૂબ જ જરૂરી છે. મુખ્યમંત્રી રૂપાણીએ આદરપૂર્વક વિવિધ ધર્મ, સમાજના વંદનીય સંતોને અપીલ કરી હતી કે, તમામ ધર્મ-જ્ઞાતિ સમાજના લોકો વધુમાં વધુ વેક્સિન લગાવે તેવો તેના માટે સામેથી પ્રયાસ કરે તે ખૂબ જરૂરી છે. પૂજ્ય અવિચલદાસજીએ જણાવ્યું કે, વેક્સિનના પ્રમાણપત્ર વિના મંદિરમાં પ્રવેશ નહીં તેવા નિર્ણયો ભક્તો-લોકોના હિતમાં કરવાથી આપણે આ મહામારીમાંથી જલદી બહાર આવી શકીશું.

તેમણે કહ્યું હતું કે, સદીમાં એકાદ વાર આવી મહામારી આવતી હોય છે. સ્પેનિશ ફ્લુ ૧૯૨૦ પછી ૧૦૦ વર્ષ બાદ આ ૨૦૨૦માં કોરોના મહામારી આવી છે. ભગવાને આપણને આ કામમાં વધુમાં વધુ લોકોની સેવા કરવાની તક આપી છે. આપણને પુણ્ય કમાવાનો મોકો આપ્યો છે તો વધુમાં વધુ લોકોની સેવા કરવાનો સરકાર પ્રયાસ કરી રહી છે. ભગવાને અમને આપેલી આ જવાબદારી અમે ખૂબ જ નિષ્ઠા-મહેનતથી નિભાવી રહ્યા છીએ તેમાં નિષ્ફળ થયા વિના વધુમાં વધુ લોકો-માનવજાતની આપણે સૌ એકબીજાના સહકારની ભાવનાથી જીવ બચાવી શકીએ તેવા હેતુથી આજે આ સાધુ-સંતોનો, વિવિધ ધર્મના વડાઓનાં સૂચનો-માર્ગદર્શન માટે સંવાદનું આયોજન કર્યું છે, તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મને ચોક્કસ વિશ્વાસ છે કે, આપણે સાથે મળી કોરોનાને હરાવીશું અને ગુજરાતને જિતાડીશું. ●

> કોરોના જેવી મહામારી સામે લડવા નાગરિકોનું મનોબળ મજબૂત રીતે ટકી રહે એ જરૂરી છે અને લોકોનું મનોબળ ટકાવી રાખવા સાધુ, સંતો, મહંતો અને ધાર્મિક વડાઓની ભૂમિકા વિશેષ મહત્ત્વની: CM રૂપાણી

# તબીબો અને દર્દીઓ સાથે વાતચીત કરીને તેમનો ઉત્સાહ વધારતા CM

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં અમદાવાદ, રાજકોટ અને વડોદરાની સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટર અને કોરાના સંક્રમિત દર્દીઓ સાથે સંવાદ યોજ્યો હતો.

જેમાં મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલની કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલના કોરોના વોર્ડમાં ખડેપગે રાઉન્ડ ધ ક્લોક ફરજાવી રહેલા તબીબો, નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફ સાથે સીધો સંવાદ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી સાથે આ કોન્ફરન્સ મારફતે સંવાદ કરીને સિવિલ હોસ્પિટલની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગેનો ચિતાર મેળવ્યો હતો.

કોરોના ડેઝીગ્નેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમા કોરોના નોડલ તરીકે ફરજ બજાવતા ડૉ.કાર્તિકેય પરમાર કોરોના વોર્ડમાંથી સીધા આ સંવાદમાં જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ડૉ. કાર્તિકેય પરમારને કોરોના હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓની સ્વાસ્થ્ય સ્થિતિ અને કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ વિશેની વિસ્તૃત માહિતી મેળવી હતી. ડૉ. કાર્તિકેય પરમારે પણ કોરોના હોસ્પિટલના સમગ્રતયા વ્યવસ્થાપન અને દર્દીઓની કરવામાં આવી રહેલી સારવાર પધ્ધતિથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને વાકેફ કર્યા હતા. તેઓએ સિવિલ હોસ્પિટલમાં વૈશ્વિક કક્ષાની સુપર સારવાર આપવામાં આવી રહી હોવાનું કહીને સરકાર દ્વારા જરૂરિયાત મુજબની તમામ સવલતો ત્વરીત ઉપલબ્ધ કરાવવા બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

કોરોનાની ૧૨૦૦ બેડ હોસ્પિટલના આઇ.સી.યુ. વોર્ડમાં સારવાર લઇ રહેલા પૂર્વ પોલિસ જવાન ચંદ્રબહાદૂર થાપા સાથે પણ મુખ્યમંત્રીશ્રી એ સીધો સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ચંદ્રકાંતભાઇ થાપાના ખબર અંતર પુછીને તેઓને મળી રહેલી સારવાર અંગેના તેમના પ્રતિભાવ તેમના શબ્દોમાં સાંભળ્યા હતા. કોરોનાગ્રસ્ત થયેલા ચંદ્રકાંત થાપાએ અમદાવાદ સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર મળી રહી હોવાનું જણાવી, અંહીના તબીબો, નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફ થી લઇ સફાઇકર્મીઓ ખૂબ જ સેવાભાવી હોવાનું કહ્યું હતું. તેઓએ અહીના સ્ટાફ મિત્રો દ્વારા તેમની રાખવામાં આવી રહેલી દેખરેખ અને તેમની સારવાર પધ્ધતિ વિશે મુખ્યમંત્રી શ્રીને વિસ્તૃત માહિતી આપી સ્મિત સાથે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ વીડિયો કોન્ફરન્સમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, રાજકોટ અને વડોદરાના પદાધિકારીઓ- અધિકારીઓ તેમજ આરોગ્ય કમિશનર શ્રી જયપ્રકાશ શિવહરે, રાહત કમિશનર શ્રી હર્ષદ પટેલ, અમદાવાદ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી ઓમ પ્રકાશ, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. જે.વી. મોદી સહિત નિષ્ણાંત તબીબો જોડાયા હતા. ●



# જિલ્લાઓની પરિસ્થિતિનું જાતનિરીક્ષણ કરી તાગ મેળવી માર્ગદર્શન આપતા CM

**ગુજરાત રાજ્યમાં કોરોનાની બીજી લહેરમાં સંક્રમણમાં વધારો થયો છે. આ સંક્રમણ મહાનગરો ઉપરાંત નાના શહેરો અને ગામડાઓમાં વધી રહ્યાં છે. ત્યારે રાજ્યમાં કોરોનાની પરિસ્થિતિની જાત માહિતી મેળવવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા વિવિધ જિલ્લાઓની મુલાકાત લઇને જાત માહિતી મેળવવામાં આવી હતી. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની સાથે મોરબી, પાટણ જિલ્લાની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગને જરૂરી સૂચનો આપ્યા હતાં. આ ઉપરાંત, મંત્રીમંડળનાં સદસ્યશ્રીઓએ પણ વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈને કોવિડ-19ની પરિસ્થિતિ અંગે જાણકારી મેળવી હતી અને વહીવટીતંત્રને જરૂરી સૂચન કર્યાં હતા.**

## મોરબીમાં કોરોનાની સ્થિતિને કાબુમાં લેવા મુખ્યમંત્રીશ્રીની ઉચ્ચસ્તરીય બેઠક

મોરબીમાં કોરોનાની બીજી લહેરના સંક્રમણને કાબૂમાં લેવા જિલ્લાના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોનાના સંક્રમણને કાબૂમાં લેવા ગુજરાતે અસરકારક પગલાં લીધા છે. મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંદર્ભે ટેસ્ટીંગ, ટ્રેસ્ટીંગ અને ટ્રીટમેન્ટ (ત્રણ ટી) પર ભાર મુકી સ્પષ્ટ કહ્યું કે, ગુજરાત સરકાર લોકોની સમજદારી-સાવધાનીના સહયોગ સાથે કોરોનાની વર્તમાન સ્થિતિના પડકારને પાર પાડશે.

મોરબીમાં મુખ્યમંત્રીશ્રીએ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મોરબીમાં સ્થિતિ કાબુમાં છે, બીજી લહેરમાં કોરોનાના કેસો બીજા શહેરોની જેમ મોરબીમાં પણ વધ્યા છે પણ અસરકારક પગલા લેવાઈ રહ્યા છે જેના લીધે લોકોના વધારે પ્રમાણમાં ટેસ્ટ કરીને સંક્રમણને કાબુમાં લેવા વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ સાથે જ મુખ્યમત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જે ગ્રામીણ વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધુ હોય ત્યાં સમગ્ર ગામનું કોરોના ટેસ્ટીંગ માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરાશે. વધુમાં જણાવ્યું હતું કે, મોરબીમાં મેડિકલ ઓક્સીજનની પૂરતી સપ્લાય ઉપલબ્ધ છે જોકે તાકીદની જરૂરીયાતને ધ્યાને લઇ સામાજિક સંસ્થાને મેડિકલ ઓક્સીજન માટે મીની પ્લાન્ટ સ્થાપવા માટેની કાર્યવાહી કરવા પણ વહિવટી તંત્રને સુચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ મોરબી જિલ્લામાં રાજય સરકાર દ્વારા તાત્કાલીક અસરથી લેવાયેલા અસરકારક પગલાંના સંદર્ભમાં કહ્યું હતું કે, મોરબી સિવિલ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટીંગ માટે નવી લેબોરેટરી કાર્યરત થઇ જશે. મોરબીમાં સરકારી ૨૮૦ સહિત અંદાજે ૯૦૦ બેડની વ્યવસ્થા છે. હજુ ખાનગી હોસ્પિટલો, ટ્રસ્ટો, સમાજોના સહકારથી કોરોનાની માઇલ્ડ-સામાન્ય અસરવાળા દર્દીઓને ગ્રામ્ય કક્ષાએ સારવારની સુવિધા મળી રહે તે માટે લોકસહયોગ અને સરકારના સંકલનથી નવી ૫૦૦ બેડની સુવિધા ઉભી કરાશે.

મુખ્યમંત્રીશ્રીએ લોકોને આ સંદર્ભે અપીલ પણ કરી હતી કે, રેમડેસિવિર ઈન્જેક્શનના બીનજરૂરી ઉપયોગથી લિવર તેમજ કીડની જેવા શરીરના મહત્વના અંગોને નુકસાન થાય છે તેવો નિષ્ણાંતોનો મત છે. સરકાર પાસે પૂરતો જથ્થો છે પણ નિષ્ણાંત-તજજ્ઞ તબીબોની સલાહ પ્રમાણે જરૂર જણાય તો જ લેવો જોઇએ.

મુખ્યમંત્રીશ્રીએ મોરબીના જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કોરોનાના સંક્રમણને કાબૂમાં લેવાયેલા પગલાં અંગે સંતોષ વ્યક્ત કરી મોરબી સિવિલ હોસ્પિટલમાં તમામ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળે તે માટે મેનેજમેન્ટ બાબતે અધિકારીઓની વિશેષ નિયુક્તિ કરવા માર્ગદર્શન આપી, મોરબીના પ્રભારી સચિવશ્રી મનીષા ચંદ્રા





હાલના દિવસોમાં સીધી દેખરેખ રાખશે તેમ પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં સાંસદશ્રી મોહનભાઇ કુંડારિયા, ધારાસભ્યશ્રી પરષોત્તમ સાબરિયા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવશ્રી જયંતિ રવિ, પ્રભારી સચિવશ્રી મનિષા ચન્દ્રા, જિલ્લા કલેક્ટરશ્રી જે.બી. પટેલ, રેન્જ આઇ.જી. સંદિપ સિંઘ, જિલ્લા પોલીસ વડા એસ.આર. ઓડેદરા, અધિક કલેક્ટરશ્રી કેતન પી. જોષી, સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. અને સિવિલ સર્જન સહિતના અધિકારીઓની ઉપસ્થિતમાં કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી.

## પાટણમાં કોરોનાના ટેસ્ટિંગ માટે નવા ટેસ્ટિંગ મશીન અને નવા ૫૦૦ બેડની વ્યવસ્થા ઉભી કરાશે

સમગ્ર રાજ્યમાં કોરોનાની બીજી લહેર દરમિયાન સંક્રમણ જે રીતે વધી રહ્યું છે તેને ધ્યાને રાખીને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા રાજ્યભરમાં અસરકારક આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે પાટણ જિલ્લામાં કોરોના સંક્રમણને નાથવા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સર્વગ્રાહી સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે કોરોના સંક્રમણ અટકાવવા પાટણ જિલ્લામાં દરરોજના ૫૦૦૦ કોરોનાના ટેસ્ટ કરવા માટેની વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં પોઝિટિવ કેસ આવ્યા છે ત્યાં કન્ટેઈન્ટમેન્ટ ઝોન વધારવામાં આવશે તથા કન્ટેઈન્ટમેન્ટ ઝોનનું કડક પાલન થાય એવી સૂચનાઓ પણ સબંધિતોને આપવામાં આવી છે. તેમણે કહ્યું કે સરકારી હોસ્પિટલોમાં રેમડેસિવિર ઈંજેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે સમગ્ર રાજ્યમાં ગત તા.૧ થી ૧૦ એપ્રિલ સુધીમાં માત્ર દસ દિવસમાં લગભગ ૨.૮૦ લાખથી વધુ રેમડેસિવિર ઈંજેક્શનનો જથ્થો રાજ્ય સરકારે પૂરો પાડ્યો છે. આજથી અમદાવાદમાં કેડિલા કંપની દ્વારા રેમડેસિવિર ઈંજેક્શનનું પુન:વેચાણ શરૂ કરવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે, અમદાવાદમાં ૫૦,૦૦૦ થી વધુ જ્યારે રાજકોટ, વડોદરા અને સુરતમાં ૨૫-૨૫ હજાર રેમડેસિવિર ઈંજેક્શનની વ્યવસ્થા કરી છે અને તેની વધુ જરૂરિયાતને પહોંચી વળવા ૩ લાખ રેમડેસિવિર ઈંજેક્શનનો રાજ્ય સરકારે ઓર્ડર આપ્યો છે. આજે ભારતમાં સૌથી વધુ રેમડેસિવિર ઈંજેક્શનની વ્યવસ્થા કરનારું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે જે લોકોને ઈંજેક્શનની જરૂરિયાત હોય તે લોકો જ રેમડેસિવિર ઈંજેક્શન ખરીદે જેથી કારણ વગરની તંગી ઉભી ન થાય તેની આપણે સૌ તકેદારી રાખીએ.







મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોરોનાની આ બીજી લહેર સમગ્ર ભારતમાં ઉચા આંક સાથે વધી રહી છે ત્યારે ગુજરાતમાં પણ કોરોનાનું સંક્રમણ વધ્યું છે. આ સંક્રમણને કાબૂમાં લેવા રાજ્ય સરકારે અસરકારક પગલાં લીધા છે. મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંદર્ભે ટેસ્ટીંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મુકતા સ્પષ્ટ કહ્યુ કે, પાટણ જિલ્લામાં કોરોનાના ટેસ્ટિંગ માટે નવું મશિન આપવામાં આવ્યું છે. જેનાથી હવે આર.ટી.પી.સી.આર ટેસ્ટનો રિપોર્ટ માત્ર છ કલાકમાં મળી જશે.

તેમણે ઉમેર્યુંહતું કે પાટણ સહિત સમગ્ર રાજ્યમાં ઓક્સિજન, રેમડેસિવિર ઈંજેક્શન અને પૂરતા પ્રમાણમાં બેડ સહિતની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે અને તેના માટે યુદ્ધના ધોરણે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. છેલ્લા દસ દિવસમાં રાજ્યભરમાં રાજય સરકારે પંદર હજાર નવા બેડ ઉભા કરી લોકોને સારવાર મળે તેની વ્યવસ્થાઓ કરી છે. ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓને સારવાર મળી રહે એ માટે રાજ્ય સરકારે સબંધિતોને આદેશો કરી દીધા છે. કોવિડ હેલ્થ સેન્ટરમાં સંક્રમિતોને સારવાર મળી રહે તેવી વ્યવસ્થા પણ રાજ્યભરમાં ઉભી કરાઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે જે લોકો ઘરે રહી હોમ આઈસલેશનમાં સારવાર લઈ રહ્યા છે તેમને ઘેર બેઠા રાજ્ય સરકાર દ્વારા દવાઓ અને સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ પાટણની સેવાભાવી સંસ્થાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે જિલ્લાની વિવિધ સેવાભાવી સંસ્થાઓએ કોરોનાના હળવા લક્ષણો ધરાવતા દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટર શરૂ કરી ખૂબ સારી વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રીશ્રીએ પાટણ જિલ્લામાં કોરોનાના દર્દીઓને સત્વરે સારવાર માટે નવા ૫૦૦ બેડની સુવિધા ઉભી કરવાની જાહેરાત કરી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો પર પણ કોવિડ કેર સેન્ટર શરૂ કરાશે. જેનાથી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પાટણ શહેર સુધી આવવું નહિ પડે અને ત્યાં જ એમને યોગ્ય સારવાર મળી રહે એની ચિંતા રાજ્ય સરકારે કરી છે એટલું જ નહિ સિદ્ધપુર, રાધનપુર અને ચાણસ્મામાં પણ કોવિડના દર્દીઓ માટે બેડની સુવિધાઓ વધારવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ ધારપુર મેડિકલ કોલેજ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કોરોનાની વર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાનુમતીબેન મકવાણા, પાટણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સ્મિતાબેન પટેલ, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવશ્રી ડૉ. જયંતિ રવિ, ખાસ ફરજ પરના અધિકારી અને પ્રવાસન અગ્ર સચિવશ્રી મમતા વર્મા સહિત અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જેતપુર શહેર-ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણની સ્થિતિની સમીક્ષા કરતા મંત્રી શ્રી જયેશભાઇ રાદડીયા

કોરોના સંક્રમણની સાંકળ તોડવા કેવા પગલાં લઈ શકાય, તે અંગે વેપારી મંડળો, આગેવાનો અને વહીવટીતંત્ર સાથે જેતપુર માં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ સમીક્ષા બેઠક યોજી હતી, અને તેમના મંતવ્યો જાણ્યા હતા.

રાજ્યમાં કોરોના સંક્રમણને ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા



## પૂર્વ કચ્છની કોરોના કોવીડ-૧૯ અંગે રાજયમંત્રીશ્રીએ સમીક્ષા બેઠક કરી

પૂર્વ કચ્છમાં પ્રવર્તમાન કોરોના કોવીડ-૧૯ની પરિસ્થિતિને લઇને રાજયમંત્રીશ્રી વાસણભાઇ આહિરે તાજેતરમાં ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ગાંધીધામ ખાતે કોવીડ-૧૯ની સમીક્ષા બેઠક કરી હતી. ગાંધીધામના ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએ પણ બેઠકમાં કોવીડ સમીક્ષા કરી હતી.

અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર તાલુકાના વહીવટી, આરોગ્ય અને પોલીસ તંત્રના સબંધિત સંકળાયેલા અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં રાજયમંત્રીશ્રીએ પૂર્વ કચ્છની કોવીડ-૧૯ની પરિસ્થિતિ બાબતે તલસ્પર્શી છણાવટ કરી હતી.

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ અને પ્રવાસન રાજયમંત્રીશ્રી વાસણભાઇ આહિરે કોવીડ-૧૯નાં મેન પાવર વિશે વિગતે માહિતી મેળવી ઉપલબ્ધ સાધન સુવિધા બાબતે પણ તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, તબીબો, નગરપાલિકા ચીફ ઓફિસરો, પોલીસ અને પ્રાંત અધિકારીશ્રીઓ અંજાર ડો.વી.કે.જોશી અને ભચાઉશ્રી પી.એ.જાડેજા સાથે સમીક્ષા કરી હતી.

પૂર્વ કચ્છમાં રેમડેસીવીર રસી, હોસ્પિટલ સુવિધા, આઈસીયુ, વેન્ટીલેટર, રસી, બેડ, તબીબો, સ્ટાફ, સેનેટાઈઝેશન, ધનવંતરી રથ, રેપીડટેસ્ટ, આરટીપીસીઆર, ઓકિસજન સુવિધા બાબતે વિગતે માહિતીગાર થઇ તેનો સત્વરે ઉકેલ લાવવા સબંધિતોને તત્કાળ અરસથી પુરવઠો પુરો પાડવા માટે જણાવ્યું હતું. માઇક્રો કન્ટેન્મેન્ટ ઝોન માટે પણ જાહેર જનતામાં જાગૃતિ અને ભયમુકત વાતાવરણ ઉભું કરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તબીબો, સબંધિત કર્મીઓની, હોસ્પિટલો, સાધન સુવિધા અને મેનપાવર બાબતે સગવડોની રજુઆત રાજયમંત્રીશ્રીએ આ તકે સાંભળી સબંધિતોને આ બાબતે તત્કાળ અમલ માટે સૂચન કર્યુ હતું. ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએ પણ સબંધિતો સાથે કોવીડ-૧૯ બાબતે માહિતી મેળવી રાજયમંત્રીશ્રીને રજુઆત કરી હતી.

મંત્રીશ્રીએ ઉપસ્થિત પોલીસ અધિકારીશ્રીઓને તાકિદ કરી હતી કે કોરોના ગાઇડલાઇન ચુસ્તપણે અમલવારી કરાવી કાયદાકીય રીતે તેનું પાલન કરાવી પ્રજાની સુરક્ષા અને સલામતી વધારો. પૂર્વ કચ્છમાં આરોગ્ય અને કાયદાની સતર્કતાથી પ્રજાની સલામતી વધશે. આ તકે ગાંધીધામ અને અંજાર તેમજ કોવીડ-૧૯ સાથે સંકળાયેલા તમામ અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ●



વિવિધ તકેદારીના પગલાં લઈ પરિણામલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે એ સંદર્ભે જેતપુરના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સંક્રમણ અંગે વધુમાં વધુ સાવચેતી રાખવામાં આવે અને તકેદારીરૂપે આગામી દિવસોમાં સ્વૈચ્છિક રીતે શું કરી શકાય, તે અંગે મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાએ જેતપુર ખાતે ચેમ્બર ઓફ કોમર્સ અને જેતપુર શહેરના વિવિધ વેપારી મંડળો, માર્કેટિંગ યાર્ડના આગેવાનો અને વહીવટીતંત્રને સાથે રાખીને કોરોના સંક્રમણ સામે લોકોની સુરક્ષા વધે એ બાબતે સમીક્ષા કરી હતી અને સંસ્થાઓ તેમજ આગેવાનોના મંતવ્યો મેળવ્યા હતા.

કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે આગામી દિવસોમાં આ તમામ વેપારી મંડળો અને સંસ્થાઓએ સાથે મળીને સ્વૈચ્છિક રીતે જેતપુર શહેર અને ગ્રામ્ય પંથકના લોકો માટે શું કરવું તેનો નિર્ણય સંસ્થાઓ દ્વારા જ કરવામાં આવે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું અને કહ્યું હતું કે જે લોકો રોજેરોજનું કમાઈને પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે, તેવા નાના લોકોને કોઈ મુશ્કેલી ન પડે અને નાના ધંધા-રોજગારને પણ અસર ન થાય તે પ્રમાણે સ્વૈચ્છિક રીતે સંસ્થાઓ સાથે મળી સંક્રમણને રોકવા માટે આગામી દિવસોમાં નિર્ણય કરે, જેનાથી કોરોના સામે લોકોની સુરક્ષા વધે, તે મુજબ સ્વૈચ્છિક રીતે નિર્ણય લેવા મંત્રીશ્રીએ ઉપસ્થિતોને જણાવ્યું હતું. અને હાલ જે વેક્સિનેશનની કામગીરી થઈ રહી છે તેને હજુ વધુ વેગ મળે તે માટે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ રસીકરણનો વ્યાપ વધે તેવા પ્રયાસ જરૂરી છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું અને લોકો રસીકરણ માટે રસીકરણબુથસુધી આવે તે માટે સ્થાનિક સંસ્થાઓ સહભાગી બને તેવી અપીલ કરી હતી.આપ્રસંગે જેતપુર શહેરના પદાધિકારીઓ-અધિકારીઓસહિત વિવિધ વેપારી મંડળોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રત્યેક નાગરિકની જીંદગી બચાવવી એ રાજ્ય સરકારની પ્રાથમિકતા

અમદાવાદમાં વધતા જતા કોરોના કોવિડના કેસ અને સમગ્ર આરોગ્ય સુવિધાની સ્થિતિ ઉપર રાજ્ય સરકાર નજર રાખી રહી છે. દર્દીઓને ઉત્તમોત્તમ સારવાર મળે અને ઝડપથી સાજા થાય તેવી વ્યવસ્થા અને આયોજન કરવામાં આવી રહ્યું છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સ્વયં આ બાબતે દરકાર લઇ રહ્યાં છે. તાજેતરમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ તાજેતરમાં અમદાવાદ સિવિલ મેડિસીટી સ્થિત યુ.એન. મહેતા હાર્ટ ઈન્સ્ટીટ્યુટની હોસ્પિટલમાં નિર્માણાધીન હોસ્ટેલમાં ઉભી કરાયેલી નવીન કોવિડ પથારીઓનું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળતી કોર કમિટીની બેઠકમાં રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ પર વહેલી તકે નિયંત્રણ મેળવવા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં હોવાનું જણાવ્યું હતું.

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઇને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું કે, ઓક્સિજનની જરૂરિયાત હોય તેવા દર્દીઓ જ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખે. સામાન્ય કોરોના સંક્રમણમાં હોમ આઇસોલેશનમાં સારવાર મેળવવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ અપીલ કરી હતી.

યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ દ્વારા પી.આઇ.યુ. ના સહયોગથી ખૂબ જ ટૂંકા ગાળામાં કાર્યરત કરીને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેમણે સિવિલ મેડીસીટીની કોવિડ ડેઝીગ્નેટેડ કિડની હોસ્પિટલમાં ઓક્સિજનની સુવિધા યુક્ત 80 પથારી, જી.સી.આર.આઇ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં વધુ 30 ઓક્સિજનયુક્ત પથારી વધારવાની જાહેરાત કરી હતી. તદ્દપરાંત તમણે મંજુશ્રી મીલ કંપાઉન્ડ સ્થિત કિડની હોસ્પિટલમાં કાર્યરત કોરોના ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં પણ ટૂંક સમયમાં વધુ 100 જેટલી પથારી તેમજ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે 900 કોવિડ બેડ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરાશે તેમ જણાવ્યું હતુ.

તેઓએ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલમાં સરકાર દ્વારા ઓક્સિજનનો પર્યાપ્ત જથ્થો તમામ સરકારી હોસ્પિટલમાં પૂરો પાડવામાં આવી રહ્યો હોવાનું જણાવી શ્રી પટેલે કોરોના વોરિયર્સ એવા આરોગ્ય કર્મચારીઓની ફરજનિષ્ઠાને બિરદાવી હતી.●

### ભારત સરકાર અને DRDOના સહયોગથી ગુજરાત સરકારની અભૂતપૂર્વ પહેલ

# અમદાવાદમાં યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટરમાં ૯૦૦ બેડની કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરાશે

કોરોનાના વધતા જતા સંક્રમણને ધ્યાનમાં રાખીને દર્દીઓને સારામાં સારી સારવાર આપવાની પ્રતિબદ્ધતા સાથે ગુજરાત સરકારે ભારત સરકારના ગૃહ મંત્રાલયના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (DRDO)ના સહયોગથી અમદાવાદમાં ૯૦૦ બેડની સંપૂર્ણ સુવિધાસજ્જ ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલ ઉભી કરવાની અભૂતપૂર્વ પહેલ કરી છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ કાર્યરત કરાશે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગરમાં કોર કમિટીની બેઠકમાં હોસ્પિટલના નિર્માણ અંગે વિસ્તૃત સમીક્ષા કરી હતી. અમદાવાદમાં ૧૩૨ ફૂટ રીંગ રોડ પર આવેલા ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ૯૦૦ બેડની ડેડીકેટેડ કોવિડ કેર હોસ્પિટલમાં ૧૫૦ આઇ.સી.યુ. બેડ હશે, જ્યાં ૧૫૦ વેન્ટિલેટર્સની વ્યવસ્થા પણ હશે. આ બધા ૯૦૦ બેડ ઓક્સિજનની સુવિધા સાથેના હશે. જો જરૂર પડે તો વધુ ૫૦૦ પથારીઓ વધારી શકાય એવી વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. આ હોસ્પિટલમાં પોર્ટેબલ એક્સ-રે મશીનની પણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે. કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર મળી રહે એવું તમામ આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ હોસ્પિટલના સંચાલન અને વહીવટ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા. ગુજરાતમાં કોરોનાના દર્દીઓને સારામાં સારી સારવાર આપી શકાય એ માટે વ્યવસ્થાઓ વધારવામાં મદદરૂપ થવા ગુજરાત સરકારે ભારત સરકારને વિનંતી કરી હતી. પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ અભૂપૂર્વ પહેલને સાકાર કરવામાં મદદ કરી છે. મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ માટે કેન્દ્ર સરકારનો આભાર માન્યો છે.

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં આગામી બે અઠવાડિયામાં આ હોસ્પિટલ ઉભી કરાશે. જેના સંચાલનની જવાબદારી રાજયના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી અંજુ શર્માને સોંપવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડૉ. હિમાંશુ પંડયા અને ડીઆરડીઓના કર્નલ બી. ચૌબે ઉપરાંત ગુજરાત સરકારના સંલગ્ન વિભાગના અધિકારીઓ આ હોસ્પિટલના સંચાલનમાં સહયોગ આપશે. ૯૦૦ બેડની આ હોસ્પિટલમાં ઇન્ટેન્સિવ અને ક્રિટીકલ કેરની સુવિધા હશે. ●



## અમદાવાદ આરોગ્ય કર્મીઓનો ‘હમ નહી રુકેંગે’ કર્તવ્ય મંત્ર

✐ **અમિતસિંહ ચૌહાણ**

*સમગ્ર વિશ્વ જેની સામે અડીખમ લડી રહ્યું છે એ કોરોના સંક્રમણ સામે ગુજરાત સરકારના આરોગ્ય કર્મચારીઓ ‘હમ નહિં રુકેંગે’ના કર્તવ્ય મંત્ર સાથે રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી રહ્યાં છે. તેમની ફરજનિષ્ઠાના પ્રતાપે એપ્રિલના ૧૭ દિવસમાં ૧૬૭૦ જેટલા દર્દીને ડિસ્ચાર્જ મળ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલનો મેડિકલ સ્ટાફ “આ પાર કે પેલે પાર”ના ધ્યેય સાથે જીવસટોસટની બાજી ખેલી રહ્યો છે. વર્તમાન સમયમાં સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડની હોસ્પિટલ તથા મંજુશ્રી મિલ કમ્પાઉન્ડમાં નવનિર્મિત કિડની હોસ્પિટલની ઈમારતમાં કાર્યરત કોવિડ સુવિધાઓમાં વિવિધ કેડરના કુલ ૨૫૮૦ લોકોનો મેડિકલ સ્ટાફ દિન-રાત જોયા વિના માત્ર ને માત્ર દદીઓ માટે પોતાના પરિવારની લેશમાત્ર ચિંતા કર્યા વિના સેવારત છે. મેડિકલ સ્ટાફની દર્દીઓ પ્રત્યેની સમર્પિતતાનો ખ્યાલ એના પરથી મળી શકે કે આવી કઠિન પરિસ્થિતિમાં પણ ૫૨૮ ડોક્ટર, ૬૫૫ નર્સ સહિત કુલ ૨૫૮૦ મેડિકલ સ્ટાફે દર્દીઓ ખાતર ઘણા દિવસોથી એક પણ રજા લીધી નથી. દર્દીની સેવા દરમિયાન ડોક્ટર્સ સહિતનો ૮૦ જેટલો મેડિકલ સ્ટાફ કોરોના સંક્રમિત થયો પરંતુ તેની સામે જીત મેળવી પુનઃફરજ ઉપર જોડાઇ ગયો. સિવિલ હોસ્પિટમાંથી સારવાર બાદ સ્વસ્થ થનાર દર્દીઓમાં વધારો થઈ રહ્યો હોવાથી વધુ બેડ ઉપલબ્ધ થઈ રહ્યા છે.* ●

## સર્વે સંતુ નિરામયાઃ

# ગુજરાતમાં "ટીકા મહોત્સવ"

ગુજરાત સહિત ગુજરાતમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઇ રહ્યો છે. જેની સામેની લડત પણ તેજ બનાવવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ટીકા ઉત્સવ મનાવવા કરેલી હાંકલને પગલે સમગ્ર ગુજરાતનાં દરેક જિલ્લામાં એકથી વધુ સ્થળે કોરોના વાયરસ સામે લોકોને સુરક્ષિત કરવા રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ દેશવાસીઓને આપેલા સંદેશા ઇચ વન - વેક્સીનેટ વન, ઇચ વન - ટ્રીટ વન, ઇચ વન - સેવ વન થકી રસીકરણને વધુ વ્યાપક બનાવવા અપીલ કરી હતી. જે બાદ રાજ્ય સરકારે ઉપાડેલા અભિયાનનો પડઘો સમગ્ર રાજ્યમાં સારી રીતે ઝીલાયો હતો અને લોકોએ સ્વેચ્છાએ રસી લઇ પોતાને કોરોનાથી રક્ષિત કર્યાં હતા.



જામનગરના નાગરિકો વિવિધ સેવા કેમ્પો દ્વારા આયોજિત વેક્સિનેશન કેમ્પમાં રસી લઇ રસીકરણ ઉત્સવના ભાગીદાર બન્યાં હતા. જામનગરને સુરક્ષિત બનાવવા અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ નગરવાસીઓને રસીકરણ ઉત્સવમાં જોડાઈને વધુમાં વધુ રસી લેવા અનુરોધ કર્યો હતો. જામનગરમાં વિવિધ કેમ્પ અને મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત રસીકરણ સ્થળો પરથી દૈનિક ૪૦૦૦ જેટલા લોકોને રસી આપવામાં આવી રહી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના ૨૬૫ રસીકરણ સ્થળો પરથી રોજ ૭૦૦૦થી વધુ લોકો રસી લઇ પરિવાર, સમાજ અને દેશને સુરક્ષિત કરવામાં પોતાનું યોગદાન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જામનગરમાં કોરોનાની સ્થિતિ અંગે સમીક્ષા કરવા કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુના અધ્યક્ષસ્થાને મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તેમજ સાંસદ શ્રી પૂનમબહેન માડમની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જામનગરમાં હાલમાં દર્દીઓની સંખ્યા,વોર્ડ, બેડ,ઓક્સિજન, વેન્ટિલેટર, દવાઓ વગેરે સારવારલક્ષી વ્યવસ્થાઓ અંગે કલેકટરશ્રી રવિશંકરે સંપૂર્ણ ચિતાર આપ્યો હતો.

આણંદ જિલ્લામાં કોરોના સામે નાગરિકો ને સુરક્ષિત કરવા કરમસદ પ્રા. આરોગ્ય કેન્દ્ર ઉપરથી ૪૫ ઉપરના નાગરિકોને સામુહિક રસીકરણ કરવા અને ખાસ ટીકાકરણ મહોત્સવનો પ્રારંભ થયો હતો. ત્યારે જિલ્લાના ૪૫ ઉપરના ૫.૬૦ લાખ નાગરિકો સોં ટકા રસીકરણ કરાવે અને કોરોના સામે સુરીક્ષિત બને તેવી ભાવના સાથે શરૂ કરાયેલા અભિયાનને સફળ બનાવવા પદાધિકારીશ્રીઓએ અપીલ કરી હતી. ગુજરાત રાજ્યમાં મળેલ રસીકરણનો સૌથી મોટા અભિયાન પૈકી આણંદ જિલ્લાનો બીજો ક્રમે આવે છે. જેમાં ગુજરાતમાં રસીકરણ આણંદ જીલ્લો ૪૯ ટકા રસીકરણ કરી બીજા ક્રમે છે આણંદ જિલ્લામાં 5.60 લાખની વસ્તીની સામે 240 જેટલા રસીકરણ કેન્દ્ર ઉપર રસી મૂકવામાં આવી રહી છે. અત્યાર સુધી 49% રસીકરણ કરાયું છે.



ભાવનગરમાં ૪૫ વર્ષથી ઉપરના બે હજારથી પણ વધુ લોકોને કોરોના સામેની રસી મૂકવામાં આવી હતી. નોંધપાત્ર વાત એ છે કે, ભાવનગર નગરપાલિકા વિસ્તારમાં ૬૮,૪૭૨ વ્યક્તિઓને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જેમાંથી ૩૨,૦૦૫ વ્યક્તિઓ ૪૫ વર્ષથી વધુ વય ધરાવતાનો સમાવેશ થાય છે. જ્યારે ૪,૫૫૭ વ્યક્તિને કોરોનાની રસીનો બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે. આમ કુલ ૧,૧૨,૭૩૮ નાગરિકોને કોરોનાનો પ્રથમ અને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. જ્યારે ભાવનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૯૯,૦૦૯ વ્યક્તિઓને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. જેમાંથી ૭૩,૦૦૫ વ્યક્તિઓ ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોનો સમાવેશ થાય છે. જ્યારે ૧૭,૧૫૬ વ્યક્તિઓને કોરોનાની રસીનો બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.આમ કુલ ૨,૧૬.૧૬૫ નાગરિકોને કોરોનાનો પ્રથમ અને બીજો ડોઝ આપવામાં આવ્યો

છે. આમ, નગરપાલિકા વિસ્તાર અને ભાવનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં મળી અત્યાર સુધીમાં કુલ ૩.૨૮ લાખ કરતાં પણ વધુ



લોકોને કોરોના વેક્સિનનો ડોઝ આપી કોરોના સામે સંરક્ષિત કરવામાં આવેલ છે.

બોટાદ જિલ્લામાં નાગરીકોને કોરોના વાયરસ સામે રક્ષણ આપવા માટે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ચાલી રહેલા રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં જિલ્લાના ૪૧૫૬૮ નાગરીકોને રસીકરણ કરવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લાના તમામ શહેરી અને ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર COVID -19 રસીકરણની કામગીરી પુરજોશમાં ચાલી રહેલી છે. બોટાદ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીના જણાવ્યા અનુસાર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા કુલ ૪૧૫૬૮ નાગરીકોને રસી આપી કોરોના મહામારી સામે રક્ષીત કરાયા છે. જિલ્લામાં કરાયેલ કોવિડ -૧૯ રસીકરણની કામગીરીમા બોટાદ તાલુકામાં ૧૬૨૦૬, ગઢડા તાલુકામાં ૧૫૬૨૯, બરવાળા તાલુકામાં ૪૬૩૩ અને રાણપુર તાલુકામાં ૫૧૦૦ મળીને કુલ



૪૧૫૬૮ લોકોને કોરોના સામે રક્ષણ આપતી રસી આપવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં ૧૨૧ સ્થળો ઉપર કોરોના વાયરસ સામે લોકોને સુરક્ષિત કરવા રસીકરણ શરૂ રાખવામાં આવ્યું હતું. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૧૨૧ સ્થળોએ કોરોના સામે રસીકરણના સામુદાયિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૪૫ વર્ષથી ઉપરના ૨૦૦૦થી પણ વધુ લોકોને કોરોના સામેની રસી મૂકવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૩૬૨૬૨ વ્યક્તિને કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે. તેમાંથી ૬૩૭૯૫ વ્યક્તિ ૪૫ વર્ષથી ઉપરનાનો સમાવેશ થાય છે. જ્યારે ૪૬૫૧૬ વ્યક્તિને કોરોનાની રસીનો બીજો ડોઝ આપી દેવામાં આવ્યો છે.

જૂનાગઢ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા કોરોના રસીકરણ કેમ્પમાં સરકારી કર્મચારીઓને કોરોનાની રસી આપવામાં આવી હતી. જેમાં જૂનાગઢની વિવિધ સરકારી ઓફિસોના ૫૦૦ સરકારી કર્મચારીઓને કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. જેમાં કલેક્ટર કચેરી, પોલીસ, જિલ્લા પંચાયત, સમાજ કલ્યાણ, વિવિધ બેંકો, માર્ગ અને મકાન તથા સિંચાઇ વિભાગ સહિતના



વિવિધ ઓફિસોના ૫૦૦ સરકારી કર્મચારીઓને કોરોનાથી રક્ષિત કરવા માટે કોરોના રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

કચ્છમાં રસીકરણ ઉત્સવમાં ભુજ તાલુકાના સુમરાસર પેટા આરોગ્ય કેન્દ્રમાં પણ રસીકરણ ઉત્સવ ઝુંબેશ હેઠળ કચ્છના નાગરિકો ઉત્સાહભેર રસી લેવા ઉમટયા હતા. આ તકે સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડાએ સૌને પ્રોત્સાહિત કરતાં વધુમાં જણાવ્યું હતું કે, “રાષ્ટ્રને સ્વસ્થ બનાવવા રસીકરણનો લાભ લો અને લેવડાવો. રાષ્ટ્રીયસ્તરે શરૂ થયેલા આ મહાઅભિયાનમાં પોતાની સેવા આપનારા અને ફરજ નિભાવનારા સૌને બિરદાવા યોગ્ય છે.” ઉલ્લેખનીય છે કે, સમગ્ર કચ્છમાં આજથી પ્રારંભ થયેલા રસીકરણ ઉત્સવમાં વિવિધ સમાજો, સંગઠનો અને સંસ્થાઓ પણ પોતાનું સેવા યોગદાન, આરોગ્ય શાખા સાથે સંકળાયા હતા.



મહીસાગર જિલ્લામાં ૨૫૦ રસીકરણ કેન્દ્રો પર પહેલા જ દિવસે કોવિડ ગાઇડલાઇનના પાલન સાથે બે હજારથી વધુ નાગરીકોએ રસી મૂકાવી કોરોના સામેની લડાઇમાં ઉમદા વાતાવરણમાં “દવાઇ ભી ઓર કડાઇ ભી” ના સૂત્રમાં સુર પુરાવ્યો હતો. મહીસાગર જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો તેમજ નાગરીકોને સરળતાથી પહોંચી શકાય તેવા સ્થળોએ રસીકરણ બુથ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં જાહેર જનતાનો ઉમદા પ્રતિસાદ મળ્યો હતો. જિલ્લાના મધવાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વિરોધી રસીનો પ્રથમ ડોઝ ગ્રહણ કરનાર શ્રી ચેતનભાઇ પરષોત્તમભાઇ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના આહવાનને પગલે તેઓ રસીકરણ માટે આવ્યા છે. સૌ નાગરિકો જેમનો વેક્સિન માટે વારો આવી ગયો છે તેઓ સૌ સત્વરે વેક્સિન લઇ લેવી જોઇએ. વેક્સિન લીધા બાદ પણ કોરોના બાબતે તમામ સાવચેતીઓનું પાલન કરવું જરૂરી છે. મહિલા લાભાર્થી શ્રીમતી ઉષાબેન હિતેશભાઇ પટેલે રસી મુકવ્યા બાદ કોઇ તકલીફ થતી નથી તેમ જણાવ્યું હતું જ્યારે મોટા સોનેલા આરોગ્ય કેન્દ્ર પર રસીનો ડોઝ ગ્રહણ કરનાર શ્રી ઘનશ્યામભાઇ સુથારે લોકોને પ્રધાનમંત્રીશ્રીના આહવાનને અનુસરી જાગૃત થઇ સંકોચ રાખ્યા વગર રસી મુકાવવા અપીલ કરી હતી. જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ વયના ૧.૭૫ લાખથી વધુ લોકોએ રસીકરણ કરાવ્યું છે. જે નિયત લક્ષ્યાંકના અંદાજીત ૬૫ ટકા જેટલુ થવા જઇ રહ્યું છે. આ ઉપરાંત રસીકરણ કેન્દ્ર ખાતે કોરોના મહામારીની બીજી લહેરથી બચવા માસ્ક, સોશીયલ ડિસ્ટન્સ, સેનેટાઇઝેશન ની સાથે-સાથે



વેક્સીનેશનનું પણ એટલું જ મહત્વનું છે એવી સમજ નાગરિકોને આપવામાં આવી હતી.

પોરબંદર જિલ્લામાં રાજ્ય સરકારની માર્ગદર્શિકા પ્રમાણે ૬૦ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી ૫૯ વર્ષના લોકોને જિલ્લામાં જુદા-જુદા આરોગ્ય કેન્દ્રો, પેટા કેન્દ્રો અને કેમ્પો મળીને ખાસ ઝુંબેશના ભાગરૂપે ૧૦૦થી વધુ સાઇટો પર રસી આપવામાં આવી રહી છે. પોરબંદર જિલ્લામાં ૬૦ વર્ષથી વધું વયના ૪૮૩૨૨ (૮૧.૨૮ ટકા) અને ૪૫ વર્ષથી વધુ વયના ૫૩૦૨૧ (૫૩.૧૪ ટકા) એમ કુલ ૧ લાખથી વધુ લોકોને રસીથી સુરક્ષિત કરાયા હતા. પોરબંદરના છાંયા વિસ્તારમાં નવાપરા આંગણવાડી કેન્દ્રમાં બીજો ડોઝ લેવા આવેલા શ્રી દેવશંકર કલ્યાણજીભાઇ અને તેમના પત્ની કંચનબેને પણ રસી મુકાવી કોઇ તકલીફ થતી નથી તેમ જણાવી સરકારી-તંત્રની કામગીરી આવકારી સૌને રસી મુકાવવા અપીલ કરી હતી.

રાજકોટ જિલ્લામાં રસીકરણ મહોત્સવ અંતર્ગત ૪૫ વર્ષથી વધુ વય ધરાવતા તેમજ ડાયાબિટીસ, કિડની, બીપી જેવા કોમોરબીડીટી ધરાવતા વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટ શહેરમાં અલગ અલગ જગ્યાઓ પર ૫૦ થી વધુ રસીકરણ કેન્દ્રો પર રસીકરણ કરવામાં આવી રહ્યું છે. આ રસીકરણ મહોત્સવ અંતર્ગત રસી મૂકાવનાર રાજકોટના પૂર્વ મેયર ગોવિંદભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, કોરોનાની રસી લેવાથી ડરવાની જરૂર નથી. કોરોના મહામારીને હરાવવાની ઝૂંબેશમાં સરકારશ્રીના નિર્ણયને સહકાર આપીએ અને ઝડપથી રસીકરણ કરાવીને સુરક્ષીત થવું જોઇએ.

ખેડા જિલ્લામાં પણ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લારમાં તા.૧લી માર્ચ-૨૧થી શરુ થયેલા કોરોના રસીકરણના ત્રીજા તબકકામાં ૪૫ વર્ષથી વધુ હોય તેવા ૫૪૪૩ લોકોને પ્રથમ અને ૪૫ વર્ષથી વધુ હોય તેવા ૧૨૩૭ લાભાર્થીને આજે પ્રથમ અને બીજો એમ બે ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં કુલ ૨૫૧ સેશન યોજવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૪૫ વર્ષથી વધુ હોય તેવા લોકોને (પ્રથમ ડોઝ) કુલ ૨,૩૯,૯૭૭ લાભાર્થીને રસીનો લાભ મળ્યો છે. ૪૫ વર્ષથી વધુ હોય તેવા (બીજો ડોઝ) કુલ ૧૩,૬૯૭ લાભાર્થીને રસીનો લાભ મળ્યો છે. ત્યારે જિલ્લાના નાગરિકોએ રસી લઇ કોરોના સામે આરોગ્ય સુરક્ષા કવચ મેળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા, નવસારી, સુરત, તાપી, ડાંગ, ભરૂચ, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં પણ ઠેરઠેર રસીકરણ કેન્દ્રો ઉભા કરી રસીકરણ ઝુંબેશને વેગ આપવામાં આવ્યો હતો. જેમાં હજારો નાગરિકોએ સ્વયંભૂ ઉમટીને રસી લીધી હતી.

આમ, સરકારશ્રી દ્વારા સંક્રમણને નાથવા ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટના મંત્રને ધ્યાને લઇ કામગીરી કરવામાં આવી રહી છે સાથે જ વેક્સિનેશનને વધુ વ્યાપક બનાવી જિલ્લા સ્તરે વધુમાં વધુ લોકો રસી મેળવે તે માટે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. રાજ્ય સરકારનો જનજનને સુરક્ષિત રાખવાનો હેતુ સિદ્ધ થયો છે અને આખા રાજ્યમાં લાખો લોકોએ કોરોના વિરુદ્ધ રસી લઇને રાજ્ય સરકારના અભિયાનને સમર્થન અને શક્તિ પુરી પાડી છે. જેને પ્રતાપે ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સમાં પણ પ્રચંડ ઉત્સાહનું મોજું છે. ●

# રસીકરણની જન સરાહના

સમગ્ર રાજ્યમાં કોરોના સામે તંત્રએ એક સાથે જંગનું રણશીંગું ફૂક્યું છે. રસીકરણ ઝુંબેશ આદરી 45 વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિઓને કોરોના વિરુદ્ધ રસી આપવામાં આવી હતી. જેમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તો બીજી તરફ કોરોના પોઝિટિવ આવ્યા બાદ હકારાત્મક અભિગમ સાથે પોતાના પ્રતિભાવ આપતી વખતે ફ્રન્ટલાઇન કોરોના વોરિયર્સ અને સરકારના આ મહાઅભિયાનને આવકારી રસી લઇ સમગ્ર પરિવારને સુરક્ષિતતા પ્રદાન કરવા અન્ય લોકોને અપીલ કરી હતી.

નડિયાદની મેથોડિસ્ટ ચર્ચ પાસે રસીકરણ માટે આવેલા ૫૫ વર્ષના શ્રી જિતેન્દ્રકુમાર મકવાણાએ વેક્સિનેશન બાદ અન્ય લોકોએ પણ આ વેક્સિન લેવી જોઇએ તેમ જણાવ્યું હતુ. તેમણે લોકોને સંદેશો આપતા જણાવ્યુ હતુ કે, રસી લીધા બાદ કોઇપણ પ્રકારની આડઅસર થતી નથી. પ્રજાએ પણ જાગૃત થઇ સંકોચ રાખ્યા વગર રસી મુકાવવી જોઇએ. આરોગ્ય કેન્દ્રનો તમામ સ્ટાફ આ અંગે સારુ માર્ગદર્શન આપે છે.



નવસારી જિલ્લા કલેકટર કચેરીમાં કારકુન તરીકે ફરજ બજાવતાં શ્રી જિતેશભાઇ પટેલે પોતે તો કોરોના વોરિર્યસ તરીકે વેક્સિનના બંને ડોઝ લીધા છે. શ્રી જિતેશભાઇ પટેલ જણાવે છે કે, કોરોનાને દૂર રાખવાના બે સૌથી અસરકારક ઉપાય હોય તો તે છે. કોરોનાની વેક્સિન અને માસ્ક પહેરવાની આદત. આ બંને બાબતોનું આપણે ખાસ ધ્યાન રાખવાનું છે. માસ્ક પહેરીને આપણે આપણો નાગરિકધર્મ બજાવવો જોઇએ. તો સરકાર અત્યારે ૪૫ કે તેથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોનાની રસી આપી રહી છે. તેનો સત્વરે લાભ લઇ લેવો જોઇએ. તમામ લોકો સત્વરે વેક્સિન લઇ લે અને સરકારના અભિયાનમાં સહયોગ આપે. વેક્સિન તમને અને તમારા પરિવારને સુરક્ષિત કરવા માટેનું અમોઘ હથિયાર છે.

નવસારી જિલ્લા સેવા સદન ખાતે ચીટનીશ શાખામાં કારકુન તરીકે કામગીરી કરી રહેલા શ્રી રવિભાઇ મકવાણાએ જણાવ્યું હતું કે, કોવિડ વેક્સિનના બંને ડોઝ લીધી છે. આ વેક્સિન સંપૂર્ણ



સુરક્ષિત છે. વેક્સિન લીધા બાદ પણ કોરોના બાબતે તમામ સાવચેતીઓનું પાલન કરવું જરૂરી છે. આ બાબતે સરકારે બહાર પાડેલી માર્ગદર્શીકાનું ચુસ્ત પાલન કરવું જોઇએ. માસ્ક વિના ઘરમાંથી બહાર નીકળવું જોઇએ, જાહેર સ્થળોએ સામાજિક અંતરનું પાલન કરવું- બે ગજ દૂરીનું પાલન કરવું. વારંવાર હાથ સેનિટાઇઝર કે સાબુથી ધોવા જરૂરી છે તો જ કોરોનાને કાયમ માટે નાબૂદ કરી શકાશે.

કોરોનાની વેક્સિન કેટલી અસરકારક છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ હોય તો સિંચાઇ વિભાગમાં અધિક મદદનીશ ઇજનેર તરીકે કામ કરતા શ્રી સંજીવભાઇ દેસાઇ છે. થોડા દિવસ પહેલા તેમના ૭૮ વર્ષના લકવાગ્રસ્ત માતાને કોરોના થયો અને હોસ્પીટલાઇઝ કરવા પડયા. માતા પથારીવશ હોય અને જાતે કશું કરવા સક્ષમ ન હોય સંજીવભાઇ અને તેમના ભાઇ ખાનગી હોસ્પીટલમાં તેમની સેવામાં રોકાયલા રહ્યા. સંજીવભાઇએ કોરોનાના બંને ડોઝ લીધે એક મહિના ઉપરાંતનો સમય થયો હતો એટલે તેમની માતા સાથે રહેવા છતાં તેમને કોરોના ન થયો. માતાને રજા આપ્યા બાદ કરાવેલો આરટીપીસીઆર ટેસ્ટ પણ નેગેટિવ આવ્યો. બીજી તરફ તેમના ભાઇ કોરોનાગ્રસ્ત થયા હતા. જો કે અત્યારે તેઓ પણ સંપૂર્ણ સ્વસ્થ છે. મૂળ વાત એટલી સાબિત થાય છે કે વેક્સિનના બંને ડોઝ લીધા હોય તો તે કોરોના સામે રક્ષાકવચનું કામ કરે છે અને કોરોનાથી બચાવ થાય છે. અહીં સંજીવભાઇની વાત તેમના શબ્દોમાં જાણીએ. તેઓ જણાવે છે કે, ‘‘હું સંજીવ દેસાઇ, સિંચાઇ વિભાગમાં ફરજ બજાવું છું. મારા મમ્મી ૭૮ વર્ષના છે અને છેલ્લા ૧૫ વર્ષથી લકવાગ્રસ્ત છે. તેમની વાચા પણ જતી રહી છે તથા પોતાનું કામ પણ પોતે નથી કરી શકતા. તેઓ સંપૂર્ણ પથારીવશ હોય અમે બે ભાઇ અને એક બહેન તેમનું છેલ્લા પંદર વર્ષથી ધ્યાન રાખીએ છીએ.



થોડા દિવસ પહેલા મારા ભાઇને તાવ આવ્યો. મારા ભાઇ, મમ્મીના આરટીપીસીઆર ટેસ્ટ કરાવતા મારા મમ્મી પોઝિટિવ આવ્યા અને મારા ભાઇનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. ત્યાર બાદ તેમને દાહોદની મહાવીર હોસ્પીટલમાં દાખલ રાખ્યા અને હું તથા મારો ભાઇ વારાફરતી મમ્મીની સંભાળ રાખવા માટે રોકાતા. મમ્મીને રજા આપ્યા ઘરે લાવ્યા પછી મેં પણ રેપીડ અને આરટીપીસીઆર બંને ટેસ્ટ કરાવ્યો જે નેગેટિવ આવ્યા હતા. પરંતુ મારા ભાઇનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે અત્યારે તેને સારૂ થઇ ગયું છે. મારી કોરોનાની વેક્સિનના બંને ડોઝ લીધાને એક મહિનો પૂરો થઇ ગયો હતો. એટલે મને વિશ્વાસ આવ્યો કે મેં વેક્સિનના બંને ડોઝ સમયસર લીધા છે તેથી જ કોરોનાનો ચેપ લાગ્યો નહી. વેક્સિનથી મને સારી એવી રોગપ્રતિકારક શક્તિ મળી છે. મારા અનુભવ પરથી કહું છું કે વેક્સિન મુકાવી હોય તો ઘણો ફાયદો છે. વેક્સિનના ફાયદા જોતાં હું આપ સૌને વિનંતી કરૂ છું કે જેમનો પણ વારો આવે તેઓ સૌ સત્વરે વેક્સિન લઇ લે. કોરોનાના દોરમાં માનસિક પણ સ્વસ્થ રહેવાનું છે. ●







# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં જ્ઞાન સાથે કૌશલ્યનું સમાયોજન

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણ માટે 'ઈમ્પિલિમેન્ટિંગ NEP 2020 ટુ ટ્રાન્સફોર્મ હાયર એજ્યુકેશન ઈન ઈન્ડિયા'ની થીમ સાથે એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની 95મી વાર્ષિક બેઠક અને નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈ-શુભારંભ કરાવ્યો હતો. ડૉ બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મજયંતી અવસરે એસોશિએશન ઓફ ઈન્ડિયા યુનિવર્સિટીઝ સહયોગથી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના યજમાન પદે તા. 14 અને 15 એપ્રિલ દરમિયાન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદના સહયોગથી યોજાયેલી એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝની 95મી વાર્ષિક બેઠક અને નેશનલ વાઇસ ચાન્સેલર કોન્ફરન્સના ઉદ્ઘાટન સત્રમાં માર્ગદર્શન આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે, વિશ્વમાં ભારત લોકશાહીની જનેતા છે અને લોકશાહી એ આપણી સંસ્કૃતિ અને આપણા જીવનનો અભિન્ન અંગ રહી છે. બાબાસાહેબે ભારતના લોકતાંત્રિક વારસાને મજબૂત કરીને આગળ વધારવા માટે મજબૂત પાયો નાખ્યો હતો. ડૉ. બાબાસાહેબની ફિલસૂફી અંગે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ડૉ. આંબેડકર જ્ઞાન, સ્વમાન અને વિનમ્રતાને પોતાના ત્રણ આરાધ્ય દેવ ગણતા હતા. સ્વમાન જ્ઞાન સાથે આવે છે અને વ્યક્તિને એના અધિકારોથી જાગૃત કરે છે. સમાન અધિકારો દ્વારા સમાજિક સુમેળ ઉદભવે છે અને દેશ પ્રગતિ કરે છે.

> રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઇપી)નો ઉદ્દેશ ડો. રાધાકૃષ્ણનના શિક્ષણના એ સ્વપ્નને પરિપૂર્ણ કરવાનો છે જેમાં વિદ્યાર્થી મુક્ત થઈને રાષ્ટ્રીય વિકાસમાં ભાગીદાર થવા સમર્થ બને છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે દરેક વિદ્યાર્થીને કોઇ ચોક્કસ ક્ષમતાઓ હોય છે. આ ક્ષમતાઓ વિદ્યાર્થી અને શિક્ષક સમક્ષ ત્રણ પ્રશ્નો ઊભા કરે છે. પહેલો- કરી શકવા માટે તેઓ શું કરી શકે? બીજો- જો એમને યોગ્ય રીતે શીખવવામાં આવે તો એમની સંભાવનાઓ શું? અને ત્રીજો- તેઓ શું કરવા માગે છે? પહેલા સવાલનો જવાબ વિદ્યાર્થીઓની આંતરિક શક્તિ છે. જો કે જો એમની આંતરિક શક્તિમાં સંસ્થાકીય શક્તિ ઉમેરાય તો એમનો વિકાસ વિસ્તરશે અને તેઓ જે કરવા ઇચ્છતા હશે એ કરી શકશે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનને ટાંકતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી)નો ઉદ્દેશ ડૉ. રાધાકૃષ્ણનના શિક્ષણના એ સ્વપ્નને પરિપૂર્ણ કરવાનો છે જેમાં વિદ્યાર્થી મુક્ત થઈને રાષ્ટ્રીય વિકાસમાં ભાગીદાર થવા સમર્થ બને છે. શિક્ષણ વ્યવસ્થા સમગ્ર વિશ્વને એકમ ગણીને હાથ ધરાવી જોઈએ પણ શિક્ષણના ભારતીય લક્ષણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષણવિદોની ભૂમિકા

મહત્વની બની રહેશે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં જ્ઞાન સાથે કૌશલ્યના સમાયોજનથી સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારત નિર્માણનો સંકલ્પ સાકાર થશે. સમતામૂલક સમાજની પરિકલ્પનાને ડૉ.બાબાસાહેબે સંવિધાન દ્વારા મૂર્ત સ્વરૂપ આપ્યું છે. રાજ્યપાલશ્રીએ જીવનમાં શિક્ષણના મહત્વને દોહરાવતા જણાવ્યું હતું કે શિક્ષણ દ્વારા વ્યક્તિની આંતરિક પ્રતિભાનું જાગરણ થાય છે. નવી શિક્ષણ નીતિમાં બાળકની શીખવાની નૈસર્ગિક પ્રક્રિયાને મહત્વ આપવામાં આવ્યું છે. વિષય પસંદગીની સ્વતંત્રતા, બહુ સંકાયગત અધ્યયન, માતૃભાષામાં શિક્ષણ અને કૌશલ્યને મહત્વ આપવાના કારણે નવી રાષ્ટ્રીય શિક્ષા નીતિ સમગ્ર દેશને વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં લાવવાનું સામર્થ્ય ધરાવે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, નવી શિક્ષણ નીતિ નયા ભારતના નિર્માણની સાથે સાથે સંશોધન-રોજગારી ક્ષેત્રે પ્રોત્સાહન આપનારી બની રહેશે. નવી શિક્ષણ નીતિ નયા ભારતના નિર્માણ માટે એક આવશ્યક માહોલ તૈયાર કરવાનારી છે. શિક્ષણ વ્યવસ્થામાં થઈ રહેલા પાયાના કોઈપણ બદલાવના કેન્દ્રમાં શિક્ષક હોવો જોઈએ. શિક્ષણ નીતિ હેઠળ શિક્ષકોને વધુ સક્ષમ બનાવવા માટે તમામ સંભવ પગલાં લેવા પડશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, ડૉ.બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મ જયંતિના અવસરે ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ

> **સમાજમાં સમાનતા સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ એક ઉપયોગી અને મહત્વનું માધ્યમ છે.**

-એસોસીએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પર પરામર્શ સત્રનું આયોજન એક સરાહનીય પગલું છે.

ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ દર વર્ષે રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરે છે. આ વર્ષે 95મા સંમેલનની યજમાની ગુજરાતની એકમાત્ર ઓપન યુનિવર્સિટી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા થઈ રહી છે તે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સમાજના વંચિત વર્ગના યુવાનોને શિક્ષણની મુખ્યધારામાં જોડવાના ક્ષેત્રે અગ્રેસર છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ છે. સાથે જ ગુજરાતના શહેરી અને ગ્રામીણ ક્ષેત્રના યુવાઓને વ્યવસાયલક્ષી તાલિમ પણ આપી રહી છે. ડો. બાબા સાહેબ આંબેડકરના જીવન મૂલ્યો પર આધારિત શિક્ષા સંસ્કાર પણ આ યુનિવર્સિટી આપી રહી છે.



તેમણે વધુમાં કહ્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એક ટાસ્ક ફોર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. સાથે જ યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણ નીતિના અમલ માટે પ્રક્રિયાઓ શરૂ કરી દેવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ દેશમાં સંશોધનના ક્ષેત્રે પ્રોત્સાહન આપનારી બની રહેશે. સાથે જ ભારતની સમૃદ્ધિ પ્રાચીન સંસ્કૃતિ અને જ્ઞાનની પરંપરાને પણ જાળવી રાખશે જે અંતતઃ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા અને વધુ મજબૂત કરશે. નવી શિક્ષણ નીતિ પર વિચારવિમર્શ માટે આપણે સૌએ નિરંતર વેબિનાર સંગોષ્ઠી દ્વારા સમીક્ષા કરતાં રહેવું પડશે ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું મહત્વકાંક્ષી સ્વપ્ન સાકાર થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સમાજમાં સમાનતા સુનિશ્ચિત કરવા માટે શિક્ષણ એક ઉપયોગી અને મહત્વનું માધ્યમ છે. સમાજમાં સમાનતા, સમરસતા અને સમાવેશીપણાથી જ સામાજિક અને આર્થિક ગતિશીલતા પ્રાપ્ત કરી શકાય છે. ડો. બાબા સાહેબ આંબેડકરે ઓપન યુનિવર્સિટીએ આ માટે જ યુનિવર્સિટી ખાતે બાબાસાહેબ આંબેડકર સમરસતા પીઠ શરૂ કરી છે જે આનંદનો





વિષય છે. મુખ્યમંત્રીશ્રીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન પર આધારિત ચાર પુસ્તકોના લેખન કાર્ય બદલ યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રી કિશોર મકવાણાને અભિનંદન આપ્યા હતા.

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020''નું ગુજરાતી સંસ્કરણ કરી, તેના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના દ્વારા તેને ધરાતલ સુધી અમલીકરણ કરાવવા બદલ ગુજરાતની અગ્રેસરતાની પ્રસંશા કરતા કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ડૉ.રમેશ પોખરિયાલ ''નિ:શંક''એ કહ્યુ હતુ કે, ''સમગ્ર દુનિયા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના વર્ષ તરીકે યાદ રાખશે તથા આ નીતિ વિશ્વમાં 'ભારતની શિક્ષણનીતિ' તરીકે પ્રચલિત થતા સમગ્ર વિશ્વ ભારતને જ્ઞાનની મહાશક્તિના રૂપમાં ઓળખશે''.

ડૉ. રમેશ પોખરિયાલે જણાવ્યું હતુ કે, ''રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -2020''ના સુચારુ અમલીકરણ માટે ''ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ'' એસોશિયેશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ -AIU, ઓ.પી. ઝીન્દાલ યુનિવર્સિટી તથા ડૉ. બાબા સાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી દ્વારા જે સંયુક્ત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે; તે ખરેખર પ્રસંશાને પાત્ર છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર દ્વારા દેશના છેવાડાના વ્યક્તિને માતૃભાષમાં કૌશલ્ય-મૂલ્યવર્ધિત-સશક્ત શિક્ષણ આપવાનું જે દ્રષ્ટિવંત સ્વપ્ન નિહાળવામાં આવ્યું હતું તેને સાકાર કરવાનું કાર્ય દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી ''રાષ્ટ્રીય શિક્ષા નીતિ-2020''ના માધ્યમથી કરી રહ્યા છે.

''રાષ્ટ્રીય શિક્ષા નીતિ-2020'' માત્ર ભારત દેશ માટે જ ઐતિહાસિક, શિક્ષણિક દૃષ્ટિએ આમૂલ પરિવર્તક અને સર્વગ્રાહી શિક્ષણ વિકાસની દ્યોતક જ નહિ, પરંતુ સમગ્ર દુનિયા માટે પણ ઉપકારક અને માર્ગદર્શક હોવા અંગે કેમ્બ્રિઝ વિશ્વવિદ્યાલય સહિતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓની સાથે ''યુનેસ્કો''ના ડિરેક્ટર-જનરલ શ્રી ઔદ્રેય એઝોઉલ પણ સ્વીકારી ચુક્યા હોવાનું અત્યંત ગર્વભેર શ્રી પોખરિયાલે જણાવ્યું હતું.

'રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો વિઝન ડોક્યુમેન્ટ ત્યારે જ સફળ થશે જયારે આપણે તેનો સુચારુ અમલ કરી શકીશું. ''રિફોર્મ-પર્ફોર્મ-ટ્રાન્ફોર્મ'': શિક્ષણનિતીના બાકીના બે તબક્કાઓ ઉપર હવે આપણે કામ શરુ કરવાનું છે. આ માટે તેમણે 5-I's : Initiate, Innovate, Interact, Involvement and Implementationની ફોર્મ્યૂલા ઉપર કાર્યરત થવાનું સૂચન પણ કર્યું હતુ.

આ પ્રસંગે ડૉ.રમેશ પોખરિયાલ નિ:શંકે ''રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020''નું ગુજરાતી સંસ્કરણ કરી, ટાસ્ક ફોર્સની રચના કરીને તેને ધરાતલ સુધી અમલીકરણ કરાવવા બદલ તથા આ નીતિના ક્રિયાન્વન માટે સમગ્ર દેશમાં અગ્રેસર રહેવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે લેખક શ્રી કિશોર મકવાણા દ્વારા ભારતરત્ન ડો. બાબાસાહેબ આંબેડકર ઉપર તૈયાર થયેલા ચાર પુસ્તકો- "વ્યક્તિ દર્શન", "જીવન દર્શન", "આયામ દર્શન" અને "રાષ્ટ્ર દર્શન"નું ઓનલાઈન લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વાઈસ ચાન્સેલર કોન્ફરન્સમાં એસોશિએશન ઓફ ઇન્ડિયા યુનિવર્સિટીના પ્રમુખ પ્રૉ. તેજપ્રતાપ, એસોશિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીના જનરલ સેક્રેટરી ડૉ. પંકજ મિત્તલ, UGCના ચેરમેન પ્રૉ. ડી. પી. સિંઘ, લેખક શ્રી કિશોર મકવાણા, વિવિધ યુનિવર્સિટીના કુલપતિશ્રી, કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ઉચ્ચ અધિકારીઓ સહિત ભારતભરમાંથી શિક્ષણવિદો અને પ્રાધ્યાપકો ઓનલાઈનના માધ્યમથી જોડાયા હતા. ●

# કોરોના દર્દીઓને દવા સાથે પારિવારિક હુંફ આપી સાજા કરતાં આરોગ્યકર્મીઓ

કોરોના મહામારીની બીજી લહેરથી રાજકોટ શહેર તથા જિલ્લાના કોરોના સંક્રમિત દર્દીઓ માટે કેન્સર હોસ્પિટલ ખાતે કાર્યરત ડેડીકેટેડ કોવિડ હેલ્થ કેર યુનિટ કાર્યાન્વિત છે. દર્દીઓ દવાની સાથે આરોગ્ય કર્મીઓ પાસેથી મળી રહેલી પારિવારિક હૂંફને પરિણામે ઝડપથી સાજા થઇ રહ્યાં છે.

આ કેન્દ્રમાંથી સારવાર બાદ કોરોના મુક્ત થનાર જ્યોત્સનાબેન ગોસાઈ અને રૂગનાથભાઈ ભોરણીયાએ આરોગ્ય કર્મચારીઓની નિષ્ઠાને બિરદાવતા જણાવ્યું હતું કે, 'અહીંના સ્ટાફે અમને એક પરિવારની જેમ સાચવ્યા અને ખુબ સારી સારવાર મળી છે. કદાચ અમને ઝડપથી સાજા થવામાં દવા- સારવારની સાથે આ હુફ પણ ઉપયોગી પુરવાર થઈ છે...'

ડિસ્ચાર્જ થનારા અન્ય દર્દીમાં ૫૬ વર્ષના અરવિંદભાઈ ભલાણીએ જણાવ્યું હતું કે, 'અહીં કાર્યરત ડોક્ટર અંજનાબેન ત્રિવેદી તથા ડોક્ટર ઈલ્યાસ જુનેજાએ અમારી નાની નાની બાબતોનું ખૂબ ધ્યાન રાખ્યું છે અને સંપૂર્ણ માનવીય અભિગમ સાથે અમારી સારવાર કરી છે, જે બદલ અમે જિલ્લા વહીવટી તંત્ર તથા અહીંના સમગ્ર સ્ટાફના ખુબ આભારી છીએ...'

કોરોનાની સારવાર અર્થે અહીં દાખલ થયેલા ૭૫ વર્ષના મગનભાઈ ખેરડીયાના પુત્ર હાર્દિકભાઈ કહે છે કે, ' અહીં મળતી સારવારથી અમે સંપૂર્ણ સંતુષ્ટ છીએ, મારા બાપુજીને અહીંની સારવારથી ઘણું સારું છે...' બાવન વર્ષના મહિલા ભારતીબેન દિલીપભાઈ રાણપરાના પતિ દિલીપભાઈએ કહે છે કે, 'મારા પત્ની કોરોનાને લીધે સાવ હિંમત હારી ગયા હતા, પરંતુ અહીંના ડોક્ટરો તથા કર્મચારીઓએ તેમની ખૂબ હિંમત વધારી અને તેને માનસિક સહારો આપીને સંપૂર્ણ સાજી કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે...' ભારતીબેન ટીલાળા નામના મહિલા કહે છે કે, ' મારા મોટી ઉંમરના વડસાસુ અહીં દાખલ થયા છે, તેમને મોબાઈલ પણ વાપરતા નથી આવડતું, એ પરિસ્થિતિમાં અહીંના ડોક્ટરો અમને તેમની સાથે વાત કરાવે છે, જે અમને ખૂબ મદદરૂપ થાય છે અને અમારી ઘણી ખરી ચિંતા ઓછી થઇ જાય છે...'

ડેડીકેટેડ કોરોના હેલ્થ કેર યુનિટ ખરા અર્થમાં કોરોના દર્દીઓ માટે વરદાન સાબીત થઇ રહ્યું છે. ●

# ગણતરીનાં કલાકમાં 1700 વિદ્યાર્થીઓની નર્સિંગ સહાયક તરીકે નિમણૂક



સમગ્ર રાજ્યમાં કોરોના સામે યુદ્ધના ધોરણે કામગીરી થઈ રહી છે. રાજ્યનું સમગ્ર વહિવટી તંત્ર એકસુત્રતાથી કોરોના મહામારી સામે લડી રહ્યુ છે. જેના પરિણામે નાગરિકોનો ઝડપી આરોગ્ય સુવિધા પ્રાપ્ત થઈ રહી છે. આનું એક ઉત્કૃષ્ઠ ઉદાહરણ વડોદરામાં સામે આવ્યુ છે. વાત એવી છે કે, સરકારી નર્સિંગ કોલેજ, વડોદરાના પ્રાચાર્ય ભારતી સનાડિયાને ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવ દ્વારા સરકારી અને ખાનગી નર્સિંગ કોલેજોના વિદ્યાર્થીઓને નર્સિંગ સહાયકની સેવાઓ માટે પસંદ કરીને તાલીમ અને ફાળવણીની જવાબદારી નોડલ અધિકારી તરીકે સોંપવામાં આવી હતી. કોવિડ સારવાર માટે વધારવામાં આવી રહેલી પથારીઓની ક્ષમતા માટે જરૂરી માનવ સંપદાની વ્યવસ્થા કરવાની દૃષ્ટિએ આ ખૂબ અગત્યની કામગીરી હતી.

ભારતી બહેન ખૂબ જ કુશળતાથી આ ફરજ અદા કરી ૧૫ જેટલી સરકારી અને ખાનગી કોલેજોમાંથી ચોવીસ કલાક કરતાંય ઓછા સમયમાં ૧૭૦૦ જેટલા નર્સિંગ સહાયકને લાયક વિદ્યાર્થીઓની પસંદગી કરી લીધી છે. એટલું જ નહિ આ લોકોની ગોત્રી અને સયાજી હોસ્પીટલમાં તાલીમ તેમજ નિમણુંક, ફાળવણી, ફરજ માટે વર્ગીકરણ અને રોટેસન જેવી સમગ્ર પ્રક્રિયા જેવી વ્યાપક જવાબદારીઓ તેમણે ખૂબ જ ત્વરાથી પૂરી કરી છે. આ કામગીરીમાં પ્રાદેશિક નાયબ આરોગ્ય નિયામકની કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ,નર્સિંગ કોલેજોના આચાર્યો અને કર્મચારીઓ તેમજ વીએમસી સ્ટાફે ખૂબ જ  નિષ્ઠાસભર યોગદાન આપ્યું છે.

ખાસ ફરજ પરના અધિકારી ડો.વિનોદ રાવે ભારતી બહેન સહિત આ સમગ્ર ટીમને સંકટ સમયે ખૂબ જ પ્રસંશનીય કામગીરી માટે અભિનંદન આપતા જણાવ્યું હતુ કે અમારી ટીમની આ ફરજ પરસ્તી, ઝડપ અને કાર્ય કુશળતા સાચે જ દાદને પાત્ર છે. ●



# રાજકોટને ૧૦ હજાર રેમડેસિવીર ઇન્જેક્શન ફાળવાયાં



નરેશ/શૈલેષ

રાજય સરકાર દ્વારા કોરોનાના સંક્રમણને ખાળવા દર્દીઓની સારવાર માટે તેમજ રસીકરણ સહીતની કામગીરી માટે વ્યાપક જનહીતકારી નિર્ણયો લેવામાં આવ્યા છે. રાજકોટમાં રાજય સરકાર દ્વારા કોરોનાના દર્દીઓની સારવાર માટે તાત્કાલીક પગલા હાથ ધરી ૧૦ હજાર રેમડેસિવીર ઈન્જેકશન ફાળવવામાં આવ્યાં હતા.

કલેકટર શ્રી રેમ્યા મોહને જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં રેમડેસિવીર ઈન્જેકશનની અછત નથી પરંતુ તેનો દુરૂપયોગ ન થાય તે માટે દેખરેખ રાખવામાં આવી રહી છે. રેમડેસિવીરનો દુરૂપયોગ કે બનાવટી પ્રીસ્ક્રીપશન જેવી કોઇ બાબતો ધ્યાને આવશે તો કડક પગલાં લેવાશે. રાજકોટ જિલ્લામાં ૧૦,૦૦૦ રેમડેસિવીર ઈન્જેકશનમાંથી ૭,૦૦૦ સિવિલ હોસ્પીટલને, ૨૦૦૦ રાજકોટ શહેરની ખાનગી હોસ્પીટલ અને ૧૦૦૦ ઈન્જેકશન ગ્રામ્ય વિસ્તારની હોસ્પીટલને ફાળવાયા છે. જિલ્લા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવે છે કે દર્દીના સગાએ જાતે ઈન્જેકશન લેવા જવાની જરૂર નથી. ડોકટરોના પ્રિસ્ક્રીપશન મુજબ હોસ્પિટલ અને મેનેજમેન્ટ-તબીબો સાથે સંકલન કરી હોસ્પિટલોને ફુડ અને ડ્રગ વિભાગ દ્વારા આ ઈન્જેકશનની ઉપલબ્ધતા અંગે વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. લોકોએ ઈન્જેકશન અંગેની ગેરસમજ દુર કરવા, ખોટી અફવાથી દુર રહેવા તેમજ માસ્ક પહેરવા સોશીયલ ડીસ્ટન્સિંગ અપનાવવા પણ રાજ્ય સરકારે અપીલ કરી છે.

## સમરસ હોસ્ટેલના ડેડીકેટેડ કોવીડ હેલ્થ સેન્ટર ખાતે ૨૯૨ બેડ તૈયાર

કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈને રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમરસ હોસ્ટેલ ખાતે ૫૦૦ બેડની ઓક્સિજનની સુવિધા સાથેનું ડેડીકેટેડ કોવીડ હેલ્થ સેન્ટર અને ૫૦૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરુ કરાયું છે. રાજ્ય સરકારના માર્ગદર્શન મુજબ રાજકોટ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ખાળવા માટે અસરકારક પગલાં લેવાયા છે. સમરસ સેન્ટરના અધ્યક્ષ અને પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અહી ૫૦૦બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. જે પૈકી ૨૯૨ બેડ તૈયાર છે અને બાકીના બેડ પૂર્ણ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જ્યારે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય અને નગર પાલિકા વિસ્તારમાં સામાન્ય લક્ષણો ધરાવતા કોરોના પોઝિટિવ દર્દીની સારવાર માટે કુલ ૫૦૦ બેડની વ્યવસ્થા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. ●

### વડોદરાના તબીબોની 'સેવા પરમો ધર્મ'ની ભાવનાને સલામ

# દિવંગત માતાના અંતિમ સંસ્કાર કરી પુનઃ કોવિડ ડ્યૂટીમાં જોડાયા

માતાની હુંફ ન રહે એ વિચાર માત્ર હૃદયદ્રાવક હોય છે ત્યારે જન્મદાત્રીની વસમી વિદાયના કારમા આઘાતને પણ પચાવી ગણતરીના કલાકોમાં અનેકના જીવ બચાવવાની સયાજી હોસ્પિટલના બે તબીબોની હૃદયસ્પર્શી કર્તવ્ય નિષ્ઠાએ અનેક તબીબો- પેરામેડિકલ સ્ટાફને પ્રેરણા પુરી પાડી છે.

વડોદરાની સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો.રાહુલ પરમારના માતૃશ્રીનું તાજેતરમાં અવસાન થયું. હોસ્પિટલના પી.એસ.એમ.વિભાગમાં કાર્યરત અને છેલ્લા લગભગ સવા વર્ષથી કોવિડ મેનેજમેન્ટમાં અવિરત કાર્યરત ડો.રાહુલ પરમાર માટે આ દુઃખદ ઘટના હતી. વડોદરાથી ડૉ. રાહુલ ગાંધીનગરમાં માતાના અંતિમ સંસ્કાર કરી તુરત જ પાછા વડોદરા આવી ફરજ પર જોડાઈ ગયા. આવી ફરજનિષ્ઠાનો દાખલો સયાજી હોસ્પીટલમાં કોવિડ ડ્યુટી કરતાં એસોસિયેટ પ્રોફેસર ડો.શિલ્પા પટેલે પણ વહેલી પરોઢના ત્રણ વાગ્યે તેમણે પણ પોતાની વ્હાલી માતા ગુમાવી. તેઓ ગમગીન હૃદયે અંતિમ સંસ્કારમાં જોડાયા. માત્ર 6 કલાક પછી સવારે 9 વાગ્યા પાછા પૂર્વવત કોવિડ ડ્યુટીમાં લાગી ગયાં.

વડોદરામાં ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવે સયાજી હોસ્પીટલમાં યોજેલી સમીક્ષા બેઠકમાં આ બંને ઘટનાઓ જાણીને, સંબંધિત તબીબોની સમર્પિતતા અને સેવા નિષ્ઠાને ઉજ્જવળ ઉદાહરણ સમાન ગણાવી બિરદાવી હતી. ડો.વિનોદ રાવે જણાવ્યું કે આ લોકોએ સમર્પિતતા અને સેવા નિષ્ઠાના બેજોડ દાખલા બેસાડ્યા છે. આ બંને કોરોના યોદ્ધાઓને હું દિલ થી સલામ કરું છું. ●

# માતાને સાચવનાર અમદાવાદ સિવિલ હોસ્પિટલને પુત્રનો હૃદયસ્પર્શી પત્ર

**હિમાંશુ ઉપાધ્યાય**



''મારા માતાને બે પગે અને જમણા હાથે ફ્રેક્ચર હતું અને "ઓક્સિજનનું લેવલ ૬૫" એ પહોંચી ગયું હતું. સ્થિતિ ગંભીર હતી. વેન્ટિલેટર પર રાખવા પડ્યા હતા. પણ હવે તેમની સ્થિતિ સારી છે. સિવિલ હોસ્પિટલના તબીબોએ મારી માતાને પોતાની માતાની જેમ સાચવ્યા.'' આ શબ્દો છે. દર્દી રમીલાબેન ઠક્કરના પુત્ર શ્રી અજયભાઈ ઠક્કરના.

અજયભાઈ ઠક્કરે સિવિલ હોસ્પિટલની મંજુશ્રી કંપાઉન્ડ સ્થિત કોરોના ડેડિકેટેડ હોસ્પિટલમાં પોતાની માતા રમીલાબેન ઠક્કરને કોરોના સારવાર માટે દાખલ કર્યા બાદનો પોતાનો અનુભવ વર્ણવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, સરકાર શ્રેષ્ઠ કામગીરી કરી રહી છે. સિવિલ હોસ્પિટલમાં મારી માતાને શ્રેષ્ઠ સારવાર મળી અને જે સુવિધાઓ આપી તેનાથી મને સંતોષ છે.સિવિલના તબીબો દ્વારા સંવેદનશીલ અભિગમ દાખવીને પારકાને પોતાના સમજી સારવાર કરવામાં આવી રહી છે.

શ્રી અજયભાઈ ઠક્કર પાસે માતાએ ભોજનની માગણી કરી, ત્યારે તેમણે ડો. રાકેશભાઇ જોશીને વાત કરી. ત્યારે તેમણે અજયભાઈને આરોગ્યની સ્થિતિ સમજાવી અને અજયભાઈને સાંત્વના આપી કે તેઓ ખુદ પોતાની માતાની તેમજ તેમની દરકાર લેશે. ડૉ. રાકેશભાઇ જોશીએ પુત્રવત સેવા પણ કરી અને રમીલાબહેન ફક્ત ત્રણ દિવસની સારવારમાં અકલ્પનીય પરિણામ મળ્યુ અને તેમની તબીયતમાં સુધાર આવ્યો.

આમ, આવા અનેક વિરલા રાજ્યની અનેક હોસ્પિટલ્સમાં રાત-દિવસ જોયા વિના કામ કરી રહ્યા છે. ત્યારે ગુજરાતના લોકોની નૈતિક ફરજ છે કે કોરોનાની કપરી સ્થિતિમાં નિયમોનું પાલન કરી તેમનો જુસ્સો વધારે.●

## કોરોનાને કચડવા ભલાઈનું ટેબલ: ટંકારા પોલીસ દ્વારા અનોખી પહેલ

**ઘનશ્યામ પેડવા**

મોરબી જીલ્લામાં કોરોના સંક્રમણને રોકવા જનજાગૃતિ અભિયાન રાજ્ય સરકારે ઉપાડ્યું છે. ત્યારે સેવાભાવી લોકોએ પણ તેમાં સ્વયંભૂ જોડાઇને સેવાની સરવાણી વહાવી દીધી છે. કોરોનાના કપરા સમયમાં સેવાભાવી લોકો કોઈ ને કોઈ રીતે આગળ આવી સેવાકાર્ય કરી રહ્યા છે.

કોરોનાનાં કપરા સંજોગોમાં પોતાના ઘર-પરીવારને છોડી ફરજ પર સેવા આપી રહેલા પોલીસકર્મીઓ પણ લોકોમાં જાગૃતિ લાવવા અને કોરોના સંક્રમણને વધતુ અટકાવવા પ્રયાસો કરી રહ્યા છે. કોરોનાના ફેલાવાને અટકાવવા ટંકારા પોલીસ દ્વારા અનોખી પહેલ કરવામાં આવી છે. ટંકારાની લતીપર ચોકડી ખાતે પોલીસ દ્વારા માસ્ક વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ વિભાગ દ્વારા



દાતાની મદદથી મળેલા માસ્ક, સેનિટાઈઝર, હેન્ડવોશ જાહેર જનતાને વિના મૂલ્યે આપવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા લોકોને કોરોના સામે સાવચેતી રાખવા તથા માસ્ક પહેરવા, સેનિટાઈઝરથી વારંવાર હાથ સાફ કરવા અપીલ કરવામાં આવી છે. ●

# મહેસાણામાં આરોગ્ય સેવા અંગે માર્ગદર્શન આપતા Dy. CM



મહેસાણા જિલ્લામાં શહેર તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના કેસ, ટેસ્ટિંગ, ટ્રેસિંગ, કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલો, બેડની સંખ્યા, ઓકિસજનની સુવિધા, વેન્ટીલેટર, દવાઓ, સારવારની સુવિધા, આરોગ્ય સ્ટાફ સહિતની વિગતો મેળવીને કોરોના નિયંત્રણ અને જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા વહીવટી તંત્રને માર્ગદર્શન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આપ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે કોરોનાને નિયંત્રીત કરવા માટે વહીવટીતંત્ર ખડેપગે કામ કરી રહ્યું છે. જિલ્લામાં ૩,૧૪,૬૮૯ ટેસ્ટીંગ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નાગરિકોને રસીકરણ માટે અપીલ કરતાં જણાવ્યું હતું કે જિલ્લામાં ૨૨૫ સરકારી અને ૦૯ ખાનગી કેન્દ્રો દ્વારા આજ દિન સુધી ૩,૬૬,૭૪૯ નાગરિકોનું રસીકરણ કરાયું છે. કોરોના દર્દીઓને ખર્ચનું ભારણ ઓછુ થાય તે માટે સરકારે રૂ. ૩૦૦૦નો એચ.આર.સીટી દર નક્કી કરી તેની અમલવારી શરૂ કરાઇ છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે આરોગ્યની સુખાકારી સુવિધાને પગલે કોરોના ૬,૮૩૭ દર્દીઓ સ્વસ્થ થયા છે. જિલ્લામાં ૭૦૦૫ રેમડેસીવીર ઈન્જેકશન પુરા પાડવામાં આવેલ છે.જે જરૂરીયાત પ્રમાણે દર્દીઓને આપવામાં આવી રહ્યા છે.જિલ્લામાં દર્દીઓને ઓક્સિજનની પુરતી સુવિધા મળી રહે તે માટે સતત પ્રયત્નો કરાઇ રહ્યા છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લામાં ૫૯ ધનવંતરી ટીમો દ્વારા સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. જિલ્લામાં સરકારી હોસ્પિટલો ઉપરાંત ૪૩ જેટલી ખાનગી હોસ્પિટલોને કોવિડની સારવાર માટે મંજુરી અપાઇ છે. તેમણે ઉમેર્યું હતું કે નાગરિકો સાવચેતી અને સલામતી રાખે તે જરૂરી છે. જિલ્લામાં માસ્કની કડકાઇથી અમલવારી માટે જિલ્લા પોલીસ અધિક્ષકને સુચના આપેલ છે તેમ જણાવી નાગરિકોને ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ રાખવા માટે અપીલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું કે, કોરોના દર્દીઓની સૌથી વધુ જરૂર ઓક્સિજનની પડે છે તે માટે ઓક્સિજન બેડ વધારવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજન ઉપલબ્ધ થાય તેવી કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લામાં ૧૪૩૪ પથારીઓમાંથી ૧૩૩ પથારીઓ ખાલી છે.નાગરિકોની સલામતી માટે આગામી સમયમાં વસંતપ્રભા વડનગરમાં ૫૦ બેડ,જીવનધારા સતલાસણામાં ૩૭ બેડ, એસ.ડી.એચ વિસનગરમાં ૨૦ બેડ, મેન્ટલ હોસ્પિટલ મહેસાણામાં ૨૭ બેડ, બેચરાજી સી. એચ.સીમાં ૧૦ બેડ અને વિજાપુરની ખાનગી આશ હોસ્પિટલમાં નવીન ૨૫ બેડની સુવિધા સહિત ઝાયડસ ગ્રુપ દ્વારા બેચરાજી ખાતે પણ કોવિડ હોસ્પિટલ શરૂ થનાર છે.આ ઉપરાંત ભાન્ડુ નર્સીંગ કોલેજ,વિસનગર મર્ચન્ટ નર્સીંગ કોલેજમાં વ્યવસ્થા ઉભી થનાર છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યુ હતું કે જિલ્લામાં કોવિડ કેર સેન્ટરો શરૂ કરાયા છે. ગરીબ અને મધ્યમ વર્ગીય અને જરૂરીયાત મંદ દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટરમાં માઇલ્ડ દર્દીઓની ભોજન અને આરોગ્ય સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લામાં નાગરિકોને રૂ ૦૧ના ટોકન દરથી થ્રી લેયર માસ્ક મળી રહે તે માટે જિલ્લાની પાલિકાઓ અને માર્કેટયાર્ડો દ્વારા મોટાપાયે ખરીદી કરી માસ્કનું વિતરણ કરવામાં આવનાર છે. જિલ્લામાં સંસ્થાઓ, નાગરિકો અને સેવાભાવી દાતાઓના સહયોગથી જરૂરીયાત મંદ નાગરિકોને માસ્કનું વિતરણ જિલ્લામાં કરવામાં આવનાર છે.

બેઠકમાં સંસદ સભ્યશ્રી શારદાબેન પટેલ, રાજયસભા સંસદ સભ્યશ્રી જુગલસિંહ લોખંડવાલા, પ્રભારી સચિવ ધનંજય દ્વિવેદી, જિલ્લા કલેકટર એચ. કે.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રદિપસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વેશ્રી કરશનભાઇ સોલંકી, ડૉ. આશાબેન પટેલ, ઋષિકેશ પટેલ, અજમલજી ઠાકોર, રમણભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરેન્દ્રનગર જિલ્લાની સમીક્ષા કરતા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા



કોરોના મહામારીના સમયમાં કોરોના સંક્રમણને ધ્યાને લઈ સુરેન્દ્રનગર જિલ્લામાં હાથ ધરાયેલી આરોગ્યલક્ષી કામગીરીની સાથે લોકોને સંક્રમણથી સુરક્ષિત કરવામાં આવતી રસીકરણની કામગીરીની સમીક્ષા અર્થે સુરેન્દ્રનગરમાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ બેઠક યોજી હતી.

આ બેઠકમાં મંત્રીશ્રીએ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ચાલી રહેલા કોવીડ ટેસ્ટિંગ, કોરોના સંક્રમિત દર્દીઓને કોરેન્ટાઈન કરવા, હોમ આઈસોલેશન તેમજ વેન્ટિલેટર અને જિલ્લાની હોસ્પિટલમાં કોવિડ બેડની ઉપલબ્ધતા સહિતની આરોગ્યલક્ષી સુવિધાઓ બાબતે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ કોરોના રસીકરણની કામગીરીમાં વેગ લાવવાની સાથે ટેસ્ટિંગ વધારવા અને RT-PCR રિપોર્ટ ઝડપથી ઉપલબ્ધ થાય તેમજ ઈમર્જન્સીવાળા દર્દીઓને હોસ્પિટલમાં તુરંત દાખલ થાય તે બાબતની તકેદારી રાખવા જણાવ્યું હતુ.

આ બેઠકમાં સાંસદ શ્રી ડૉ. મહેન્દ્ર મુંજપરા, ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ, કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી,, પ્રાંત અધિકારીશ્રી સહિત આરોગ્ય વિભાગના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# અંજારના મીંદીયાણામાં સરકારી શાળાનું લોકાર્પણ



ગુજરાતનો યુવા દેશના ભાવિનો કર્ણધાર સાબિત થાય તે માટે રાજ્ય સરકાર શિક્ષણ ઉપર ભાર મુકી રહી છે. તાજેતરમાં અંજાર તાલુકાનાં મીંદીયાણા ખાતે નવનિર્મિત સરકારી માધ્યમિક શાળાનું લોકાર્પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજય મંત્રી શ્રી વાસણભાઇ આહિર દ્વારા કરવામાં આવ્યું હતું. રૂ.2 કરોડ બાર લાખના ખર્ચે નિર્મિત આ સરકારી માધ્યમિક શાળામાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપરાંત સ્માર્ટ સ્ટડી રૂમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ તકે રાજય મંત્રી શ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, ગામનાં વાલીઓએ દીકરીઓના અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું તે માટે અભિનંદનને પાત્ર છે. માલધારી સમાજના દીકરા-દીકરી ગુણાવતાયુકત અને આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરી આગળ આવે તે માટે રાજય સરકાર હંમેંશા કટિબદ્ધ છે.

મીંદીયાણા ગામની દિકરીઓને બહુ દુર સુધી શિક્ષણ લેવા જવું ન પડે અને ગામમાં જ માધ્યમિક શિક્ષણ ઉપલબ્ધ બને તે માટે આ શાળાની શરૂઆત થતાં માલધારી સમાજના લોકોએ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.એન.પ્રજાપતિ, જિલ્લા શિક્ષણાધિકારી ડો.બી.એન.પ્રજાપતિ, તાલુકા વિકાસ અધિકારીશ્રી રમેશભાઇ વ્યાસ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી બલદાણીયા, તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. ●

# મોરબીમાં માત્ર પાંચ દિવસમાં RT-PCR લેબનું નિર્માણ



સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે ઝઝુમી રહ્યુ છે. લોકોને સારી આરોગ્ય સુવિધા મળે, લોકોને કોરોના સામે રક્ષણ આપતી વેક્સિન મળે તે માટે ભારત સરકારના માર્ગદર્શનમાં સમગ્ર દેશમાં કાર્ય થઈ રહ્યુ છે. ગુજરાત સરકારે પણ નાગરિકોને કોરોનાથી બચાવવા યુદ્ધના ધોરણે કામ શરૂ કર્યુ છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ત્વરિત નિર્ણયશક્તિના પરિણામે આરોગ્યની સવલત ઝડપી મળતી થઈ છે. આ વાતની સાક્ષી પુરતુ ઉદાહરણ મોરબીમાં સામે આવ્યુ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મોરબી જિલ્લાની મુલાકાત લઈ મોરબીમાં આરટી-પીસીઆર લેબોરેટરી શરૂ કરવા અંગે વહિવટી તંત્રને સુચના આપી હતી. મુખ્યમંત્રીશ્રીની સુચનાના માત્ર પાંચ દિવસમાં અદ્યતન લેબોરેટરીનો પ્રારંભ થઈ ચુક્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગત 8મી એપ્રિલના રોજ મોરબીની મુલાકાત સમયે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે કોવિડની પરિસ્થિતિ અંગે સમિક્ષા કરી હતી. જે અંતર્ગત મોરબી જિલ્લામાં આરટી-પીસીઆર લેબોરેટરી શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો હતો. તેમજ તાત્કાલિક લેબોરેટરી શરૂ કરવા અંગે સંબંધિત અધિકારીઓને સુચના અપાઇ હતી. જે અંતર્ગત લેબોરેટરી શરૂ કરવા ટોચ અગ્રતા આપી કામગીરી હાથ ધરવામાં આવી હતી અને કામગીરીને તાત્કાલીક પૂર્ણ કરવામાં આવતાં લેબોરેટરી શરૂ કરવાની તમામ ઔપચારિક વિધિ પૂર્ણ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈની સુચનાના બાદ પ્રભારી સચિવ શ્રી મનીષા ચંદ્રા, જિલ્લા કલેક્ટર શ્રી જે.બી. પટેલની આગેવાની હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા લેબોરેટરી શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે કામગીરી માત્ર પાંચ દિવસના ટૂંકાગાળામાં પૂર્ણ થતા સિવિલ હોસ્પિટલમાં પ્રભારી સચિવશ્રી તથા જિલ્લા કલેક્ટરશ્રી વિશેષ ઉપસ્થિતિમાં લેબોરેટરીનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ લેબોરેટરીમાં મોરબી સિવિલ હોસ્પિટલના 50 સેમ્પલથી શરૂ કરવામાં આવશે અને ત્યાર બાદ સમયાંતરે સેમ્પલીંગમાં વધારો કરવામાં આવશે. હાલ મોરબી સિવિલ હોસ્પિટલના સેમ્પલને પ્રાધાન્ય આપવામાં આવશે અને ત્યાર બાદ અન્ય અન્ય સ્થાનો પરથી લેવામાં આવતાં સેમ્પલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આરટી-પીસીઆર ટેસ્ટીંગ માટે લેબોરેટરીમાં સેમ્પલ લીધા બાદ કાર્યવાહીમાં 7 થી 8 કલાક જેટલો સમય લાગે છે જેથી હવે મોરબીવાસીઓ માટે આરટીપીસીઆર રિપોર્ટ 24 કલાકમાં મેળવવો શક્ય બની રહેશે. આમ, રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની મોરબી જિલ્લાની મુલાકાતનું પરિણામ અને તેની ફળશ્રુતિ સમાન લેબોરેટરી કાર્યરત કરવામાં આવી છે. ●



# અમદાવાદથી 20 ધન્વંતરી રથને જનસમર્પિત કરતાં CM



રાજ્યમાં ધનવંતરી આરોગ્ય રથ થકી કોરોના દર્દીઓનું અર્લી ડિટેકશન કરી તેઓને સમયસર યોગ્ય સારવાર આપી રાજ્યમાં મૃત્યુ દર ઘટાડવાનો સરકારનો હેતુ છે. કોરોનાના દર્દીઓને સંક્રમણની થતાં જ સારવાર શરૂ કરી શકાય તે માટે રાજ્ય સરકારે લીધેલા પગલાઓથી ધન્વંતરી આરોગ્ય રથ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરીને દર્દીઓની આરોગ્યની સંભાળ લઈ રહ્યાં છે. તાજેતરમાં અમદાવાદથી 20 ધન્વંતરી રથનું પ્રસ્થાન કરાવતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે આ ધન્વંતરી રથથી નાગરિકોનાં આરોગ્યની સુખાકારીમાં વધારો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક ધન્વંતરી રથ પાંચ આરોગ્ય કર્મીઓ, જી.પી.એસ. સિસ્ટમ, લેપટોપ અને ઈન્ટરનેટ કનેકટીવિટી ધરાવે છે જેના પગલે આરોગ્ય રથ આરોગ્ય વિભાગને સેન્ટ્રલાઈઝ ડેટા ઉપલબ્ધ કરાવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આરોગ્ય રથના પ્રસ્થાન બાદ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત સહિત દેશભરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. તેવા સમયે રાજ્ય સરકાર આરોગ્ય સુવિધાઓને વધારવા અને સુદ્રઢ કરવા માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત સરકારે છેલ્લા આઠ દિવસમાં રાજ્યમાં ૧૫૦૦૦ બેડ, ૩૧૦૦ ઈન્ટેન્સિવ કેર યુનિટ, ૬૭૦૦ઓક્સિજન સાથેના બેડ અને ૯૬૫ વેન્ટિલેટર ઉમેર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ચાર મહાનગરોમાં સંક્રમણ વધુ ઝડપથી ફેલાઈ રહ્યું છે ત્યારે લોકો અનાવશ્યક કારણોથી ઘરની બહાર ન નીકળે અને નિયમોનું પાલન કરે તે જરૂરી છે. સરકારે માસ્ક પહેરવાના નિયમોની કડક અમલવારી માટેના નિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દેશના વિભિન્ન રાજ્યોના મુખ્યમંત્રીશ્રી સાથેની ગત બેઠકનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાત રાજ્યમાં અન્ય રાજ્યોની સાપેક્ષે રેમ્ડેસિવર ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

તેમણે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારે કોરોનાકાળમાં કોવિડ દર્દી અને મૃત્યુના આંકડા ક્યારેય પણ છુપાવ્યા નથી. સરકાર યથાસ્થિતિ આંકડા સૌ સમક્ષ મૂકવામાં માને છે. કોરોનાને કારણે થતા મૃત્યુની ગણતરીમાં આઇ.સી.એમ.આર.ની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, કોમોર્બિડ દર્દીના મૃત્યુનું પ્રાઈમરી અને સેકન્ડરી કારણ ધ્યાને લઇ માર્ગદર્શિકા મુજબ મૃત્યુનું મુખ્ય કારણ નિર્ધારિત કરવામાં આવે છે. સરકાર દ્વારા કોરોના સંક્રમણની જે વિગતો રજીસ્ટર થાય છે તે જ વિગતો જનતા અને મીડિયા સમક્ષ મૂકવામાં આવે છે તેમ તેઓએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક પુનરોચ્ચાર કર્યો હતો કે, રાજ્ય સરકારનો લોકડાઉન લાગુ કરવાનો કોઈ જ વિચાર નથી અને આપણે લોકડાઉનની દિશામાં જઈ પણ રહ્યા નથી. રાજ્યના કેટલાક ગામડા-નગરોમાં લોકો અને વ્યાપારી સંગઠનો સ્થાનિક પરિસ્થિતિને આધારે સ્વયંભૂ બંધ પાળે છે તે આવકારદાયક છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, ૫૨ મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. હાલમાં જ ગુજરાતને બીજા પંદર લાખ ડોઝ મળ્યા છે અને આગામી રાષ્ટ્રવ્યાપી રસીકરણ કાર્યક્રમ માટે બીજા ડોઝ પણ મળશે તેમ ઉમેર્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ૨૦ નવા ધન્વંતરી આરોગ્ય રથ અમદાવાદના બોપલ, બાવળા, ચાંદખેડા, ગાંધીનગર શહેર, સુરતના કડોદરા અને કિમ, વડોદરાના ફતેગંજ અને શહેર,ગોંડલ, રાજકોટ, દાહોદ, પોરબંદર, અમરેલી, છોટાઉદેપુર, મહીસાગર, અરવલ્લી, દેવભૂમિ દ્વારકા, બોટાદ, સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં સેવા આપશે.

રાજ્યમાં ૩૪ ધન્વંતરી આરોગ્ય રથ થકી કોરોના કાળમાં ૨,૯૪,૫૨૫ વ્યક્તિને આરોગ્ય રથનો લાભ પ્રાપ્ત થયો છે. નવા ૨૦ આરોગ્ય રથ ઉમેરાતા રાજ્યમાં આરોગ્ય રથની સંખ્યા ૫૪ થઈ છે. આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટ પરમાર, ધારાસભ્ય શ્રી જગદીશ પંચાલ, શ્રી પ્રદીપ પરમાર, શ્રમ કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા સહિતના અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●






# શ્રેષ્ઠત્તમ મેડિકલ સુવિધાઓથી ભારત-ગુજરાતને હેલ્થકેરમાં વર્લ્ડક્લાસ બનાવવાની નેમ




» પોતાની સંપત્તિનો સમાજ શ્રેયાર્થે ''બહુજન હિતાય-બહુજન સુખાય'' મંત્ર સાથે ઉપયોગ કરનારા નાઇક પરિવારે સામાન્ય માનવી ગરીબ-વંચિતો પ્રત્યે સંવેદના દર્શાવી છે

» સૌના સુખે સુખી-સૌના દુ:ખે દુ:ખીની ભાવના સાથે પોતાના ધન-લક્ષ્મી અન્યોની સેવામાં આપીને નાઇક પરિવારે 'શ્રીમંત'ને સાચ અર્થમાં સાકાર કર્યુ

» રાજ્યના છેવાડાના વિસ્તારોમાં સુપર સ્પેશ્યાલિટી સહિતની આરોગ્ય સેવાઓ આપવા નવી હેલ્થ પોલિસીમાં રાજ્ય સરકારે ઇન્સેન્ટીવ યોજના શરૂ કરી છે:- **મુખ્યમંત્રીશ્રી**

રાજ્યના છેવાડાના અંતરિયાળ વિસ્તારોમાં પણ સુપર સ્પેશ્યાલિટી સહિતની આરોગ્ય સેવાઓ પહોચાડવા નવી હેલ્થ પોલિસીમાં ઈન્સેન્ટીવ યોજના સરકારે શરૂ કરી છે. રાજ્યના હરેક જરૂરતમંદ વ્યક્તિ-દરદીને ઘર આંગણે સારામાં સારી સારવાર મળે તેવો રાજ્ય સરકારનો પ્રયાસ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં નવસારી નજીક એ.એમ. નાઇક હેલ્થ કેર કોમ્પલેક્ષ ખાતે 'નિરાલી કેન્સર હોસ્પિટલ'નું લોકાર્પણ કર્યું હતું. આ હોસ્પિટલનું નિર્માણ એલ.એન્ડટી.ના ચેરમેન, પદ્મ વિભૂષણ શ્રી અનિલ નાઇક સંચાલિત એ.એમ. નાઇક હેલ્થ કેર એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારોના ગરીબ-જરૂરતમંદ પરિવારોની આરોગ્ય સુખાકારી માટે આ અદ્યતન હોસ્પિટલ એક ઉત્કૃષ્ટ સેવા-સારવાર માધ્યમ બનશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી. શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ કે, કેન્સર જેવી ગંભીર બિમારી સહિત અન્ય ગંભીર રોગોની સારવાર માટે ગરીબ પરિવારોને કોઇ પાસે હાથ લાંબો ન કરવો પડે તે માટે ૬૦ લાખથી વધુ પરિવારોને મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્યમ કાર્ડ અંતર્ગત આવરી લઈને રૂ. ૩ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે સરકાર પૂરી પાડે છે.

તેમણે પ્રધાનમંત્રીશ્રીએ આયુષ્યમાન ભારત અન્વયે આવા પરિવારોને રૂ. ૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવારની જે યોજના કરી છે તેનો પણ રાજ્યના જરૂરતમંદ લોકોને લાભ મળી રહ્યો છે તેની ભૂમિકા આપી હતી.

પોતાની સંપત્તિનો સદુપયોગ કરનારા નાયક પરિવારની ભાવનાને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ સંવેદનશીલ હૃદય ભાગ્યશાળી માનવીઓના જ હોય છે તેમ જણાવી બીજાના આંસુઓ લુછવાનું પુણ્યકર્મ નાયક પરિવાર બખૂબી નિભાવી રહ્યું છે તેની પ્રસંશા કરી હતી.

શિક્ષણ અને આરોગ્ય ઉપર લક્ષ કેન્દ્રિત કરીને પોતાની સંપત્તિનો 'બહુજન હિતાય, બહુજન સુખાય'ના મંત્ર સાથે ઉપયોગ કરનારા નાયક પરિવારની ઉદાત્ત ભાવનાને બિરદાવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખૂબ જ અલ્પ જીવન જીવીને લાખો પરિવારોને નવજીવન આપવાનો માર્ગ બતાવી ગયેલી ચી. નિરાલીને પુણ્ય આત્મા ગણાવ્યો હતો.

ગુજરાતનો ચારેકોર વિકાસ થઈ રહ્યો છે ત્યારે વતનનું ઋણ ચુકવવાનું કાર્ય કરી રહેલા નાયક પરિવારના આ સેવાકાર્યમા સહભાગી થવાની મળેલી તક ને મુખ્યમંત્રીશ્રીએ પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું.

**સમાજસેવી અને પરોપકારી એ.એમ.નાઇક દ્વારા સ્થાપિત 'નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટ' દ્વારા કેન્સર હોસ્પિટલની સ્થાપના દક્ષિણ ગુજરાતના અંતરિયાળ વિસ્તારના જરૂરતમંદ લોકો માટે શ્રેષ્ઠ આરોગ્ય સારવાર ધામ બનશે**

દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામા વિશેષ કરીને આરોગ્યક્ષેત્રે સેવાભાવી સંસ્થાઓના સહયોગથી નિતનવી સુવિધાઓ ઉભી થઇ રહી છે તેમ જણાવતા શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાનશ્રીએ ગુજરાતને ફાળવેલી 'એઈમ્સ' માટે આભાર વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના મહામારી સામે કે અન્ય સામાન્ય અથવા ગંભીર રોગની સારવાર માટે મેડીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર સુદ્રઢ બનાવી આવનારા સમયમાં ભારતને મેડીકલ ક્ષેત્રે વર્લ્ડ કલાસ હેલ્થ કેરનું અગ્રેસર બનાવવાની નેમ વ્યકત કરી હતી.

પદ્મ વિભૂષણ શ્રી એ.એમ.નાયકે આ હોસ્પિટલ સમાજ માટે નવી આશા અને વિશ્વાસનો નવો યુગ લાવશે તેમ જણાવ્યું હતું. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્પિટલ વ્યાપક અને વાજબી કેન્સર કેર ઓફર કરે છે. તેમજ સમગ્ર પ્રદેશમા ઉપલબ્ધ સેવાઓમા વધારો અને સુધારો કરશે. પરોપકારી, પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત તથા લાર્સન એન્ડ ટુબ્રોના ગૃપ ચેરમેન એ.એમ.નાઇકની વ્યક્તિગત ક્ષમતામાં હોસ્પિટલની સ્થાપના કરવામા આવી છે. આ હોસ્પિટલનું નિર્માણ શ્રી નાઇકની પૌત્રીની યાદમાં કરવામાં આવ્યું છે.





હોસ્પિટલ ખાતે કામગીરી પ્રતિષ્ઠિત અપોલો સીબીસીસી ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવશે, તથા તે ઓન્કોલોજી, ડાયગ્નોસ્ટિક્સ, ન્યુક્લિઅર મેડિસિન, રેડિયોલોજી તેમજ પેઇન મેનેજમેન્ટ, ફિઝિયોથેરાપી વિગેરે જેવી અન્ય સેવાઓને આવરી લેશે.

"નિરાલી કેન્સર હોસ્પિટલ"ના લોકાર્પણ સમારોહમા એ. એમ.એન. ફેમિલી ફ્રેન્ડ્સ એન્ડ એસોસીએટ્સ શ્રી એ.એમ.નાયક, ગીતા નાયક, વાઇસ ચેરપર્સન પ્રીથા રેડ્ડી, સાંસદ શ્રી સી. આર.પાટીલ, સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, બારડોલીના સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, વન અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, ધારાસભ્યશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગત માર્ચ માસમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ.વૈકયાનાયડુએ ૫૦૦ બેડની 'નિરાલી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ'નો શિલાન્યાસ કર્યો હતો. જે કેન્સર હોસ્પિટલની બાજુમાં જ આવેલી છે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અને નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા સંચાલિત આ હોસ્પિટલ પણ વર્ષ ૨૦૨૨ સુધીમા કાર્યરત થઇ જશે. ●

# સુરતના તબીબોના પ્રયાસથી સગર્ભા પરિણીતા બની કોરોનામુક્ત

✎ મહેન્દ્ર વેકરિયા



કોરોનાની બીજી લહેરમાં નાના બાળકો, યુવાનો અને મધ્યમવયના લોકો પણ મોટી સંખ્યામાં કોરોનાથી પ્રભાવિત થઇ રહ્યાં છે. આ વિકટ સમયમાં મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલના તબીબોએ સરાહનીય કામગીરી દ્વારા ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. ખાનગી હોસ્પિટલમાંથી રિફર કરાયેલા અલથાણના સગર્ભા પરિણીતા શ્વેતાબેન પટેલને યોગ્ય સારવાર આપી કોરોનામુક્ત કર્યા છે. કોરોના મહામારીમાં સતત ફરજ નિભાવી રહેલાં સ્મીમેરના તબીબો ફરી એક વાર એક ગર્ભવતી મહિલાને કોરોનામુક્ત કરવા સાથે તેમના ઉદરમાં ઉછેરી રહેલા બાળકને પણ નવજીવન આપ્યું હતું.

સ્મીમેરના કોવિડ-૧૯ વોર્ડમાં ફરજ બજાવતાં ડૉ.કમલ નાયકે જણાવ્યું હતું કે, અલથાણના પટેલ પરિવારના ચાર મહિનાની પ્રેગ્નેન્સી ધરાવતા અને કોરોના પોઝિટિવ શ્વેતાબેન અક્ષયભાઇ પટેલને પ્રાઇવેટ હોસ્પિટલમાંથી ગંભીર હાલતમાં સ્મીમેરમાં લાવવામાં આવ્યા હતા, જેમને સારવાર માટે તાત્કાલિક કોવિડ-૧૯ વોર્ડમાં દાખલ કરી બે દિવસ બાયપેપ પર રાખી ઓક્સિજન લેવલમાં વધારો થતા ૧૦ લિટર ઓક્સિજન પર રાખવામાં આવ્યા હતા. સરકારની ગાઇડ લાઇન પ્રમાણે રેમડેસિવિર ઈન્જેક્શન પણ આપવામાં આવ્યા હતા. કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતી તબીબ સહિતની આરોગ્ય ટીમે ગર્ભવતી મહિલા દર્દી શ્વેતાબેનની દેખરેખ રાખી કોરોમુક્ત કરવામાં યોગદાન આપ્યું હતું. તેમને દવા ઉપરાંત પારિવારિક હૂફ આપીને શ્વેતાબેનની સતત દેખભાળ રાખવાના કારણે તેઓ કોરોનામુક્તક થઇ સ્વસ્થ થતાં રજા આપવામાં આવી હતી.

સ્મીમેર હોસ્પિટલ ગાયનેક વિભાગના રેસિડેન્ટ ડૉ. જિતેશ શાહના માર્ગદર્શન હેઠળ કોરોનાની સારવાર સાથે ગાયનેક વિભાગની ટીમની જહેમતે ઉઠાવી ઉદરમાં ઉછરી રહેલા બાળકની પણ સતત કાળજી રાખી શ્વેતાબહેનને કોઇપણ આરોગ્ય સમસ્યા ન સર્જાય એ પ્રકારે સારવાર આપવામાં આવી હતી.

કોરોનામુક્ત થયેલા શ્વેતાબેન પટેલે તબીબોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, હું અને મારો પરિવાર સ્મીમેર હોસ્પિટલના ઋણી છીએ. મને બે દિવસ બાયપેપ પર રાખવામાં આવી ત્યારે હું હિંમત હારી ગઈ હતી. પરંતુ દેવદૂત સમાન ડોક્ટરોએ મને અને મારા પેટમાં ઉછરી રહેલા બાળકને સ્વસ્થ કર્યા છે. મારી પાસે એમનો આભાર માનવા કોઈ શબ્દો નથી. અહીં તદ્દન વિનામૂલ્યે સારવાર મળી છે.

હજારો કોરોના દર્દીઓને સ્વસ્થ કરીને સહીસલામત ઘરે મોકલનારા સરકારી કોવિડ હોસ્પિટલના મહેનતુ ડોક્ટરો ઈશ્વરીય કાર્ય કરી રહ્યાં છે એવું શ્વેતાબેનના પતિ અક્ષય પટેલે જણાવ્યું હતું.

આ તો ફક્ત એક દાખલો છે. આવું દૃશ્ય માત્ર સુરતની સ્મીમેર હોસ્પિટલમાં જ નહીં પરંતુ વડોદરા, અમદાવાદ, રાજકોટ સહિતના નગરોની કોઇપણ કોવિડ હોસ્પિટલ્સમાં જોવા મળી રહ્યું છે. જયાં સેવાના ભેખધારી તબીબો જીવસટોસટની બાજી ખેલીને કર્તવ્ય નિષ્ઠા નિભાવી રહ્યાં છે. કેટલાક તબીબો અને આરોગ્ય કર્મચારીઓ એવા પણ છે જેઓને આ સેવા દરમિયાન કોવિડ કોરોનાથી સંક્રમિત થયાં અને સાજા થઇ પુનઃ ફરજ ઉપર જોડાઇ ગયાં. તો કેટલાક આરોગ્ય કર્મચારીઓના ઘરે સારા-નરસાં પ્રસંગો બની ગયાં છતાં પોતાની ફરજને અગ્રિમતા આપી તેઓએ સાચા દેવદૂત બનીને કોરોનાના દર્દીઓની સેવા કરી છે. કોરોનામુક્ત થનારા દર્દીઓ જ્યારે પુનઃ પોતાના ઘરે જાય ત્યારે આવા કોરોના વોરિયર્સને અંતરથી આશીર્વાદ આપી તેમના સરાહનીય કાર્ય કરનારાને બિરદાવી રહ્યાં છે. જે સાબીત કરે છે કે રાજ્ય સરકારે 45થી 60 વર્ષના સમુદાયના રસીકરણ અભિયાનની સાથે દર્દીઓને પણ કોરોનામુક્ત કરવા માટે ઉત્તમ કાર્યનીતિ અપનાવી છે. ●

# કોરોના સામેની લડાઈ
# મક્કમતાથી લડી રહી છે ગુજરાત સરકાર





માસ્ક પહેરો

હાથ વારંવાર સાબુ કે સેનેટાઈઝરથી સાફ કરો

બે મીટરનું અંતર રાખો

## રેમડેસિવીર ઈન્જેક્શન વિશે આટલું જાણો

- રેમડેસિવીર ઈન્જેક્શન એ કોરોનાની પ્રમાણિત કરેલી દવા નથી. જ્યારે દર્દીનું ઓક્સિજનનું પ્રમાણ ઘટે અને શ્વાસ લેવામાં વધારે તકલીફ પડે તો જ આની જરૂર પડે છે
- ડોક્ટરની સલાહથી જ રેમડેસિવીર ઈન્જેક્શન લો. રેમડેસિવીરનો બિનજરૂરી ઉપયોગ કિડની અને લીવરને નુકશાન કરી શકે છે
- કોરોનાના કેસમાં થયેલા વધારાના કારણે આ ઈન્જેક્શનની માંગ અચાનક વધી છે તેથી રેમડેસિવીરની માંગને પહોંચી વળવા થોડો સમય લાગી શકે છે
- ૧ એપ્રિલથી ૧૫ એપ્રિલ સુધીમાં કુલ ૫,૬૭,૦૦૦ રેમડેસિવીર ઈન્જેક્શનની ખરીદી કરી તેનું વિતરણ કરવામાં આવ્યું

**હોસ્પિટલમાં કોરોના બેડની સંખ્યા ૭૫,૩૬૯**

**રાજ્યમાં અત્યાર સુધીમાં વેક્સિનના ૧,૦૦,૨૯,૨૫૧ ડોઝ અપાયા**

## માસ્ક વ્યવસ્થિત રીતે પહેરીએ...

# જો માસ્ક નીચે, તો કોરોના ઉપર...



## ઘરની બહાર જ્યારે પણ નીકળો, માસ્ક બરોબર પહેરો.

R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦